પ્રમાણભૂતતા અને સાહિત્યિક દૃષ્ટિકોણથી

વચનામૃતની વિશેષતાઓ





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી
આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે.
જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી
આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.
ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી.
સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો
વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.
સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે.
ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય,
વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી
માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે.
રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ
તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી
સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.),
ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા)
વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને
માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.
ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું
નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય
મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ,
વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

પ્રમાણભૂતતા અને સાહિત્યિક દૃષ્ટિકોણથી

વચનામૃતની વિશેષતાઓ

લેખક
સાધુ જ્ઞાનાનંદદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUTNI VISHESHATAO (Gujarati Edition)

By Sadhu Jnananda ddas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
July 2019. Copies: 7,000

Copyright: © SWAMINARAYAN AKSHARPITH
All rights reserved. No part of this book may be used or reproduced in any form or by any means without permission in writing from the publisher, except for brief quotations embodied in reviews and articles.

ISBN: 978-81-7526-923-1

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

કોપીરાઈટ : © સ્વામિનારાયણ અક્ષરપીઠ
આ પુસ્તકના અંશો કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પૂર્વ પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૨૦૧૯

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂા. ૨૦-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત **રૂા. ૨૫-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્‌ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો. એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્‌ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે. સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના

લેખકનો હાર્દિક આભાર માને છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– **સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
ગુરુપૂર્ણિમા, વિ.સં. ૨૦૭૫

ક્રમિકા

પૂર્વભૂમિકા

વિશ્વમાં સૌપ્રથમ જ્ઞાનનો સૂર્ય જ્યાં ઉદિત થયો તે આર્યાવર્તની મહાન ભૂમિ ધન્ય છે. પરમાત્મા દ્વારા પ્રાપ્ત જ્ઞાનને સ્વાનુભવ દૃષ્ટિથી ઝીલીને આપણા પ્રાચીન ઋષિઓએ માનવને સભ્યતાના આભૂષણ પહેરાવીને અંતે આત્મકલ્યાણ તરફ દોરી જતાં શાસ્ત્રોની રચના કરી. 'शास्ति च त्रायते इति शास्त्रम्' – શાસન અને સંરક્ષણ કરે તે શાસ્ત્ર! માનવ-જીવનની બધી જ ભાવનાઓ અને ક્રિયાઓને નિયંત્રિત કરી સમુન્નત જીવન જિવાડતાં, શાશ્વત સુખનાં મૂળ સમાં આ શાસ્ત્રો ભારતવર્ષનો અમૂલ્ય નિધિ છે.

આમ, ઉચ્ચ જીવન તરફ પ્રગતિ સાધવાની વાત હોય કે પછી સંશયોના અંધકારમાંથી બહાર નીકળવાની ઇચ્છા હોય; દૈનિક વિધિવિધાનોની પૂર્ણતાનો પ્રસંગ હોય કે પછી જીવનનું અંતિમ લક્ષ્યનિર્ધારણ હોય; સાધક માટે સાધનાનો આરંભ હોય કે સિદ્ધનું આદર્શ જીવન હોય; ભારતીય સનાતન શાસ્ત્રોએ સર્વને યથાયોગ્ય માર્ગદર્શન આપ્યું છે.

આ સનાતન શાસ્ત્રોમાંથી અધ્યાત્મના પૂર્ણ તેજથી આલોકિત વિવિધ કળાઓ અને વિજ્ઞાનની શાખાઓ સમગ્ર વિશ્વમાં પ્રસરવા લાગી. ભારતીય શાસ્ત્રોની શક્તિ અને તેના આધારે જીવનયાપન કરતી પ્રજાની સમૃદ્ધિએ વિદેશીઓને પણ આકર્ષ્યા. તેઓએ જાણ્યું કે ભારતની સમૃદ્ધિનું મૂળ તેનાં શાસ્ત્રો છે. આમ, વિદેશીઓ દ્વારા શાસ્ત્રોનો અભ્યાસ હાથ ધરાયો. તેનું વૈજ્ઞાનિક રીતિથી મૂલ્યાંકન કરવામાં આવ્યું. તેમાં પણ વૈદિક સાહિત્ય સમગ્ર વિશ્વનું સૌથી પ્રાચીન સાહિત્ય સિદ્ધ થયું. પરિણામે, ધર્મ અને અધ્યાત્મ માર્ગનું કેન્દ્ર ભારત હતું તે સૌને સ્વીકારવું પડ્યું.

આમ છતાં કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો કે તેમને અનુસરતા ભારતીય

વિદ્વાનોએ વિશાળ વૈદિક વાંગ્મયનું ગૌરવ હણવાનો પ્રયાસ પણ કર્યો. તેમણે કરેલા એવા પ્રયાસોમાંનો એક પ્રયાસ એટલે 'હિંદુશાસ્ત્રમાં ઐતિહાસિકતા નથી' એવો આરોપ. 'હિંદુઓમાં ઇતિહાસની ગમ નથી' – એમ કહી કહીને વિશ્વફલક ઉપર ભારતીય શાસ્ત્રોનું અવમૂલ્યન કરવા લાગ્યા.

જો કે હકીકત કંઈક અલગ છે. ભારતવર્ષમાં માત્ર સો-બસો વર્ષો નહીં પણ ઇતિહાસકાળના આરંભથી ભારતીયો નોંધ રાખતા આવ્યા છે. તેની વિશેષ વિગતો રજૂ કરવાનું અહીં સમયોચિત નથી, પરંતુ એ હકીકત છે કે ભગવાન સ્વામિનારાયણ દ્વારા વચનામૃત ગ્રંથ તેનું એક ઉત્તમ ઉદાહરણ છે. પાશ્ચાત્ય ઇતિહાસકારોને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી શકે એટલી સૂક્ષ્મ ઐતિહાસિક વિગતો વચનામૃત ગ્રંથમાં ઉલ્લિખિત છે, ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત વચનામૃત ગ્રંથ વિશ્વ ઇતિહાસના વિશાળ પટ પર ઉત્કીર્ણ કાલજયી શિલાલેખ છે.

અતઃ વચનામૃતની ઐતિહાસિક પ્રમાણભૂતતાના લેખન પૂર્વે આપણે તે વખતની વૈશ્વિક પરિસ્થિતિનું નિદર્શન માણીએ.

વચનામૃતકાલીન વૈશ્વિક પૃષ્ઠભૂમિ

વચનામૃતનો સમય એટલે કે તેના ઉદ્‌ગાતા પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનો સમય! ૩ એપ્રિલ, ૧૭૮૧(સંવત ૧૮૩૭, ચૈત્ર સુદ ૯)ના રોજ થયેલા અવતારીનું અવતરણ કંઈ બહુ લાંબો સમયગાળો ન કહેવાય. ત્યારથી માંડીને ભગવાન સ્વામિનારાયણના ધામગમન (જેઠ સુદ દશમ, સંવત ૧૮૮૬, ૧-૬-૧૮૩૦) સુધીની કાલાવધિ બહુ જ સ્પષ્ટ રીતે નોંધાયેલી છે. આ સમયે ભારત અને વિશ્વના ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન આવી રહ્યું હતું. એ સમયપટ દરમ્યાન જગતના ઇતિહાસ પર પોતાની છાપ મૂકી જનાર રાજપુરુષો, શોધકો, સાહિત્યકારો વગેરેની પ્રવૃત્તિ પણ નોંધપાત્ર રહી હતી.

આ સમયમાં સમગ્ર વિશ્વમાંથી રાજાશાહીનો અસ્ત અને પ્રજાશાહીનો ઉદય થઈ રહ્યો હતો. ભગવાન સ્વામિનારાયણના જન્મ પછી બે વર્ષમાં જ ઇંગ્લૅન્ડમાં વિલિયમ પિટ[૧] નામનો ૨૪ વર્ષનો નવયુવાન વડાપ્રધાન બન્યો

---

૧. *The English Experience: A Survey of English History from Early to Modern Times* by John Bowle (1971).

હતો. એ જ અરસામાં, સન ૧૭૮૯માં ફ્રાંસમાં રાજ્યક્રાંતિ થઈ અને આપખુદી તથા વિલાસમાં રચ્યાપચ્યા રહી, પ્રજાની યાતનાઓ તરફ આંખ-મીંચામણાં કરનાર રાજવંશ ખતમ થઈ ગયો. રાજા લૂઈ સોળમા અને રાણી એન્ટોઈનિટીનો સન ૧૭૮૯માં વધ કરાયો. ત્યારપછી જ નેપોલિયન બોનાપાર્ટ નામનો સિતારો મધ્ય ગગનમાં ઉદય પામ્યો.

આ બાજુ અમેરિકાની પ્રજા પણ ફ્રાંસ અને ઇંગ્લૅન્ડની ગુલામીથી ત્રાસી ગઈ હતી. ત્યાં પણ સ્થાનિક પ્રજાએ બળવો પોકાર્યો. જ્યોર્જ વૉશિંગ્ટનની નેતાગીરી હેઠળ સન ૧૭૭૬માં અમેરિકાનો સ્વાતંત્ર્યનો ઢંઢેરો જાહેર થયો *(પ્રોક્લેમેશન ઑફ અમેરિકન ઇન્ડિપેન્ડન્સ).* એના ક્રમિક પરિણામરૂપે અમેરિકામાંથી પણ વિદેશી સત્તાનો સંપૂર્ણ અંત સન ૧૭૮૪માં આવ્યો.

આમ, એક પછી એક મોરચે પછડાટ ખાતા યુરોપના દેશોની હાલત વિષે લખાયું છે – *'યુરોપ ખંડ ત્યારે નેપોલિયનની પચીસ વર્ષની યુદ્ધ પ્રવૃત્તિઓના પરિણામે ખંડેર જેવો લાગતો હતો. દેશો અવ્યવસ્થિત હતા અને ધર્મઝનૂન વ્યાપક હતું.'*[૨]

આ સાથે જ યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિએ સમાજજીવનનું નિર્ણાયક પરિવર્તન કર્યું હતું. સન ૧૭૮૫ બ્રિટનમાં પાવરલૂમની શોધ થઈ. ૧૭૯૦ના દાયકામાં વરાળથી ચાલતી કાપડ મિલો અસ્તિત્વમાં આવી. ૧૭૮૦માં જેમ્સવોટે શોધેલ વરાળ એન્જિનથી ફાયર એન્જિન અને ફાયર પંપ ચાલતા થયા.[3] વળી, સામાજિક જીવનમાં વર્તમાનપત્રો પણ બહુ ભાગ ભજવે છે. તે સમયમાં શરૂ થયેલું બ્રિટનનું વર્તમાનપત્ર *'ધ ઓબ્ઝર્વર'* (સન ૧૭૮૧, ભગવાન સ્વામિનારાયણનું જન્મવર્ષ) આજે પણ રવિવારનું ખ્યાતનામ અખબાર છે.

સન ૧૮૧૨માં જન્મેલા બ્રિટનના સમર્થ સાહિત્યકાર અને નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સ, ભગવાન સ્વામિનારાયણે આ લોકની લીલા સંકેલી સ્વધામ-ગમન કર્યું ત્યારે ૧૮ વર્ષના યુવાન હતા.

એ જ પ્રમાણે વીસમી સદીમાં પણ, જેની વિચારસરણી જગતના ઘણા દેશોમાં રાજક્રાંતિ સર્જવામાં નિમિત્ત બની છે, સન ૧૮૧૮માં રશિયાના

---

૨. સ્વામિનારાયણ સંપ્રદાય અને તેની અસરો; લે. ડૉ. એલ. બી. રાઠોડ, પૃ. ૭૫.

૩. *The English Experience* by John Bowle; P. 408.

યહૂદી કુટુંબમાં જન્મેલા સામ્યવાદના આદ્ય પ્રણેતા કાર્લ માર્ક્સ, સ્વામિનારાયણ ભગવાનના સ્વધામગમન સમયે ૧૨ વર્ષના કિશોર હતા.

આ જ અરસામાં, અબ્રાહમ લિંકન (જન્મ : સન ૧૮૦૯; રાષ્ટ્રપ્રમુખ, અમેરિકા) જેવા અનેક રાજનેતાઓ અને મહાપુરુષો વિશ્વ-ઈતિહાસમાં નોંધપાત્ર સ્થાન પામ્યા હતા.

વચનામૃતની કાલાવધિમાં ભારતનો પરિવેશ

આ સમયની ભારતીય તવારીખોમાં ખાસ્સી રાજકીય ધાર્મિક અને વૈચારિક ઊથલપાથલ નજરે પડે છે. કેન્દ્રિય સત્તા તરીકે જેનો સિતારો અગાઉના સૈકાઓમાં બુલંદ રહ્યો હતો, તે મોગલ સત્તા માત્ર નામની કેન્દ્રિય હકૂમત બની ગઈ હતી. ઇંગ્લૅન્ડની 'ઈસ્ટ ઇન્ડિયા' કંપની જે વેપાર અર્થે ભારતમાં આવી હતી, તે આ અંધાધૂંધીનો લાભ લઈ, ભારતના જુદા જુદા ભાગોમાં 'કંપની સરકાર'ના નામે સત્તાની જમાવટ કરી રહી હતી. રોબર્ટ ક્લાઇવના નેતૃત્વમાં સન ૧૭૫૭માં પ્લાસીનું યુદ્ધ જીતીને બંગાલ, બિહાર, અને ઓરિસ્સા કબજે કર્યું. 'મૈસૂરનો વાઘ' કહેવાતો ટીપુ સુલતાન પણ અંગ્રેજો સામે લડતાં મર્યો. પરિણામે, તે રાજ પણ અંગ્રેજોના આધીન થયું.

દક્ષિણ ભારતની બચેલી એકમાત્ર મરાઠા સત્તા પેશવાઈનો અંત પણ અંગ્રેજોએ સન ૧૮૧૭માં આણી દીધો.

આ સાથે જ સમગ્ર ભારત અંગ્રેજોની ગુલામીમાં જકડાતું ગયું. મુઠ્ઠીભર અંગ્રેજોએ દરેક રાજ્યના સમાંતર ભાગલા પાડીને અંદરોઅંદર કુસંપ કરાવી, પાયમાલ કરી, હડપી લેવાની નીતિ ચલાવી.

આખું ભારતવર્ષ નાનાં નાનાં રજવાડાંઓમાં વહેંચાઈ ગયું. આ રજવાડાં અંગ્રેજોને આધીન રહેતાં. રાજાઓ કઠપૂતલી બની ચૂક્યા હતા અને પ્રજા ખુવાર!

અંગ્રેજોનું શાસન પૂર્ણપણે સ્વાર્થી હતું. રાજ્યની સત્તા, સંપત્તિ અને સૈનિક-સંખ્યા પર પૂર્ણ અધિકાર હોવા છતાં, પ્રજાનું પાલન જે તે કંગાલ રાજા પર નાંખી દેતા. આથી, જનતા શોષણનું સાધન બનતી ગઈ.

પ્રજા પર કરવેરા નાખવાનું કોઈ ધોરણ નહોતું. લશ્કરની હેરફેરને કારણે ગરીબ ખેડૂતોના ઊભા પાક નાશ પામતા. દુષ્કાળની છાયામાં ઊછરતી

પ્રજાને અનેક બિમારીઓ મહામારીરૂપે થયા જ કરતી. આવી અંધાધૂંધીમાં, જેના હાથમાં થોડી પણ સત્તા હોય એની જોહુકમી ચાલતી. તેઓને જે ક્ષણે જે સૂઝી આવતું તે જ કાયદો ગણાતો. વળી, આ સમયે ઉત્તર ભારતમાં ઠગ અને પીંઢારાઓનો ત્રાસ વધતો ગયો. આ ઠગો નિર્દોષ યાત્રાળુઓને લૂંટીને તેમની કરપીણ હત્યા કરી દેતા.

સમગ્ર ઉત્તર ભારતમાં આ ઠગોએ દહેશત જન્માવી હતી. સામાન્ય પ્રજા અને રજવાડાંઓની વાત તો દૂર, પણ અંગ્રેજ અમલદારોને પણ મોતને ઘાટ ઉતારી દેતો એક કુખ્યાત, ઠગોનો સરદાર અમીર અલી અંતે પકડાયો. તેણે સ્વીકાર્યું કે તેણે એકલાએ રેશમી રૂમાલથી ગળે ફાંસો આપીને ૭૫૦ માણસોની હત્યા કરી હતી.[૪]

આવા સંજોગોમાં પ્રજાના આચાર-વિચારમાં શિથિલતા આવે એમાં આશ્ચર્ય જેવું નથી. જીવનનાં સાચાં મૂલ્યો ભુલાઈ જવાં લાગ્યાં અને વહેમ, જંત્ર-મંત્ર, બાધા-આખડી, માદક પદાર્થોનું સેવન જેમ જેમ વધ્યું તે સાથે છળ, કપટ, જૂઠાણું, વિશ્વાસઘાત વગેરે દુર્ગુણોમાં પણ ભરતી આવી. અંધશ્રદ્ધા, અજ્ઞાન અને અર્થવિહીન રૂઢિઓના પાશમાં ફસાયેલી પ્રજા સંસ્કાર-શૂન્ય થઈ ચૂકી હતી. આમાંથી છોડાવવાનું જેમનું કર્તવ્ય હતું એવા કેટલાક ધર્મગુરુઓ અને સાધુઓ પણ વિવેક અને નીતિથી ભ્રષ્ટ થઈ ચૂક્યા હતા. તેઓ પોતાની સ્વાર્થસિદ્ધિ માટે પ્રજાને ભરમાવીને પોતાની લાલસાને છિપાવતા હતા. આવા ગંજેરી અને ભંગેરી બાવાઓ, પ્રજામાં જોર અને જુલમ વધારી રહ્યા હતા. તેઓ તીડની જેમ ગામ પર ચડી આવતા અને અનૈતિક માંગણીઓથી ગ્રામવાસીઓને રંજાડતા.[૫]

સામાજિક દૃષ્ટિએ પણ ભારતની પ્રજા અનેક જુનવાણી રીતરિવાજના ભરડામાં પિસાઈ રહી હતી. કન્યાનો જન્મ અભિશાપની શ્રેણીમાં આવતો. બાળલગ્ન અને સતીપ્રથાનાં તીક્ષ્ણ શૂળ મહિલાઓની હીન અને દયનીય દશાને અભિવ્યક્ત કરતાં હતાં. આ સાથે જ, નાત-જાતના ભેદ અને છૂત-અછૂતની વિષાક્ત દીવાલે સંપૂર્ણ સમાજને સદાયને માટે વિભાજિત કરી દીધો હતો. શિક્ષણ અને શાસ્ત્રજ્ઞાન પણ કેવળ ઉચ્ચ વર્ગ સુધી સીમિત બન્યું.

---

૪. *Confessions of Ameer Ali.*

૫. ધી સંન્યાસીસ ઑફ મૈમનસિંહ; લે. જામિની મોહન ઘોષ, પૃ. ૨૨-૨૩.

ઉદ્યમશીલતા અને શ્રમનું ફળ જાગીરદારોના હાથમાં જતાં, સામાન્ય પ્રજા આળસુ અને નિર્વીર્ય બનતી ગઈ.

આવા કપરા કાળમાં ભગવાન સ્વામિનારાયણનાં અમૃતવચનો પ્રજાના કલ્યાણ માટે વહ્યાં હતાં, જે વચનામૃતરૂપે પ્રસિદ્ધ થયાં.

ગુજરાતનો પરિવેશ

ભગવાન સ્વામિનારાયણે જે ભૂમિને પોતાની કર્મભૂમિ તરીકે પસંદ કરી તે ગુર્જર ધરામાં પોપાબાઈનું રાજ ચાલી રહ્યું હતું.[૬] રાજનૈતિક દૃષ્ટિએ અરાજક, સામાજિક દૃષ્ટિએ છિન્ન-વિચ્છિન્ન, આર્થિક દૃષ્ટિએ કંગાલ અને ધાર્મિક દૃષ્ટિએ અંધશ્રદ્ધાનું કેન્દ્ર બનેલી ગુજરાતની ભૂમિ અશાંત અને ઉદ્વિગ્ન હતી. આમ, વિશ્વ, ભારત અને ગુજરાતની વચનામૃતની સમકાલીન પરિસ્થિતિ વિગતવાર ભારતીય અને બ્રિટિશ અધિકારીઓએ નોંધી છે. જ્યારે વચનામૃત લખાતું હતું તે સમયે સમગ્ર વિશ્વમાં જે પ્રકારની પરિસ્થિતિ હતી, તે તેનું જ્ઞાન વચનામૃતની ઐતિહાસિકતાને સમજવામાં મદદરૂપ થશે. તે સમયના બ્રિટિશ ગેઝેટિયર, અખબારો અને પર્યટકોની ડાયરીમાં થયેલી કેટલીક નોંધોમાં ભગવાન સ્વામિનારાયણ અને જે તે અંગ્રેજ અધિકારીઓની વચ્ચે થયેલા પ્રસંગો બહુ જ ઝીણવટથી લખાયા છે. આ વિગતો દ્વારા પણ વચનામૃતની ઐતિહાસિકતાને યોગ્ય રીતે સમજી શકાય એમ છે.[૭]

પ્રસ્તુત પુસ્તકના પૂર્વ ભાગમાં વચનામૃત ગ્રંથની ઐતિહાસિક પ્રમાણભૂતતા અને ઉત્તર ભાગમાં વચનામૃતની સાહિત્યિક વિશેષતાઓને વિવિધ દૃષ્ટિકોણથી સમજાવવામાં આવી છે. આ બન્ને વિષયો પર પૂર્વ-સૂરિઓએ ખૂબ જ ખેડાણ કર્યું હતું, તેથી આ પુસ્તકનો પથ અત્યંત સુગમ બનતો ગયો. આ સાથે જ, અન્ય સાંપ્રદાયિક ગ્રંથોનો પણ સહકાર પ્રાપ્ત કરીને અહીં લેખિની ગતિમાન બની છે. આ સૌનો આભાર.

---

૬. સહજાનંદ સ્વામી; કિશોરલાલ મશરૂવાળા, પૃ. ૩-૪. (૧૯૨૬માં પ્રકાશિત)

૭. ભગવાન સ્વામિનારાયણ : જીવન અને કાર્ય.

વચનામૃતની પ્રમાણભૂતતા

૧. વિષય પ્રવેશ

'વચનામૃત એક અનુપમ ગ્રંથ છે'[૮] – જાણીતા સાહિત્યકાર ચંદ્રવદન ચી. મહેતાના આ શબ્દોની સાથે જ, ધર્મ વિષયના પ્રાધ્યાપક અને વિદ્વાન મનીષી મણિલાલ પારેખ પણ કહે છે : 'સમગ્રપણે જોતાં 'વચનામૃત' હિંદુ શાસ્ત્રમાં એક સર્વોત્તમ ગ્રંથ છે.'[૯]

ધર્મ અને સાંપ્રદાયિક રીતે તટસ્થ આવા વિદ્વાનો શા માટે આ ગ્રંથને અદ્વિતીય અને અનુપમ કહે છે ? ઘણાં કારણોમાંનું એક કારણ છે – વચનામૃત ગ્રંથની ઐતિહાસિકતા. વિદ્વાનોએ ઐતિહાસિકતાને એક સબલ પ્રમાણ માન્યું છે. બધા પ્રમાણોનાં નામ આ મુજબ છે :

● પ્રમાણોનાં નામ

૧. પ્રત્યક્ષ	૪. ઉપમાન	૭. સંભવ
૨. અનુમાન	૫. અર્થાપત્તિ	૮. ઐતિહ્ય
૩. શબ્દ	૬. ઉપલબ્ધિ	

આમાં જે અંતિમ પ્રમાણ 'ઐતિહ્ય' તે જ ઐતિહાસિક પ્રમાણ.

પ્રાચીન ધર્મશાસ્ત્રો તથા આજનાં ન્યાયાલયોમાં પણ આ લેખિત દસ્તાવેજી ઐતિહ્ય પ્રમાણને ઉત્કૃષ્ટ ગણવામાં આવે છે.

વચનામૃત ગ્રંથના સંદર્ભમાં આ ઐતિહ્ય પ્રમાણ એ અતિ મહત્ત્વપૂર્ણ એટલા માટે થઈ જાય છે કે આ ગ્રંથ મૂલતઃ તત્ત્વજ્ઞાનનો ગ્રંથ છે. તત્ત્વજ્ઞાન

---

૮. સ્વામિનારાયણ સંત સાહિત્ય; પૃ. ૮૬.

૯. શ્રી સ્વામિનારાયણ; પૃ. ૧૯૯.

વાદવિવાદનો વિષય નહીં, પણ જીવન જીવવાનો વિષય છે. જીવન-ઉદ્ધારનો અને મોક્ષપ્રાપ્તિનો વિષય છે'.[૧૦]

કોઈ પણ વિષય જ્યારે જીવન સાથે સંકળાય છે ત્યારે તેની પ્રમાણભૂતતા ચોક્કસ તપાસાય છે. આધ્યાત્મિક માર્ગ પર ચાલતા મુમુક્ષુ માટે અનેક ગ્રંથોમાં અનેક સાધનાઓનો નિર્દેશ હોય છે, પણ તેને તેના અંતિમ લક્ષ્ય તરફ લઈ જાય એવી સાધનાનું અનુકરણ ત્યારે જ એ કરી શકશે જ્યારે તે સાધનાની પ્રમાણભૂતતા તરફથી તેનું હૃદય નિઃસંશય હોય!

સ્પષ્ટ છે કે વચનામૃત તો સાધનાનો પણ ગ્રંથ છે.[૧૧] એટલે તેની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતાને આ ઐતિહ્ય પ્રમાણ ચોક્કસ ટેકો આપે છે.

પ્રસ્તુત પુસ્તકના પૂર્વ ભાગમાં વચનામૃત ગ્રંથની ઐતિહાસિકતાને આપણે અનેક દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયત્ન કરીએ. ત્યારપછી ઉત્તર ભાગમાં વચનામૃતની સાહિત્યિક વિશેષતાઓને જાણીશું.

૨. પ્રમાણભૂતતા : નિશ્ચિત તિથિ-માસ-વર્ષના આધારે

વિશ્વ ઇતિહાસમાં વચનામૃત ગ્રંથ તેની અદ્‌ભુત ઐતિહાસિક નોંધ સાથે અદ્વિતીય ઠરે છે. જે રીતે વચનામૃતમાં તિથિ, માસ અને વર્ષનો સ્પષ્ટ ઉલ્લેખ થયો છે, તે સિદ્ધ કરે છે કે વચનામૃત ગ્રંથમાં સૂક્ષ્મથી સૂક્ષ્મ બાબતો પણ પરમ પ્રમાણભૂત તથ્યો છે. આટલી સ્પષ્ટ રીતે નોંધાયેલાં તવારીખ, સ્થાન, આસપાસનું વાતાવરણ, પોષાકનું વર્ણન વગેરે ભાગ્યે જ કોઈ આધ્યાત્મિક શાસ્ત્રમાં થયું હશે!

૨.૧ પ્રત્યેક વચનામૃતના પ્રારંભમાં આવતું વર્ણન

(૧) ઉપદેશનાં વર્ષ, માસ, પક્ષ અને તિથિની નોંધ થયેલી છે.
દા.ત. કયા વર્ષ(સં. ૧૮૭૬, સં. ૧૮૭૭, સં. ૧૮૭૮...)ના, કયા માસ(કારતક, માગશર...), કયા પક્ષ(સુદ કે વદ)માં, કઈ તિથિ (પ્રતિપદા, બીજ, ત્રીજ...)
▪ **ગ.પ્ર.૧ :** સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૪ ચતુર્થીને દિવસ.

---

૧૦. ભારતીય દર્શનની રૂપરેખાઓ, ભાગ-૧; પૃ. ૩.

૧૧. વચનામૃત રહસ્ય, ભાગ-૪; પૃ. ૧૯.

- **કા.૭ :** સંવત ૧૮૭૭ના કાર્તિક સુદિ ૧ પડવાને દિવસ.
- **મ.૩૨ :** સંવત ૧૮૮૦ના શ્રાવણ સુદિ ૫ પંચમીને દિવસે.
- **અં.૩૯ :** સંવત ૧૮૮૬ના આષાઢ વદિ ૧૦ દશમીને દિવસ.

(૨) ઉપદેશના ગામની નોંધ થયેલી છે...
દા.ત. શ્રીગઢડા મધ્યે, શ્રીસારંગપુર મધ્યે, શ્રીકારિયાણી મધ્યે, શ્રીલોયા મધ્યે, શ્રીપંચાળા મધ્યે, શ્રીવરતાલ મધ્યે, શ્રીઅમદાવાદ મધ્યે, શ્રીઅશ્લાલી મધ્યે, શ્રીજેતલપુર મધ્યે.

(૩) ઉપદેશનાં સ્થાનોની નોંધ થયેલી છે. દા.ત.

૧. દાદાખાચરના દરબારમાં

- વાસુદેવ નારાયણના ઓરડાની હારે જે ઓરડો તેની ઓસરીએ (ગ.પ્ર. ૨૮, ૩૦)
- લીંબડાના વૃક્ષની હેઠે (ગ.પ્ર. ૧૩, ૧૪, ૩૫, ૩૬; ગ.મ. ૧૧)
- પરમહંસની જાયગા (ગ.પ્ર. ૧, ૨૭, ૫૭, ૫૮, ૬૦, ૬૭; ગ.મ. ૧૯)
- અક્ષર ઓરડીએ (ગ.પ્ર. ૬૫)
- જારની ખાણ ઉપર (ગ.મ. ૩૫)

૨. લક્ષ્મીવાડીએ (ગ.મ. ૧૦, ૩૯, ૫૨, ૫૪; ગ.અં. ૩૬)

૩. વરતાલમાં

- ગોમતીજીને કાંઠે આંબાના વૃક્ષ નીચે (વર. ૧, ૨, ૫)
- શ્રી લક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષ હેઠે (વર. ૧૦, ૧૧, ૧૨)
- શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની આગળ મંચ ઉપર (વર. ૬, ૭, ૮, ૯)

૪. શ્રીજીમહારાજે કેવાં વસ્ત્રાભૂષણો ધારણ કર્યાં હતાં, તેની નોંધ કરેલી છે. દા.ત.

- માથે ધોળી પાઘ બાંધી હતી અને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી ચાદર ઓઢી હતી અને પીળાં પુષ્પના તોરા પાઘમાં વિરાજમાન હતા અને બે કાન ઉપર પીળાં પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા અને તે ગુચ્છની ઉપર ગુલાબનાં

પુષ્પ વિરાજમાન હતાં અને કંઠને વિષે પીળાં પુષ્પના હાર વિરાજમાન હતા... (ગ.પ્ર. ૧૪)

- સોનેરી બુટ્ટાદાર રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો અને નરનારાયણ, સ્વામિનારાયણ નામે અંકિત એવા કાળા કિનખાબની ડગલી પહેરી હતી અને માથા ઉપર સોનેરી તારના ફરતા છેડાની કસુંબલ પાઘ બાંધી હતી અને આસમાની રંગનો ફેંટો કમરે કસીને બાંધ્યો હતો અને કંઠને વિષે પીળાં પુષ્પના હાર ધારણ કર્યા હતા... (કા. ૬)

૫. ક્યારેક ભગવાન સ્વામિનારાયણ કોઈ વિશિષ્ટ લીલા કરતા હોય તો તેની પણ નોંધ થયેલી છે... દા.ત.

- ગાદીતકિયા ઉપર ઉદાસ થઈને બેઠા, તે કોઈને બોલાવે પણ નહીં અને કોઈ સામું જુએ પણ નહીં. અને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો તે છૂટીને શિથિલ થઈ ગયો તેને પણ સંભારે નહીં. એવી રીતે એક ઘડી સુધી અતિશય ઉદાસ થઈને બેસી રહ્યા અને નેત્રમાંથી જળ પડવાં લાગ્યાં. (ગ.મ. ૧૯)
- પછી સ્નાન કરીને ને શ્વેત વસ્ત્રનું ધારણ કરીને પોતાના આસન ઉપર વિરાજમાન થયા અને પોતાનું દેવાર્ચનાદિક જે નિત્યકર્મ તેને કરીને ઉત્તરાદે મુખે શ્રીકૃષ્ણ ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હતા. તે પ્રતિદિન જેટલા દંડવત્ પ્રણામ કરતા તેથી તે દિવસે તો પોતે એક દંડવત્ પ્રણામ અધિક કર્યો. (ગ.મ. ૪૦)

૬. સભામાં સામે કોણ ઉપસ્થિત છે, તેની નોંધ પણ થયેલી છે. દા.ત.

- પોતાની આગળ સાધુ ઝાંઝ, પખાજ લઈને કીર્તન ગાતા હતા અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશ-દેશના સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી. (ગ.પ્ર. ૨૧)
- મુખારવિંદની આગળ મુક્તાનંદ સ્વામી આદિક મોટેરા સાધુ ચાર તથા પચાસને આશરે હરિભક્તોની સભા

ભરાઈને બેઠી હતી. (ગ.પ્ર. ૭૩)

3. પ્રમાણભૂતતા : ભૌગોલિક સ્થાનોના આધારે

વચનામૃતમાં ઉલ્લિખિત તમામ સ્થાનોની હયાતી આજે પણ મળી આવે છે. આ બાબતે વચનામૃત ગ્રંથની પ્રમાણભૂતતા અધિક સુદૃઢ બની રહે છે. ભૌગોલિક દૃષ્ટિએ વચમામૃતમાં ઉલ્લિખિત દેશ, રાજ્ય, નદી, સરોવર, ધાર્મિક સ્થાનો કે ગામ-શહેરો એ જ નામ અને સ્થિતિ સાથે મળી આવે છે. ભલે તેમનાં સ્વરૂપોમાં આજે અવશ્ય વધઘટ થઈ છે, છતાં તેમની મૂળભૂત સ્થિતિ અને વિગત તે જ રૂપમાં મળી આવે છે.

તે જ રીતે ભગવાન સ્વામિનારાયણે જે ગામમાં, જે સ્થાનમાં રહીને વચનામૃત ઉદ્‌બોધ્યાં છે, તે સ્થાનો પર જઈને આજે પણ દર્શન કરી શકાય છે.

તે સ્થાનોનો સંક્ષેપમાં પરિચય પ્રાપ્ત કરીએ...

● ગઢડા

ગુજરાતમાં બોટાદ જિલ્લાનું ગઢડા નગર આજે પણ સ્વરૂપ અને આકારમાં યથાવત્ છે. બસો વર્ષ પૂર્વેના ગુજરાતનાં અનેક નગરો હાલ મહાનગરોનાં સ્વરૂપે અત્યંત વિસ્તૃત અને ગીચ થયાં છે, પરંતુ ગઢડા નગરમાં પ્રમાણમાં ખૂબ જ થોડો આધુનિકતાનો રંગ લાગ્યો છે. આજે પણ અહીં ઘણાં જૂનાં મકાનો અને મુખ્ય માર્ગો યથાવત્ જળવાઈ રહ્યાં છે. ઔદ્યોગીકરણનો અભાવ આનું કારણ હોઈ શકે.

ભગવાન સ્વામિનારાયણે લગભગ ૨૫ વર્ષ અહીં રહીને આ નગરને અતિ પ્રસાદીભૂત કર્યું છે. ભાવનગર રિયાસત નીચે આવતાં ૭ ગામનો વિસ્તાર એભલ બાપુને આધીન હતો. તેમના પુત્ર દાદાખાચરને ત્યાં ભગવાન સ્વામિનારાયણ રહ્યા અને સમગ્ર દરબારગઢને જીવંત તીર્થ બનાવી દીધું.

આજે પણ દાદાખાચરનો આ દરબાર સારી સ્થિતિમાં છે. ૧૯ જૂન, ૧૯૯૬માં આવેલા તીવ્ર વાવાઝોડાથી પ્રાચીન લીમડાનું વૃક્ષ સમૂળ ઊખડી ગયું હતું, પછી તે જ લીમડાની ડાળ-બીજને પુનઃ રોપવામાં આવ્યાં. આજે આ નીમવૃક્ષ સૌને દૃષ્ટિગોચર થાય છે.

આ જ દરબારમાં દક્ષિણ દિશામાં ભગવાન સ્વામિનારાયણે ગોપીનાથ

દેવ મંદિર બંધાવ્યું હતું, જે આજે પણ એક પ્રખ્યાત મંદિર અને મહત્ત્વનું તીર્થસ્થાન છે. કુલ ૨૬૨ વચનામૃતોમાં ૧૮૪ વચનામૃત ગઢડાનાં છે.

ભગવાન સ્વામિનારાયણે દાદાખાચરની ભક્તિથી પ્રસન્ન થઈ ગઢડાને પોતાનું ઘર માન્યું હતું. આજે દાદાખાચરના વંશજોમાં ચાર ભાયાતો – શ્રી હરીશભાઈ, કિરીટભાઈ, ભગુભાઈ અને પ્રતાપભાઈ તેમના પરિવાર સાથે ગઢડામાં નિવાસ કરે છે.

● સારંગપુર

ગુજરાત રાજ્યના બોટાદ જિલ્લાનું સારંગપુર આજે પણ એક ગામડું છે. અહીંના કાઠી દરબાર જીવાખાચરને ત્યાં ભગવાન સ્વામિનારાયણ અવારનવાર પધારતા. ભગવાન સ્વામિનારાયણે અહીં ૧૮ વચનામૃત ઉદ્‌બોધ્યાં હતાં. આ સ્થાન આજે પણ હયાત છે.

જીવાખાચરના પાંચમા વંશજ અને સૌથી વયોવૃદ્ધ એવા હકાખાચર છેલ્લા શ્વાસ સુધી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, સારંગપુરમાં રહ્યા. આજે તેમના પુત્ર જેઠાખાચર અને પૌત્ર પ્રવીણભાઈ, દિનેશભાઈ અને જયરાજભાઈ પણ સારંગપુરમાં નિવાસ કરે છે.

● લોયા

લોયા ગામ વર્તમાનમાં બોટાદ જિલ્લામાં રાણપુર તાલુકામાં આવેલું છે. અહીં સુરાખાચરના દરબારમાં શ્રીહરિએ વચનામૃત ઉદ્‌બોધ્યાં હતાં. આ દરબાર આજે પણ ઘણી સારી સ્થિતિમાં છે. અત્યારે સુરાખાચરના સાતમા વંશજ શ્રી શાંતુભા બાપુ તેમના ત્રણ પુત્રો સહિત લોયામાં જ નિવાસ કરે છે.

● કારિયાણી

ગુજરાત રાજ્યમાં બોટાદ જિલ્લાનું ગામ એટલે કારિયાણી. અહીં વસ્તાખાચરના દરબારમાં બેસીને ભગવાન સ્વામિનારાયણે વચનામૃત સંબોધ્યાં હતાં. આ દરબારગઢ પણ આજે પૂર્ણરૂપે જોઈ શકાય છે. વસ્તાખાચરના વંશજોમાં તેમની છઠ્ઠી પેઢીએ આજે શ્રી જયતુભાઈ ખાચર કારિયાણીમાં વિરાજમાન છે.

● પંચાળા

ગુજરાત રાજ્યમાં જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં સ્થિત પંચાળા ગામ ભગવાન સ્વામિનારાયણની ચરણરજથી અતિ પ્રસાદીભૂત થયું છે. અહીંના ગરાસિયા દરબાર ઝીણાભાઈ સોલંકી વંશના ક્ષત્રિય હતા. આ દરબારગઢ પણ તેના મૂળસ્વરૂપે સચવાયેલો છે. ઝીણાભાઈના પાંચમા વંશજ દિલીપસિંહ નિ:સંતાન અવસાન પામ્યા હતા.

ઝીણાભાઈના સીધા વંશજોમાં અત્યારે કોઈ નથી, પરંતુ તેમના કાકા સુજાનસિંહના વંશજ શ્રી દશરથસિંહ સોલંકી જમનાવાડમાં રહે છે.

● વરતાલ

ગુજરાતનું અતિ ઉપજાઉ ચરોતર ક્ષેત્ર આજે પણ અતિ સમૃદ્ધ પ્રદેશ ગણાય છે. અહીં આણંદ જિલ્લા-મથકનું વરતાલ ગામ, જ્યાં ભગવાન સ્વામિનારાયણે કમળાકાર લક્ષ્મીનારાયણ મંદિર રચી, સન ૧૮૨૪માં હરિકૃષ્ણ મહારાજ નામે પોતાની મૂર્તિની પ્રથમ ખંડમાં પ્રતિષ્ઠા કરી હતી. આ મંદિર આજે પણ મહાન તીર્થધામ તરીકે પ્રસિદ્ધ છે.

અહીં આવેલ ગોમતી તળાવ કિનારે પણ શ્રીહરિએ વચનામૃત ઉદ્‌બોધ્યાં હતાં.

● અમદાવાદ

અમદાવાદમાં જ્યારે અંગ્રેજ રાજ્ય સ્થપાયું ત્યારે પ્રથમ કલેક્ટર શ્રી જહૉન એન્ડ્રુઝ ડનલોપે મંદિર માટે જમીન આપી. અહીં શ્રીહરિએ સન ૧૮૨૨(સંવત ૧૮૭૮)માં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી હતી.

આ મંદિરના પરિસરમાં વિવિધ સ્થાનોએ વચનામૃત ઉદ્‌બોધ્યાં હતાં. આજે આ બધાં જ સ્થાનો જળવાઈ રહ્યાં છે.

૩.૧ વચનામૃતમાં પ્રાપ્ત ભૌગોલિક સ્થાનોની વર્તમાનમાં પ્રાપ્તિ

વચનામૃતમાં અનેક ભૌગોલિક સ્થાનોનો નિર્દેશ કરીને વિવિધ બોધ આપવામાં આવ્યો છે. આ બધાં સ્થાનો વાસ્તવિક છે. વર્તમાન પરિસ્થિતિમાં

આ બધાં જ સ્થાનોને નકશામાં આલેખી શકાય છે, પરિણામ-સ્વરૂપે વચનામૃતની વાતો કલ્પના નથી પણ હકીકત છે, એવી પ્રતીતિ થાય છે.

અહીં ઉદાહરણ-સ્વરૂપે આવાં કેટલાક સ્થાનોની વિગત જોઈએ.

સ્થાન	**વચનામૃતમાં**	**વર્તમાનમાં**
નદી	**સાબરમતી** – અમ. ૩	નદીનું ઉદ્‌ગમ સ્થાન – ઢેબર લેક, રાજસ્થાન. સ્થાન – અરવલ્લીની પર્વત માળા, ઉદયપુર, રાજસ્થાન, ભારત. નદીનું અંતિમ સ્થાન – ખંભાતની ખાડી. લંબાઈ – 371 km (231 mi).
	ગંગા – ગ.મ. ૬	નદીનું ઉદ્‌ગમ સ્થાન – ગંગોત્રી ગ્લેશિયર, સતોપંથ ગ્લેશિયર સ્થાન – ઉત્તરાખંડ, ભારત નદીનું અંતિમ સ્થાન – ગંગાસાગર (બંગાલ) લંબાઈ - 2,525 km (1,569 mi)
	યમુના – ગ.મ. ૧૦; ગ.પ્ર. ૭૩	નદીનું ઉદ્‌ગમ સ્થાન – યમુનોત્રી સ્થાન – બંદેરપોચ, ઉત્તરાખંડ, ભારત નદીનું અંતિમ સ્થાન – ત્રિવેણી સંગમ, પ્રયાગરાજ લંબાઈ - 1,376 km (855 mi)
સરોવર / તળાવ	**કાંકરિયા** – ગ.મ. ૨૨	સ્થાન – મણિનગર, અમદાવાદ, ગુજરાત લંબાઈ – 2.25 km (1.40 mi)
	ખાંપા તલાવડી – ગ.પ્ર. ૩૭	છપૈયા (અયોધ્યા, ઉત્તર પ્રદેશ)
પર્વત	**ગિરનાર** – ગ.પ્ર. ૬૩; ગ.મ. ૪૨; કા. ૮	સ્થાન – જૂનાગઢ, ગુજરાત. ઊંચાઈ – 3383.546 feet (1031 mi)

	ગોવર્ધન – વર. ૧૮	સ્થાન – અનયોર, ઉત્તર પ્રદેશ ઊંચાઈ – 100 feet (30 m)
શહેર (ગ.અં. ૩૯)	સુરત	ગુજરાતનું બીજા નંબરનું મોટું શહેર સીમા – ૩૨૬.૫૧૫ km2 (126.068 sq mi) વસ્તી – ૪૪.૬૭ લાખ (૨૦૧૧)
	અમદાવાદ	ગુજરાતનું પહેલા નંબરનું મોટું શહેર સીમા – ૪૬૪.૧૬ km2 (179.21 sq mi) વસ્તી – ૫૬.૩૩ લાખ (૨૦૧૧)
	વડોદરા	ગુજરાતનું ત્રીજા નંબરનું મોટું શહેર (વસ્તી પ્રમાણે) સીમા – ૪૦૦ km2 (154.44 sq mi) વસ્તી – ૨૦.૬૫ લાખ (૨૦૧૧)
	વડતાલ	આણંદ જિલ્લાનું એક પ્રસિદ્ધ તીર્થ સ્થાન સીમા – ૬ km2 વસ્તી – ૯૭૬૭ (૨૦૧૧)
દેશ અને પ્રાંત (ભૂગોળ-ખગોળનું વચનામૃત)	બંગાળ	ભારતની પૂર્વ દિશામાં આવેલું રાજ્ય સીમા – ૨૩૬,૩૨૨ km2 (91,244 sq mi) વસ્તી – ૯.૧૩ કરોડ (૨૦૧૨) ભાષા – બંગાળી
	નેપાળ	ભારતની ઉત્તર દિશામાં આવેલો દેશ સીમા – ૧૪૭,૧૮૧ km2 (56,827 sq mi) વસ્તી – ૨.૯૩ કરોડ (૨૦૧૬) ભાષા – નેપાલી
	ભુટાન	ભારતની ઉત્તર દિશામાં આવેલો દેશ સીમા – ૩૮,૩૯૪ km2 (14,824 sq mi) વસ્તી – ૮.૦૮ લાખ (૨૦૧૭) ભાષા – ઝોંગખા

કામાક્ષી	ભારતના આસામ રાજ્યમાં આવેલું શહેર સીમા – ૩૦ km વસ્તી – ૧,૩૭૯ (૨૦૧૧) ભાષા – હિંદી
સિંધ	પાકિસ્તાનમાં આવેલ રાજ્ય, જેમાં ૨૯ જિલ્લાઓ છે. રાજધાની કરાચી છે. વસ્તી – ૪.૭૯ કરોડ (૨૦૧૭) ભાષા – ઉર્દૂ
કાબુલ	અફઘાનિસ્તાનમાં આવેલું શહેર અને પાટનગર સીમા – ૧,૦૨૩ km2 (395 sq mi) વસ્તી – ૪૬.૩૫ લાખ (૨૦૧૫) ભાષા – દારી અને પાસતો
લાહોર	પાકિસ્તાનમાં આવેલું શહેર સીમા – ૧,૭૭૨ km2 (684 sq mi) વસ્તી – ૧૧.૧૧ લાખ (૨૦૧૭) ભાષા – અંગ્રેજી, ઉર્દૂ, પંજાબી
સ્વાલ	આફ્રિકામાં આવેલો સ્વાહિલી પ્રદેશ (તાન્જાનિયા, બુરુંડી, કેન્યા, સોમાલિયા વગેરે દેશો)
મુલ્તાન	પાકિસ્તાનમાં આવેલું શહેર સીમા – ૫૧ sq mi (133 km2) વસ્તી – ૧૮.૭૧ લાખ (૨૦૧૭) ભાષા – સેરાઈકી, પંજાબી
ઈરાન	પશ્ચિમ એશિયામાં આવેલો દેશ સીમા – ૧,૬૪૮,૧૯૫ km2 (636,372 sq mi) વસ્તી – ૮.૨૦ કરોડ (૨૦૧૮) ભાષા – પર્શિયન

	અસ્તંબોલ (ઈસ્તાંબુલ)	પશ્ચિમ એશિયામાં આવેલો દેશ સીમા – ૫૪૬૧ km2 (2108.50 sq mi) વસ્તી – ૧.૫૧ લાખ (૨૦૧૭) ભાષા – તુર્કી
	અરબસ્તાન	સાઉદી અરેબિયા વસ્તી – ૩.૨૯ કરોડ (૨૦૧૭) ભાષા – અરબી
	પિલપિલામ	(પેલેસ્ટીન) પશ્ચિમ એશિયાનો એક દેશ સીમા – ૭૩૧ km2 વસ્તી – ૪૮.૧૬ લાખ (૨૦૧૬) ભાષા – એરેબિક
	માલવ	મધ્યપ્રદેશ વસ્તી – ૭.૮ કરોડ (૨૦૧૭) ભાષા – હિન્દી
	પંજાબ	ભારતનું એક રાજ્ય સીમા – ૫૦,૩૬૨ km2 (19,445 sq mi) વસ્તી – ૨.૭૭ કરોડ (૨૦૧૨) ભાષા – પંજાબી
	બારમલાર	મ્યાનમાર વસ્તી – ૩૪૦૭ ભાષા – હિન્દી
	સૌરાષ્ટ્ર/સોરઠ	ગુજરાતનો એક પ્રદેશ સીમા – ૬૬,૦૦૦ km2 (25,000 sq mi) વસ્તી – ૩૧૯,૪૬૨ (૨૦૧૧) ભાષા – ગુજરાતી
	કચ્છ	ગુજરાતનો એક પ્રદેશ સીમા – ૪૫,૬૭૪ km2 (17,635 sq mi) વસ્તી – ૨૦.૯૨ લાખ (૨૦૧૧) ભાષા – કચ્છી

૪. પ્રમાણભૂતતા : વિદ્વાનોનાં સંશોધનોના આધારે

આજના આધુનિક સમાજમાં શાસ્ત્રોના મૂલ્યાંકન માટે ચોક્કસ ઐતિહાસિક પ્રમાણભૂતતા પર વધારે ભાર મુકાઈ રહ્યો છે, કોઈ પણ ગ્રંથ વિશેષ કરીને જ્યારે જીવન જીવવાની ઉચ્ચતમ તાલીમ આપનારો હોય, ત્યારે તે કેટલો પ્રમાણભૂત છે એ વિચાર અતિ મહત્ત્વપૂર્ણ હોય છે. પ્રમાણભૂતતાથી વિશ્વાસ ઉત્પન્ન થાય છે અને વિશ્વાસથી જ જીવનમાં આચરણ માટેની પ્રેરણા પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુત પ્રકરણમાં વચનામૃતની પ્રમાણભૂતતાને વિદ્વાનોએ વચનામૃત પર કરેલાં સંશોધનો અને તેનાં તારણો-અભિપ્રાયોના આધારે સમજીએ.

સન ૧૯૭૭માં અમેરિકાના બોસ્ટન શહેર ખાતે વચનામૃતના અંગ્રેજી અનુવાદની આવૃત્તિનું ઉદ્‌ઘાટન થયું ત્યારે તે વખતે ઉપસ્થિત હાર્વર્ડ યુનિવર્સિટીના તુલનાત્મક ધાર્મિક અધ્યયનના પ્રાધ્યાપક શ્રી જહોન કારમેને સભાને સંબોધી હતી. વચનામૃતનું ગહન અધ્યયન કર્યા પછી તેઓ વચનામૃતની એક વિશિષ્ટ બાબતથી અતિ પ્રભાવિત થયા હતા. આ બાબત હતી – વચનામૃતમાં નોંધાયેલી ઐતિહાસિક તવારીખ! આ વિષયે તેઓએ પોતાના અભિપ્રાયમાં જણાવ્યું હતું :

'Yet students of Indian religious history are constantly faced with the difficulty of the lack of firm and definite dates in this history. In this book, however every discourse is precisely dated. This is a chapter of religious history which one might say is in the full light of day as far as our knowledge of history is concerned. It is a common Western misunderstanding of India that there is no sense of history in India. I think that in what you hold dear as a community and what is called the *guru parampara*, the succession of gurus, one sees that special sense of history which is important for the religious people in India.'[૧૨]

---

૧૨. John B. Carmen in *New Dimensions in Vedanta Philosophy, part 1*, p. 207.

'એક વાત મને ખાસ સ્પર્શી હોય તો એ છે કે, દરેક વચનામૃતમાં ચોક્કસ તારીખ આપવામાં આવી છે. ભારતના ધાર્મિક ઈતિહાસના વિદ્યાર્થીઓને આ ભારતીય ઈતિહાસમાં તારીખનો અભાવ સતત સતાવે છે. પરંતુ વચનામૃતમાં પ્રત્યેક ઉપદેશની તારીખ ચોકસાઈપૂર્વક નોંધવામાં આવેલી છે. ઈતિહાસના જ્ઞાનની બાબતે ધાર્મિક ઈતિહાસમાં આ પ્રકરણ મધ્યાહ્ને તપતા સૂર્ય સમાન છે, કે જેમાં ઈતિહાસના જ્ઞાન વિષે કોઈ પ્રકારનો અંધકાર (અજ્ઞાન) નથી, એટલે કે કશું જ અજાણ્યું નથી. ભારત વિષે પશ્ચિમના લોકોમાં એવી એક ગેરસમજણ છે કે ભારતમાં કોઈને ઈતિહાસની સૂઝ જ નથી; પણ તમારી ગુરુપરંપરામાં ઈતિહાસની એક વિશિષ્ટ પ્રકારની સૂઝ છે, કે જે ભારતના આસ્તિક-ધાર્મિક લોકો માટે ખૂબ જ મહત્ત્વની બાબત છે.'

– **પ્રૉ. જ્હૉન કારમેન** (હાર્વર્ડ યુનિવર્સિટી)

આમ, માત્ર ભારતીય શાસ્ત્રો જ નહીં, પરંતુ વિશ્વ સકલની ધર્મ અને અધ્યાત્મ પરંપરામાં એક વિશિષ્ટ ઐતિહાસિક પ્રમાણભૂત ગ્રંથ વચનામૃત છે.

'વચનામૃત' ગ્રંથ આજે પણ એક અવિચળ કીર્તિસ્તંભની જેમ, ધાર્મિક ગ્રંથોની ઐતિહાસિક સત્યતા વિષે શંકા કરતા તાર્કિકોને નતમસ્તક કરે છે. ભગવાન સ્વામિનારાયણના વિદ્વાન સંપાદક સંતોએ પણ હિંદુ ધર્મના પ્રાચીન પ્રસિદ્ધ ધર્મગ્રંથો પ્રત્યેની આવી સંશયાત્મક વિચારધારાનો સામનો કરવો પડ્યો હશે, જેના પરિણામે ૧૯મી સદીના પ્રારંભમાં, ધાર્મિક ગ્રંથને પ્રમાણભૂત ઐતિહાસિકતા આપવાની પહેલ સંપાદક સંતોએ કરી.

મૂર્ધન્ય સાહિત્યકાર ભોગીલાલ સાંડેસરાએ આ મહત્ત્વની બાબતને તુલનાત્મક રીતે રજૂ કરી છે :

'વચનામૃત' એમનાં (ભગવાન સ્વામિનારાયણનાં) પ્રવચનો છે અને સંપૂર્ણ અવિકૃત રૂપે તે સચવાયાં છે.

આ હકીકતને ભારતીય ધર્મગ્રંથોના ઐતિહાસિક સંદર્ભમાં જોઈએ. ભગવાન બુદ્ધનાં પ્રવચનો અને એમના ધર્મસંવાદો પાલીભાષામાં છે. બુદ્ધનો વિહારપ્રદેશ મગધ હતો અને એમનો ઉપદેશ પ્રાદેશિક લોકભાષા માગધીમાં થયો હતો; પણ પાલિ એ તત્કાલીન મગધની ભાષા નથી અને બુદ્ધના ઉપદેશો વિવિધ સંગતિઓ અર્થાત્ એ ઉપદેશોને સંકલિત કરનાર પરિષદોને પરિણામે પાલીમાં ઊતર્યાં હતાં. બુદ્ધના સમકાલીન ભગવાન મહાવીરના

ઉપદેશરૂપ, વીતરાગની વાણી ગણાતા જૈન આગમો વીરનિવાસ પછી લગભગ એક હજાર વર્ષ બાદ, ઈસવીસનની પાંચમી સદીમાં પશ્ચિમ ભારતમાં વલભીમાં એકસાથે લિપિબદ્ધ થયાં હતાં. અને ત્યાર પહેલાં પણ એની સંકલના માટે ત્રણ પરિષદો જુદે જુદે સમયે પાટલીપુત્ર, મથુરા અને વલભીમાં મળી હતી. જૈન આગમો પૈકી 'ઉત્તરાધ્યયન સૂત્ર' એનું નામ સૂચવે છે. તેમ પરંપરાથી ભગવાન મહાવીરનો અંતિમ ઉપદેશ મનાય છે. પણ એમાં મૂળ ભાષા અને પ્રસંગો બરાબર જળવાયાં છે એમ, ભાષાસ્વરૂપ તેમજ વિવિધ અધ્યયનોનો સંદર્ભ જોતાં કહેવું મુશ્કેલ છે. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય વગેરેના ગ્રંથો એમના વિદ્વાન શિષ્ય કે લેખકો દ્વારા પ્રાયઃ બોલીને લખવાયા છે, પણ એમાંયે પાઠાંતરને અવકાશ છે. મધ્યકાળમાં જૈન આચાર્યો સાથે દફતરદાર સાધુઓ કે યતિઓ રહેતા અને તેમનાં વિહાર દરમ્યાન અનેક નાની-મોટી વાતો કે પ્રસંગો લખી લેતા, જે પદાવલિઓમાં વર્ષ-માસના ઉલ્લેખ સાથે નોંધાયા છે. પશ્ચિમ ભારતના, વિશેષતઃ ગુજરાતના સામાજિક-ધાર્મિક ઈતિહાસ માટે આ પદાવલિઓ ખૂબ મહત્ત્વની છે.

આ સર્વમાં 'વચનામૃત'નું સ્થાન અદ્વિતીય છે. ભગવાન સ્વામિનારાયણનાં પ્રવચનો, લગભગ શબ્દશઃ ક્યાં અને ક્યારે અપાયાં એના સંદર્ભ સાથે, એમનો પોશાક, શણગાર વગેરે એ વખતે કેવાં હતાં એનાં વર્ણન સહ, વર્ષ, માસ, તિથિની નોંધ સમેત, પ્રશ્નોત્તરી અને પ્રશ્નોત્તરી કરનાર વ્યક્તિ-વિશેષોના વિગતવાર ઉલ્લેખ સહિત, 'વચનામૃત'માં સંગૃહીત થયાં છે.'[૧૩]

– **ભોગીલાલ સાંડેસરા** (પ્રસિદ્ધ વિવેચક)

આમ, 'વચનામૃત' એ ભગવાન સ્વામિનારાયણનો જ પરમ પ્રમાણભૂત ઉપદેશ છે અને તે યથાતથ અદ્યાવધિપર્યંત સચવાયો છે એ અંગે નીચેના વિદ્વાનો પ્રમાણ પૂરે છે.

વચનામૃત ગ્રંથનો જેણે પચાસ વર્ષ કરતાં વધારે સમય સુધી ગહન અભ્યાસ કર્યો છે, તેનાં રહસ્ય અને અભિપ્રાયોને પણ જેણે સત્પુરુષો પાસેથી આત્મસાત્ કર્યાં છે, જેમના હાથે વિપુલ ધાર્મિક સાહિત્ય રચાયું છે, એવા શ્રી હર્ષદભાઈ દવે લખે છે :

'The Vachanamritam is the revelation of the doctrine

---

૧૩. સ્વામિનારાયણ સંત સાહિત્ય; પૃ. ૩૪.

enunciated by Swaminarayan for the redemption of the *jivas* for their gradual evolution from their *maya*-ridden state to the state of pure *atma* presentable to God for his worship. They are his spoken words – *para vani* – of the nature of light illumines. They were taken down by four of his disciples – Gopalanand Swami, Muktanand Swami, Nityanand Swami and Shukanand Swami – stalwards in spiritual lore and also realized souls. The words in the Vachanamritam are esoteric in meaning. Swaminarayan says: 'Scriptural descriptions of the divine form of God are not a matter for mere mundane understanding, but a subject of experience by self-realized souls or *ekantika bhaktas*.'[૧૪]

– **હર્ષદરાય ટી. દવે**

વચનામૃત - ભગવાન સ્વામિનારાયણ દ્વારા નિરૂપિત જીવોની મુક્તિના રહસ્યને ઉદ્‌ઘાટિત કરે છે. જીવ માયામાંથી મુક્ત બની ભગવાનની ભક્તિ કરવા યોગ્ય શુદ્ધ બને, ત્યાં સુધીના રૂપાંતરની વાત છે. આધ્યાત્મિક સાધનામાં અગ્રેસર અને આત્માના અનુભવી એવા ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી – આ ચાર પરમહંસો દ્વારા આ શબ્દો યથાવત્ નોંધાયેલા હતા. વળી, ભગવાન સ્વામિનારાયણ કહે છે: 'ભગવાનના દિવ્ય સ્વરૂપનું શાસ્ત્રીય વર્ણન કેવળ સમજણ માટે નથી, પરંતુ આત્મ સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા અથવા એકાંતિક ભક્તો માટે અનુભવતો વિષય છે.'

આવી રીતે વચનામૃત ગ્રંથનું તુલનાત્મક અધ્યયન કરીને તેની વિશેષતાઓનું મૂલ્યાંકન કરતાં રાંચી યુનિવર્સિટીના પ્રાધ્યાપક અને પ્રખર તત્ત્વચિંતક શ્રી પી. બી. વિદ્યાર્થી લખે છે :

'In the Vachanamritam, one is required only to seek the practical implications of those theoretical foundations, which we have analsed in the above paragraphs in the foregoing sections. In abstraction from the treatment of this theoretical

૧૪. *New Dimensions in Vedanta Philosophy*, p. 6.

consideration it is not possible to appreciate adequately his creative insights. Philosophy and religion are indistinguishable in the Vachanamritam because in it we find life itself presented to us in all his dimensions and in all its depths and heights so that the study of the scripture is a rewarding and sanctifying experience. Life is one indivisible whole of which the different aspects can be separated from one another only for the sake of understanding it. Vachanamritam, again in continuity with our traditional heritage and is a restatement and re-affirmation of all those values, ideals of life that have formed the very substance of Indian spirituality down the ages.'[૧૫]

– શ્રી પી. બી. વિદ્યાર્થી

આ સાથે જ વચનામૃતનો તલસ્પર્શી અધ્યયન કરનાર પાર્લે કૉલેજ, મુંબઈના તર્કવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપિકા પૂર્ણિમા દવે જણાવે છે :

'Therefore, it can be said that the Vachanamritam is the landmark in the history of medieval Gujarati literature. It contains the essence of the philosophical doctrines of the Swaminarayan Movement. It is the 'Divine Word' (*paravani*) of the Lord Himself and hence bears the stamp of the highest authority. It is regarded as one of the most sacred religious works.'[૧૬]

'તેથી, એવું કહેવામાં આવે છે કે વચનામૃત એ મધ્યયુગીન ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં સીમાચિહ્ન છે. તેમાં સ્વામિનારાયણ સંપ્રદાયના દાર્શનિક સિદ્ધાંતોનો સાર છે. તે સાક્ષાત્ ભગવાનની 'દિવ્ય વાણી' (પરાવિદ્યા) છે અને તેથી તે સર્વોચ્ચ પ્રમાણભૂતતા ધરાવે છે. તે સૌથી પવિત્ર ધાર્મિક કાર્યોમાંનું એક તરીકે ગણવામાં આવે છે.'

આવી રીતે અનેક વિદ્વાનોએ વચનામૃતનું તલસ્પર્શી અધ્યયન કરીને

૧૫. *New Dimensions in Vedanta Philosophy*, p. 33.

૧૬. *New Dimensions in Vedanta Philosophy*, p. 84.

વૈજ્ઞાનિક પદ્ધતિથી તેનું વિશ્લેષણ કરીને, ઐતિહાસિક સંદર્ભમાં તેનું મૂલ્યાંકન કરીને જે અભિપ્રાયો આપ્યા તેમાંથી કેટલાક ચૂંટેલા અભિપ્રાયો અહીં ઉલ્લેખ્યા છે. આ વિદ્વાનોના સચોટ નિરીક્ષણથી પણ આધુનિક સમાજને વચનામૃતની પ્રમાણભૂતતા સમજાય છે.

૫. પ્રમાણભૂતતા :
ઉપદેશકના ગ્રંથ-પુનરવલોકનના આધારે

સંવત ૧૮૭૭ના માગશર સુદિ ત્રીજના દિવસે (તા. ૭-૧૨-૧૮૨૦) લોયા ગામમાં નિત્યાનંદ સ્વામીએ વચનામૃતનું પુસ્તક ભગવાન સ્વામિનારાયણને આપ્યું. આ પુસ્તકને જોઈ શ્રીહરિ ખૂબ રાજી થયા. આ ઉલ્લેખ વચનામૃત લોયા પ્રકરણ ૭માં મળે છે.

આ રીતે ભગવાન સ્વામિનારાયણ પાસે સભામાં આ ગ્રંથ બતાવવામાં આવ્યો, તેથી તેનો ઉલ્લેખ વચનમૃતમાં મળે છે. સભા સિવાયના સમયમાં બતાવ્યો હોત, તો તેનો ઉલ્લેખ ન થાત. આથી, ત્યારપછીનાં વચનામૃતો શ્રીહરિને બતાવાયાં હશે, પણ સભા સિવાયના સમયમાં બતાવાયાં હોવાથી તેનો ઉલ્લેખ નથી.

ગ્રંથનો પ્રારંભ કરતાં સંપાદક સંતોએ લખ્યું છે :

'એવા જે શ્રીજીમહારાજ તેમણે શ્રીગઢડામાં રહ્યા થકા પોતાના ભક્તજનના સંશય ટાળવાને અર્થે સ્વધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય, પોતાના સ્વરૂપનું જ્ઞાન અને પોતાની મહાત્મ્ય સહિત ભક્તિ એ પાંચ વાર્તા સંબંધી જે જે વચનામૃત કહ્યાં છે તથા ત્યાંથી બીજા ગામમાં જઈને જે જે વચનામૃત કહ્યાં છે, તેમાંથી કેટલાક દિવસના જે વચનામૃત તે શ્રીજીમહારાજના જે એકાંતિક ભક્ત તેમની પ્રસન્નતાને અર્થે પોતાની જે સ્મૃતિ ને બુદ્ધિ તેને અનુસારે લખીએ છીએ.'

સમાસતઃ પ્રોક્તમિદં ચરિત્રં શ્રીધર્મસૂનોરિહ યો મનુષ્યઃ।
પઠિષ્યતિ શ્રોષ્યતિ વાપિ ભક્ત્યા સ લપ્સ્યતે વૈ પુરુષાર્થસિદ્ધિમ્ ॥

(ઉપોદ્‌ઘાત પ્રકરણ)

અર્થાત્ આવી રીતે અમે સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રો (વચનામૃત ઉદ્‌બોધવા સંબંધી) કહ્યાં છે, જે મનુષ્ય આનું ભક્તિભાવપૂર્વક

શ્રવણ કે પઠન કરશે તેને સર્વ પુરુષાર્થની સિદ્ધિ થશે.

ગ્રંથનું સમાપન કરતાં આ સંપાદક સંતો લખે છે :

એવં હિ તાનિ સર્વાણિ મિતાનિ દ્વિરસાક્ષિભિઃ।
સન્તિ સંલિખિતાનિ શ્રીમહારાજનિદેશતઃ॥[૧૭]

અર્થાત્ તે સર્વે બસો બાસઠ (વચનામૃત) ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાથી લખાયેલાં છે. એટલું તો ચોક્કસ છે કે શ્રીહરિને પૂછ્યા વગર ક્યાંય પગ ન મૂકનાર આ પરમહંસો, દૂર ગામડામાં વિચરણ દરમ્યાન પણ ક્યારેય આજ્ઞામાં શિથિલતા નહોતા આવવા દેતા. એવા અનેક ઉલ્લેખોથી સાંપ્રદાયિક શાસ્ત્રો ભરેલાં છે, કે જેમાં પરમહંસોએ પોતાના પ્રાણ કરતાં પણ શ્રીહરિની આજ્ઞાને વિશેષ માની હતી.

આમ, આ સર્વે વચનામૃતના લેખન માટે શ્રીજીમહારાજની આજ્ઞા થયેલી હતી.[૧૮]

આ રીતે ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાથી અને તેમની પ્રસન્નતા માટે આ ગ્રંથ સંપાદિત કરનાર સંતો, કાર્ય પૂરું થાય ત્યારે તેમની પ્રસન્નતા પામવા માટે તેમની પાસે આ ગ્રંથ રજૂ કરે જ, એ સમજી શકાય છે.

ગ્રંથસ્થ થયેલો શ્રીહરિનો છેલ્લો ઉપદેશ આષાઢી સંવત ૧૮૮૬ના અષાઢ વદિ દશમી(તા. ૨૫-૬-૧૮૨૯)નો છે. ત્યારબાદ અગિયાર મહિના પછી, આષાઢી સંવત ૧૮૮૬ના જેઠ સુદ દશમી(તા. ૧-૬-૧૮૩૦)ના દિવસે ભગવાન સ્વામિનારાયણે દેહત્યાગ કર્યો છે. આથી, આ અગિયાર મહિના દરમ્યાન તેઓએ ગ્રંથસ્થ ઉપદેશ ભગવાન સ્વામિનારાયણ પાસે અવશ્યપણે રજૂ કર્યો હશે, તેમ માની શકાય.

૬. પ્રમાણભૂતતા : સંપાદકોની ચોકસાઈના આધારે

જ્યારે ઉપદેશક સ્વયં ગ્રંથ લખનાર ન હોય, ત્યારે તે ઉપદેશને સંપાદિત કરનારની પ્રમાણભૂતતા પણ એટલી જ મહત્ત્વની બને છે. શાસ્ત્રોમાં મનુષ્ય

---

૧૭. વચનામૃત, સમાપન-શ્લોક : ૧૨

૧૮. પરંપરાથી એવું પણ જાણવા મળે છે કે બે હજાર જેટલાં વચનામૃતો લખાયેલાં હતાં, જેમાંથી શ્રીજીમહારાજે આટલાં વચનામૃતો પર પસંદગી ઉતારી તેમને ગ્રંથબદ્ધ કરવા આજ્ઞા કરી.

દ્વારા સંભવિત ભૂલમાં ભ્રમ, પ્રમાદ, લોભ, વિપ્રલિપ્સા(છેતરપિંડી) અને કરણાપાટવને(સાંભળમાં શિથિલતા) ગણાવ્યાં છે. જ્યારે કોઈ એક જ વ્યક્તિ સંપાદનકાર્ય કરવા બેસે ત્યારે આવો કોઈ એક દોષ આવવાની સંભાવના વધુ રહે છે. પ્રસ્તુત ગ્રંથના સંપાદનમાં પાંચ સંતોનું સામૂહિક કાર્ય છે. આથી, એક વ્યક્તિની ખામીથી આવનારી ભૂલનો પ્રશ્ન રહેતો નથી. વચનામૃતના સમાપન સમયે, વચનામૃત ગ્રંથના સંપાદકોનાં નામ લખાયેલાં છે –

મુક્તાનન્દશ્ચ ગોપાલાનન્દો મુનિરુદારધીઃ।
નિત્યાનન્દશુકાનન્દૌ ચત્વારો મુનયસ્તુ યે ॥[૧૯]

૧. ગોપાળાનંદ સ્વામી, ૨. મુક્તાનંદ સ્વામી, ૩. નિત્યાનંદ સ્વામી, ૪. શુકાનંદ સ્વામી (શુકમુનિ).

આ સાથે જ કેટલીક અન્ય પ્રતો(અમદાવાદ)માં અને સાંપ્રદાયિક ગ્રંથોમાં બ્રહ્માનંદ સ્વામીનું નામ પણ વચનામૃતના સંપાદનમાં લખાયેલું છે.

૬.૧ સંપાદક પરમહંસોની પ્રામાણિક જીવન ઝરમર

સદ્. શ્રી મુક્તાનંદ સ્વામી :

પૂર્વાશ્રમનું નામ : મુકુંદદાસ
જ્ઞાતિ : રામાનંદી સંજોગી બાવા
પિતા : આનંદરાય
માતા : રાધાદેવી
જન્મ : વિ.સં. ૧૮૧૪, પોષ વદ ૭, અમરાપર (અમરેલી)
વિશેષતા : સત્સંગની માતાનું બિરુદ, અપાર સાધુતા-સંપન્ન, નાડી-વૈદ્યકના જાણકાર, શ્રેષ્ઠ કાવ્ય રચયિતા, સંગીતજ્ઞ, ઉત્કૃષ્ટ નૃત્યકાર, ચિત્રકાર, આજીવન મુમુક્ષુ, સરળ પ્રકૃતિ.
અક્ષરવાસ : આષાઢી સંવત ૧૮૮૬, અષાઢ વદ એકાદશી

સદ્. શ્રી શુકાનંદ સ્વામી (શુકમુનિ)

પૂર્વાશ્રમનું નામ : જગન્નાથ
જ્ઞાતિ : ઔદીચ્ય બ્રાહ્મણ

---

૧૯. વચનામૃત, સમાપન-શ્લોક : ૧

પિતા : પ્રભાશંકર

માતા : સદાબા

વતન : ડભાણ (જિ. ખેડા.)

જન્મ : શ્રાવણ સુદ પૂનમ, સં. ૧૮૫૫

બ્રહ્મચારીની દીક્ષાનું નામ : ગોવિંદાનંદ બ્રહ્મચારી (વર્ષ : સંવત ૧૮૬૭)

દીક્ષા સ્થળ : ગઢડા.

સંત તરીકે દીક્ષા : સંવત ૧૮૭૨, ગઢડા, મુક્તાનંદ સ્વામી થકી દીક્ષા

દીક્ષા પછીનું નામ : શુકાનંદ સ્વામી

અક્ષરવાસ : સં. ૧૯૨૫, માગશર વદ ૫, વરતાલ

સદ્. શ્રી નિત્યાનંદ સ્વામી

પૂર્વાશ્રમનું નામ : દિનમણિ શર્મા

જ્ઞાતી : યજુર્વેદી ગૌડ બ્રાહ્મણ

પિતા : વિષ્ણુ શર્મા

માતા : વિરજાદેવી

જન્મ : વિ.સં. ૧૮૩૭, ચૈત્ર સુદ ૯

સ્થળ : લખનૌ પાસે દતિયા ગામ

દીક્ષા : વિ.સં. ૧૮૫૯, અષાઢ સુદ ૨ (મેઘપુર, જિ. જૂનાગઢ)

ગુણ : સંપ્રદાયના પ્રકાંડ પંડિત, તીક્ષ્ણ બુદ્ધિ-પ્રતિભા, પ્રભાવશાળી વ્યક્તિત્વ, જન્મથી જ મુમુક્ષુ. શ્રીહરિને સર્વ અવતારના અવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સમજતા.

અક્ષરવાસ : સં. ૧૯૦૮, માગશર સુદ ૮, વરતાલ.

સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી

પૂર્વાશ્રમનું નામ : ખુશાલ ભટ્ટ

અટક : છઠ્ઠાપદિયા ઠાકર (ભટ્ટ)

જ્ઞાતિ : ઔદીચ્ય બ્રાહ્મણ

પિતા : મોતીરામ

માતા : કુશલાદેવી

ગામ : ટોડલા (સાબરકાંઠા, ઈડરપ્રાંત)
જન્મ તારીખ અને સ્થળ : સં. ૧૮૩૭, મહા સુદ આઠમ, ટોડલા
દીક્ષા સ્થળ અને તારીખ : સં. ૧૮૬૪, કારતક વદ આઠમ, ગઢપુર
દીક્ષા પછીનું નામ : ગોપાળાનંદ સ્વામી
અક્ષરવાસ : સં. ૧૯૦૮, વૈશાખ વદ ચોથ, રવિવાર, વડતાલ

સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામી

પૂર્વાશ્રમનું નામ : લાડુદાનજી બારોટ
જ્ઞાતિ : મારુ ચારણ કુળમાં, આશિયા શાખાના ગઢવી.
પિતા : શંભુદાનજી
માતા : લાલુબા દેવી
ગામ : ખાણ, શિરોહી જિલ્લો (રાજસ્થાન રાજ્ય),
જન્મ : વિ.સં. ૧૮૨૮, મહા સુદ ૫, વસંત પંચમી
દીક્ષા પછીનું નામ : શ્રીરંગદાસ સ્વામી, ત્યારપછી બ્રહ્માનંદ સ્વામી
ગુણ : મહાન શીઘ્રકવિ, શતાવધાની, હિન્દી, ગુજરાતી, ચારણીમાં કાવ્યો લખનાર, સ્થાપત્ય કળાના જાણકાર, અશ્વવિદ્યાના જાણકાર, મંદિરના નિર્માણકર્તા, શ્રીહરિના સખા, રમૂજી વ્યક્તિત્વ
અક્ષરવાસ : વિ.સં. ૧૮૮૮, જેઠ સુદ ૧૦; મૂળી (જિ. સુરેન્દ્રનગર),

આ સંતો વિદ્વત્તામાં બહુમાન્ય હતા, એ જ રીતે એમનું સાધુતાયુક્ત જીવન પણ ખૂબ ઉચ્ચ કક્ષાનું હતું. સંપ્રદાયના તેઓ ભગવાન સ્વામિનારાયણ દ્વારા સ્થાપિત સદ્ગુરુઓ હતા. સર્વેનું હિત થાય એવી વિશાળ અને ઉદાર ભાવના એમના જીવનમાં વણાયેલી જોવા મળે છે.

૬.૨ સંપાદક સંતોનું ચારિત્ર્યયુક્ત જીવન અને સંપાદન-કૌશલ્ય

હજારોના જીવનમાં નૈતિકતાનું પ્રસ્થાપન કરનાર આ સંતોની પોતાની નૈતિકતા અતિ ઉત્કૃષ્ટ હતી. સંપાદક સંતોના જીવનનો આછો પરિચય આપણને જણાવે છે કે તેઓ આધ્યાત્મિક માર્ગના સાચા યાત્રીઓ હતા. તેઓની વિદ્વાત્તાનો પરિચય પણ તેમની કૃતિઓ દ્વારા આજે જીવંત છે. સ્વયં ભગવાન સ્વામિનારાયણનાં વચનોમાં આ સંતોની સંતતાનું પ્રમાણ જોઈએ.

- 'મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા અને જેવી શ્રદ્ધા ને ભગવાનનું માહાત્મ્ય હતું તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું છે, પણ ગૌણ પડ્યું નથી.[૨૦]
- 'એવા દાસત્વભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે અને બીજા મુક્તાનંદ સ્વામી છે... અને મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે.'[૨૧]
- '...એવા તો આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે. તે એમને કોઈ બીજો ગમે તેવો હોય ને ચમત્કાર દેખાડે તો પણ તેનો કોઈ રીતે ભાર આવે જ નહીં.'[૨૨]
- 'નિત્યાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી એ અંગ.'[૨૩]
- 'જેને દૃઢ બ્રહ્મચર્ય હોય ને સર્વ ઇન્દ્રિયો પોતાને વશ હોય તેને યતિ જાણવો. તે જે હનુમાનજી તથા લક્ષ્મણજી જેવો હોય તેને યતિ જાણવો... વિકારનો હેતુ સતે પણ જેનું અંતઃકરણ નિર્વિકાર રહે એવો જે હોય તે યતિ કહેવાય... આ બ્રહ્માનંદ સ્વામી છે તે પણ તે જેવા જ છે.'[૨૪]
- '...આ શુકમુનિ બહુ મોટા સાધુ છે. અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી એનો ચડતો ને ચડતો રંગ છે, પણ મંદ તો પડતો નથી. માટે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.'[૨૫]

આધારાનંદ સ્વામી કૃત 'શ્રીહરિચરિત્રામૃત-સાગર' ગ્રંથમાં પણ ભગવાન સ્વામિનારાયણના મુખે આ સંતોનો મહિમા કહેવાયો છે. જેમાંથી કેટલાંક વચનો આ પ્રમાણે છે :

- ભગવાન સ્વામિનારાયણ મુક્તાનંદ સ્વામીનો મહિમા કહે છે :
  'મુક્તાનંદ સ્વામીને અમે સર્વોપરી સંત માનીએ છીએ, તેમને માહાત્મ્યનો ગુણ દિવસે દિવસે ચડતો રહે છે. સત્સંગમાં જે હરિભક્તો અને સંતો છે તેમને પરમ મિત્ર માને છે. કોઈ અધિક-ન્યૂનભાવ રાખતા નથી. પોતાના ઉપર કોઈ ખાર રાખે તેનું પણ હિત ઇચ્છે છે. રામાનંદ

---

૨૦. વચનામૃત સારંગપુર પ્રકરણ ૩.
૨૧. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨.
૨૨. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૩.
૨૩. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૪.
૨૪. વચનામૃત જેતલપુર પ્રકરણ ૨.
૨૫. વચનામૃત કારિયાણી પ્રકરણ ૩.

સ્વામીએ જેમ અંગ બાંધ્યું છે, તેને નવો ને નવો રંગ આપતા રહે છે. અમે નિયમ આપ્યા છે તે પણ અમારું સ્વરૂપ જાણીને રાખી રહ્યા છે, છતાં પણ જાણે આજે જ સત્સંગમાં આવ્યા હોય તેમ કોઈ જાતની મોટાઈ મનમાં રાખતા નથી.'

- ભગવાન સ્વામિનારાયણ નિત્યાનંદ સ્વામીનો મહિમા કહે છે :
'અમે જે વાત કરીએ છીએ તેનું રહસ્ય જેટલું હોય તે બધું તેમના હૃદયમાં લખાઈ જાય છે, જે ક્યારેય પણ ભુલાય નહીં એવું તેમનું અંતર સહજ સ્વભાવે છે અને બુદ્ધિનો તો પાર નથી, છતાં તેનો તેમને ગર્વ નથી, સદાય અમારી પાસે વિનમ્ર રહે છે. બ્રહ્મા પણ તેમની બુદ્ધિનો પાર પામે નહીં, તેમ અગાધ બુદ્ધિ છે.'
- આધારાનંદ સ્વામી નિત્યાનંદ સ્વામીનો મહિમા લખે છે :
'શ્રીહરિ રહસ્યની વાત પ્રથમ નિત્યાનંદ સ્વામીને પાત્ર સમજીને કહેતા, અને મહારાજની કૃપાથી તેમની બુદ્ધિમાં એવો પ્રકાશ થયેલો કે તેઓ જે ચિંતવે તે દેખાતું, પણ તેનો ગર્વ ક્યારેય દેખાડતા નહીં. બ્રહ્મચર્ય તો બ્રહ્મ જ કહેવાય છે, તેના તે અવતાર હતા.'
- આધારાનંદ સ્વામી ગોપાળાનંદ સ્વામીનો મહિમા લખે છે :
'ગોપાળાનંદ સ્વામી પોતે શ્રીહરિની મરજી જાણતા અને સંત ઉપર અતિ હેત રાખતા. અંદર અને બહાર પોતે નિષ્કામભાવે અને સરળ સ્વભાવે વર્તતા, અને સત્સંગને નિમિત્તે જે જે સંકલ્પ કરતા તેને શ્રીહરિ તેમના મન દ્વારા પૂરા કરતા. જીવ્યા ત્યાં સુધી તેમના દ્વારા શ્રીહરિએ અવારનવાર સામર્થ્ય વાપર્યું. બધાય સંત પર એક જ રીતે પ્રીતિ રાખી વર્તતા. સંતો તેમને ભારે સમર્થ ધારતા, છતાં પોતે તો સૌના દાસ થઈને રહેતા.'
- બ્રહ્માનંદ સ્વામી માટે આધારાનંદ સ્વામી લખે છે :
'સંત થયા પછી એક વાર પણ સ્વપ્નમાં સ્ત્રીનો સંબંધ ન થયો હોય એવા બ્રહ્મમુનિ... ઉપર શ્રીહરિ પ્રસન્ન થયા.'
- શુકમુનિ સ્વામી માટે આધારાનંદ સ્વામી લખે છે :
'શ્રીહરિને ગમતી આવે એવી એમની વૃત્તિ હતી. શ્રીહરિ જે સ્થાનમાં રહેતા હોય, ત્યાં ગાદીતકિયા પર બેસી પત્રમાં જે વાત લખાવવી હોય

તે બોલતા જાય અને તે વિપ્ર ધ્યાન રાખીને તે પ્રમાણે લખતા રહેતા. જેટલી વાત સમજાય નહીં તેટલી પૂછીને દૃઢ કરતા. ભૂત, ભવિષ્ય, અને વર્તમાનની તથા વેદ, પુરાણ અને સ્મૃતિની વાતો લખાવતા. શ્રીહરિના વચનમાં જ તેને વિશ્વાસ હતો. સંસારની બધી જ વાતોથી તેઓ ઉદાસ રહેતા.'

આ રીતે સંપાદક સંતો ભગવાન સ્વામિનારાયણને વફાદાર હતા. તેમને પોતાના ઈષ્ટદેવ જાણીને, સર્વજ્ઞ, અંતર્યામી જાણીને વર્તતા. આથી, તેમની વાણીમાં ક્યાંય પોતાના પ્રમાદ કે અજ્ઞાનથી કોઈ પ્રકારનો હસ્તક્ષેપ ન થાય તેવી સાવચેતી જાળવનારા હતા. ભગવાન સ્વામિનારાયણની વાણીને યથાતથ જાળવવા માટે સઘન પુરુષાર્થ કરે, એવું તેમનું વ્યક્તિત્વ ઉપરોક્ત વચનોથી જણાય છે.

૬.૩ નિખાલસ વ્યક્તિત્વ

આ ગ્રંથમાં ઘણાં સ્થાનો એવાં છે, જેમાં આ સંતોની પ્રતિષ્ઠાને હાનિ થતી હોય. એટલે કે શ્રીહરિનો ઉપદેશ આ સંપાદકોને જ સંબોધીને થયો હોય, જેમાં તેઓનું અપમાન જેવું પણ થયું હોય. જો તેઓએ ધાર્યું હોત તો સંપાદન વખતે આવી બાબતોને બાજુ પર રાખી શક્યા હોત! પોતાના નામનો ઉલ્લેખ ન થાય તે માટે 'એક સંત' એવું લખાણ કરી શક્યા હોત! પરંતુ કોઈ જગ્યાએ તેઓએ આવો પ્રયત્ન કર્યો નથી, એ તેમની સંપાદનની નિર્મળતાને પ્રગટ કરે છે.

ગ્રંથમાં બે પ્રકારે આવા ઉલ્લેખો મળે છે :

૧. આ ગ્રંથમાં ઘણી વાર એવો ઉલ્લેખ જોવા મળે છે, જેમાં ભગવાન સ્વામિનારાયણ દ્વારા અથવા અન્ય સંત કે હરિભક્ત દ્વારા સંપાદક સંતને પ્રશ્ન પુછાયો હોય, પણ તેઓ જવાબ આપી ન શક્યા હોય. તેમની વિદ્વત્તાને ઝાંખપ લગાડે એવી આ બાબત તેઓએ મુક્તપણે દર્શાવી છે. જેમ કે,
   - 'પછી શ્રીજીમહારાજના પ્રશ્નનું મુક્તાનંદ સ્વામીએ બહુ પ્રકારે સમાધાન કર્યું પણ સમાધાન થયું નહીં.'[૨૬]

---

૨૬. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪.

- 'પછી ગોપાળાનંદ સ્વામીએ એ પ્રશ્નનો ઉત્તર કરવા માંડ્યો, તે જે જે વાત કરી તેમાં ધર્મ તે ભક્તિનું અંગરૂપ થઈ જાય પણ કોઈ રીતે ભક્તિ સરખું ધર્મમાં ગૌરવ આવે નહીં. પછી એ વાર્તા સાંભળીને શ્રીજીમહારાજ અતિશય હસતા હવા.'[૨૭]
- 'પછી નિત્યાનંદ સ્વામીએ બહુ પ્રકારે ઉત્તર કર્યો પણ પ્રશ્નનું સમાધાન થયું નહીં.'[૨૮]
- 'પછી બ્રહ્માનંદ સ્વામીએ સ્નેહનું રૂપ કરવા માંડ્યું પણ સમાધાન ન થયું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, તમને તો સ્નેહની દિશ જ જડી નહીં.'[૨૯]

૨. શ્રીજીમહારાજે સ્વયં આ સંતોની આલોચના કરી હોય અથવા જાહેરમાં તેમની ન્યૂનતા પ્રદર્શિત કરી હોય તે વાત પણ આ સંતોએ નિઃસંકોચ-પણે આ ગ્રંથના સંપાદન વખતે સમાવિષ્ટ કરેલી છે. જેમ કે,

- '(મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી) એ એવા મોટા છે તો પણ જો એમને માનનો બહુ યોગ થાય તથા રૂપિયા અને સોનામહોરના ઢગલા આગળ આવીને પડવા લાગે તથા રૂપવાન એવી જે સ્ત્રીઓ તેનો યોગ થાય, તો એ ત્યાગી છે તોય પણ એણે કરીને એમનું ઠેકાણું રહે નહીં. અને જો એવો યોગ થાય તો આજ આપણા ત્યાગીમાં જે અતિ ઊતરતો હશે, તે જેવા પણ રહે કે ન રહે એમાં પણ સંશય છે.'[૩૦]
- '...ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ... તમે સર્વે જેમ હમણાં વર્તમાનકાળે કેવા રૂડી રીતે વર્તો છો ! તથાપિ જો દેશ, કાળ, સંગ, ક્રિયા એ ચારને વિષે વિષમપણું થાય તો એમનો એમ રંગ રહે નહીં, એ વાતમાં કાંઈ સંશય નથી...'[૩૧]

---

૨૭. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧.
૨૮. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૬.
૨૯. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૪.
૩૦. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૩.
૩૧. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૪.

- (બ્રહ્માનંદ સ્વામીએ કોઈ કારણસર મુક્તાનંદ સ્વામી સાથે અબોલા લીધા. અઠવાડિયા સુધી તેમની સાથે ન બોલ્યા. આ વાતની ભગવાન સ્વામિનારાયણને ખબર પડી ત્યારે કારિયાણી ગામમાં સભા વખતે) "શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, 'જેને એવી મલિન રીસ હોય જે જેની ઉપર આંટી પડે તે સંગાથે આંટી મૂકે જ નહીં, પાડાની પેઠે રીસ રાખ્યા જ કરે; એવો જે હોય તેને તે સાધુ કહીએ કે ન કહીએ?' પછી એ બે બોલ્યા જે, 'જે એવો હોય તેને સાધુ ન કહેવાય.'"[૩૨]
- "બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાનને વિષે વૃત્તિ રાખીએ છીએ તે તો સૂધી જોરે કરીને રાખીએ છીએ ત્યારે રહે છે અને જગતના પદાર્થ સન્મુખ તો એની મેળે જ રહે છે તેનું શું કારણ છે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન વિના બીજે રહે જ નહીં... માટે જેને પરમેશ્વરમાં વૃત્તિ ન રહે તે પરમેશ્વરનો ભક્ત નહીં.'[૩૩]
- (શુકમુનિના પ્રશ્નના ઉત્તરરૂપે વાત કરતાં શ્રીહરિ કહે છે :) 'તે એવી રીતે વાર્તા અમે ઘણીક વાર કરી છે પણ એનું મનન કરીને સારી પેઠે પોતાના અંતરમાં ઘેડ્ય બેસારતા નથી એટલે શાસ્ત્રના શબ્દ સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી...'[૩૪]

આમ, સત્સંગ સમુદાયમાં મોટા સદ્‌ગુરુ તરીકે પ્રતિષ્ઠા પામેલા આ સંપાદકોએ પોતાની પ્રતિષ્ઠાને પહોંચનારી હાનિની પરવા કર્યા વિના ગ્રંથની પ્રમાણભૂતતાને સાચવી છે, એ આ અવતરણોથી સમજાય છે.

૭. પ્રમાણભૂતતા :

ઉત્કૃષ્ટ શ્રોતાગણના તાર્કિક પ્રતિપ્રશ્નોના આધારે

કોઈ પણ વાતનું પ્રમાણ, તે કોની સામે રજૂ કરવામાં આવે છે, તેના પર ખૂબ આધાર રાખે છે. જ્યારે ઉપસ્થિત શ્રોતાગણ અબુધ હોય, વક્તાની

૩૨. વચનામૃત કારિયાણી પ્રકરણ ૯.

૩૩. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૯.

૩૪. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૧.

ગમે તેવી વાત તેની સત્યતા-અસત્યતાનો વિચાર કર્યા વિના સાંભળી લેવામાં આવતી હોય, ત્યારે તે વાતની સત્યતામાં સંશયની શક્યતા રહેલી છે.

આવી પરિસ્થિતિ સમાન્ય રીતે બે પ્રકારના સંજોગોમાં સર્જાઈ શકે –

૧. જે વિષયની વાત રજૂ થતી હોય, તેના વિષે સાંભળનારને બિલકુલ જ્ઞાન ન હોય અથવા ખૂબ જ ઓછું જ્ઞાન હોય.
૨. સાંભળનારને તે વિષયનું જ્ઞાન હોય, પરંતુ વાતના વિષયમાં તેને રસ ન હોય, તે વાત સાથે એનો વ્યક્તિગત રીતે ખાસ સંબંધ ન હોય, જેનાથી જે વાત રજૂ થાય છે તેના વિષે ઉપેક્ષા હોય.

આ બે પ્રકારના સંજોગોમાં, વક્તાની ગમે તેવી વાત વિરોધ વિના સ્વીકારાઈ જાય એવું બની શકે.

ભગવાન સ્વામિનારાયણની સામે જ શ્રોતાઓ બેઠા હતા તે કેવા હતા, તેનો વિચાર આ બંને પ્રકારથી કરીએ.

૭.૧ વિદ્વત્તા

ભગવાન સ્વામિનારાયણ જે વિષયનો ઉપદેશ આપતા હતા, તે વિષયમાં - અધ્યાત્મજ્ઞાનમાં બહુશ્રુત અને પ્રાજ્ઞ પુરુષો તેમના શ્રોતાગણમાં હતા. સંપાદકવૃંદ તો આ વિષયમાં પ્રવીણ હતું જ, સાથે અન્ય ઘણા સંતો-ભક્તો પણ શાસ્ત્રજ્ઞ અને વિચારશીલ હતા. ઘણા સંતો એવા હતા કે જે પોતે ખૂબ સારા વક્તા હતા. જેમ કે, મુક્તાનંદ સ્વામી માટે કહેવાયું છે કે,

કરે વાર્તા જ્યારે સુરસરિતધારાસમ વહે,
કુસંગી સત્સંગી સકળજન ચિત્તે અતિ ચહે.

(શ્રીહરિલીલામૃત ૧/૨/૩૩)

'મુક્તાનંદ સ્વામી જેવા મોટા સાધુ વાત કરે તો બે હજાર માણસની સભા બેઠી હોય તે સૌના સંકલ્પના ઉત્તર થતા જાય.' (સ્વા.વાત. ૧/૩૨૩)

આવો વિદ્વદ્વર્ગ સામે બેઠો હોય ત્યારે સ્વાભાવિક રીતે જ વક્તા પ્રમાણરહિત વાત ન જ કરી શકે.

વળી, આ શ્રોતાઓમાં એવા પણ હતા જે સ્વયં પરીક્ષકબુદ્ધિથી ચકાસીને જ નવી વાતનો સ્વીકાર કરે. જ્યારે શ્રીજીમહારાજે પ્રવર્તાવેલ સમાધિ પ્રકરણમાં શંકા થઈ ત્યારે નિધડકપણે મુક્તાનંદ સ્વામીએ વિરોધ કરેલો.

શ્રીહરિએ વડતાલ મંદિરની પ્રતિષ્ઠા વખતે સ્વયં પોતાની મૂર્તિ પધરાવવા નિર્ણય કર્યો ત્યારે એ બાબત સાથે પોતાનો મત ન મળતાં મુક્તાનંદ સ્વામીએ વિરોધ કર્યો હતો. બ્રહ્માનંદ સ્વામી તો ભગવાન સ્વામિનારાયણની પરીક્ષા કરી તેમને ખોટા પાડવા માટે જ ગઢડા આવ્યા હતા.

જ્યાં સુધી સંશયનું પૂર્ણ સમાધાન ન મળે ત્યાં સુધી આ સંતો ભગવાન સ્વામિનારાયણને પ્રશ્ન પૂછવાનું છોડતા નહીં.

ઉદાહરણરૂપે એક સંવાદનો સાર જોઈએ :

"ચૈતન્યાનંદ સ્વામી : 'ભગવાન તો મન-વાણી થકી પર છે અને ગુણાતીત છે, તેને માયિક એવાં જે ઇન્દ્રિયો, અંતઃકરણ તે કેમ પામે ?'

ભગવાન સ્વામિનારાયણ : 'સર્વ પ્રકારે જીવના હિતને અર્થે પ્રવર્ત્યા એવા જે ભગવાન તે જે તે જ્યારે કૃપા કરીને મનુષ્ય સરખા થાય છે ત્યારે જે જીવ તે ભગવાનના સંતનો સમાગમ કરે છે તે જીવના જાણ્યામાં કેમ ન આવે ? એ તો આવે જ.'

ભજનાનંદ સ્વામી : 'શ્રુતિમાં એમ કહ્યું છે જે, યતો વાચો નિવર્તન્તે...'

ભગવાન સ્વામિનારાયણ : 'એ તો અમે અભક્તનાં મન-ઇન્દ્રિયોનું કહ્યું છે પણ ભક્તનાં મન, ઇન્દ્રિયો તો ભગવાનને સાક્ષાત્કારપણે પામે છે. જેમ આકાશને વિષે રહી છે જે પૃથ્વી તે પ્રલયકાળને વિષે આકાશરૂપે થઈ જાય છે...[૩૫]

આ રીતે, તત્ત્વજ્ઞાનલક્ષી વિષય હોય કે જીવનલક્ષી, શ્રીહરિ પ્રત્યે અત્યંત આદરભાવ ધરાવતા તેમના સંતોએ જે સ્થાને સંશય થયો ત્યાં મુક્તમને પોતાની આશંકા રજૂ કરી છે અને શ્રીહરિએ અત્યંત ધીરજપૂર્વક તેમની એક-એક આશંકાનું સુંદર નિરાકરણ કરી આપ્યું છે. વચનામૃતની વિષયવસ્તુનું પ્રામાણ્ય આને લીધે વધુ મજબૂત બન્યું છે.

૭.૨ પૂર્ણ આધ્યાત્મિકતા

વચનામૃત ગ્રંથના સંવાદોને અવલોકતા જણાય છે કે, આધ્યાત્મિક ક્ષેત્ર આ શ્રોતાઓનાં જીવનનું અવિભાજ્ય અંગ હતું. એને જ જીવનનું પ્રધાન ઉદ્દેશ્ય માનીને તેઓ જીવતા હતા. ઘણા સંતો એવા હતા, જેમણે ખૂબ મોટો

---

૩૫. વચનામૃત કારિયાણી પ્રકરણ ૧.

ત્યાગ આધ્યાત્મિક પ્રગતિ માટે જ કર્યો હતો. મુક્તાનંદ સ્વામી જેવા સંત તો બ્રહ્મચર્યનું પાલન ન થાય તો આત્મહત્યા કરવા તૈયાર થયા હતા. આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશ્યા પછી પણ આ સાધકો સતત પ્રયત્નશીલ અને પ્રગતિશીલ હતા. ઘણાં મોટાં સામાજિક વિરોધો, માર, અપમાનો વગેરેને સહન કરીને તેઓ આ માર્ગે ઝઝૂમી રહ્યા હતા.

ભગવાન સ્વામિનારાયણ જે વાત કરતા તેને તેઓ ફક્ત સાંભળવા ખાતર જ નહોતા સાંભળતા, એ સાંભળીને તેઓએ પોતાના આચરણમાં મૂકવાનું હતું. આવા સંજોગોમાં જે વાતમાં તેમનું અંતર વિરોધ કરે એ વાત તેઓ કઈ રીતે સ્વીકારી શકે? આવા ઉત્કૃષ્ટ સાધકોની વચ્ચે આ જ્ઞાન કહેવાયું છે, એનાથી પણ આ જ્ઞાનની મહત્તા વિશેષ સમજાય છે.

વળી, ભગવાન સ્વામિનારાયણની ઉપસ્થિતિમાં કેવું મુક્ત અને શુદ્ધ, નિખાલસ વાતાવરણ રચાતું હશે! તે પણ આ સાધકોના વલણ પરથી સમજાય છે. જેમ કે,

૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪માં – પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ભગવાનના ભક્તને પરસ્પર ઈર્ષ્યા ન કરવી.' ત્યારે આનંદાનંદ સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ! ઈર્ષ્યા તો રહે છે.'
   આનંદાનંદ સ્વામી પૂર્વે અયોધ્યાના રામગલોલા મઠના મહંત હતા. શ્રીજીમહારાજના સંતોમાં પણ તેઓ અગ્રગણ્ય સદ્‌ગુરુ હતા. આમ છતાં જાહેરમાં નિખાલસપણે પોતાની ખામીની વાત તેઓ રજૂ કરી દે છે!
૨. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૪માં બ્રહ્માનંદ સ્વામી પૂછે છે : 'કોઈ વિષયમાં પણ પોતાનાં ઈન્દ્રિયો તણાતાં ન હોય ને અંતઃકરણમાં પણ ખોટા ઘાટ થતા ન હોય ને ભગવાનનો નિશ્ચય પણ યથાર્થ છે, તોપણ અપૂર્ણપણું રહે છે અને અંતર સૂનું રહે છે તેનું શું કારણ છે?' આવા મોટા સદ્‌ગુરુ પોતાના અંતરમાં અપૂર્ણકામતા અનુભવાય છે, એવી જાહેરમાં કબૂલાત કરે, એ સામાન્ય બાબત નથી.
૩. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૬માં મુક્તાનંદ સ્વામી પણ આવો જ પ્રશ્ન પૂછે છે : 'ઈન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ

ત્રણ શરીર એ સર્વ થકી જીવનું સ્વરૂપ ન્યારું છે, એવું સત્સંગમાંથી સાંભળીને દૃઢ નિશ્ચય કર્યો છે તોય પણ ઈન્દ્રિયો-અંતઃકરણાદિક ભેળો ભળીને સુખરૂપ એવો જે જીવાત્મા તે પરમાત્માનું ભજન-સ્મરણ કરતો થકો સંકલ્પને યોગે કરીને દુખિયો કેમ થઈ જાય છે ?'

સાધના દરમ્યાન સંકલ્પ-વિકલ્પ થકી થતાં દુઃખની વાત મુક્તાનંદ સ્વામી કરે છે. આ જ પ્રકારના પ્રશ્નો તેમણે સભાની વચ્ચે વારંવાર પૂછ્યા છે.

૪. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૨માં પુછાયેલો નિર્વિકારાનંદ સ્વામીનો પ્રશ્ન પણ કેવો ખુલ્લો છે : 'નિશ્ચય હોય તોય પણ રૂડા ગુણ તો આવતા નથી અને માન ને ઈર્ષ્યા તો દિવસે દિવસે વધતાં જાય છે તેનું શું કારણ છે ?'

૫. વચનામૃત પંચાળા પ્રકરણ ૩માં મુનિબાવા, જે ભગવાન સ્વામિનારાયણના આશ્રિત બનતાં પહેલાં એક પ્રતિષ્ઠિત સંન્યાસી ધર્મગુરુ હતા, તે પ્રશ્ન પૂછે છે : 'આવો સત્સંગનો ને ભગવાનનો યોગ મળ્યો છે ને બીજા વિકાર સર્વે ટળી ગયા છે તથા સત્સંગનો ખપ છે તોપણ માન, ઈર્ષ્યા કેમ રહી જાય છે ?'

આમ, પોતાની ખામીને સભાસમક્ષ નિખાલસતાથી રજૂ કરતા આ સાધકોના જીવનમાં, વિશુદ્ધ નિર્દંભ અધ્યાત્મ-જિજ્ઞાસાનાં દર્શન થાય છે. આ પારદર્શિતા પ્રસ્તુત ગ્રંથના સંવાદની વિશ્વસનીયતાને વધુ ઘટ્ટ બનાવે છે.

આ રીતે ઉત્કૃષ્ટ શ્રોતાગણથી પણ ગ્રંથની તેના પ્રતિપાદ્ય વિષયમાં પ્રમાણભૂતતા વધી છે.

૮. પ્રમાણભૂતતા : સંતો-ભક્તોની પરંપરાના આધારે

વચનામૃતમાં જે હરિભક્તોનો કે સંતોનો ઉલ્લેખ થયો છે તેમની પરંપરાનો દોર વર્તમાનકાળમાં પણ ચાલુ છે. ભગવાન સ્વામિનારાયણે જ્યારે પોતાની દેહલીલા સંકેલી તે પૂર્વે જ તેમણે સદ્‌ગુરુઓની નિયુક્તિ કરી હતી. ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે મોટેરા સદ્‌ગુરુઓ મુમુક્ષુઓને દીક્ષા પણ આપતા. તેમણે જેમને ત્યાગાશ્રમની દીક્ષા આપી હતી, તે શિષ્યો પણ કાલાંતરે અન્ય મુમુક્ષુઓને ત્યાગાશ્રમની દીક્ષા

આપતા.

આમ, જે તે સદ્‌ગુરુઓના મંડળની શિષ્ય-પરંપરા આજે પણ વિદ્યમાન છે. અમદાવાદ, વરતાલ, જૂનાગઢ વગેરે મંદિરોમાં આ સદ્‌ગુરુ પરંપરાનો વૃક્ષ-વારસો ચિત્ર-સ્વરૂપે આજે પણ દૃષ્ટિગોચર થાય છે.

આ સિવાય ભગવાન સ્વામિનારાયણના આધ્યાત્મિક વારસદાર તેમના જ અખંડ ધારક સંત સદ્. ગુણાતીતાનંદ સ્વામી તેમના સમકાલીન હતા. શ્રીહરિનાં રહસ્ય, રુચિ અને અભિપ્રાયને સૌથી સારી રીતે જાણનારા આ ગુણાતીતાનંદ સ્વામીની આધ્યાત્મિક ગુરુપરંપરા આજે પણ વિદ્યમાન છે.

ગુણાતીતાનંદ સ્વામી પછી તેમના અનુગામી અને ગુણાતીત વંશના ધારક બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, તેમના ઉત્તરાધિકારી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, ત્યારપછી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, પછી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ તે જ સિદ્ધાંત, તે જ રહસ્ય અને તે જ ગુણાતીત વંશના વાહક સૌને નયનગોચર વર્તે છે.

આ ગુરુપરંપરાએ વચનામૃતના શબ્દોને ઝીલ્યા છે, તેનાં રહસ્ય અને વાસ્તવિક અભિપ્રાયનું પ્રવર્તન સમગ્ર વિશ્વમાં કર્યું છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ કહે છે: 'સત્પુરુષ સાક્ષાત્કારવાળા હોય છે. સાક્ષાત્ અનુભવી છે. સત્પુરુષ થકી વચનામૃતની વાતો સમજવી.' (૫ નવેમ્બર, ૨૦૧૮, ગોંડલ)

ખરા અર્થોમાં આ સત્પુરુષોએ વચનામૃતના મહિમાને પ્રવર્તાવ્યો છે. તેમના અભિપ્રાયને સમજીએ –

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી

''એક દિવસ વચનામૃત વંચાવીને કહ્યું : **'આ વચનામૃતના ચોપડામાં ચાર વેદ, ખટશાસ્ત્ર ને અઢાર પુરાણનો સાર છે.'** તેમાં મહારાજે સિદ્ધાંત વાત કરી છે તેનો અભ્યાસ કરવો.''[૩૬]

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ 'બસો બાસઠ વચનામૃતમાં જે જે રહસ્યો લખ્યાં છે, તેનો અભ્યાસ રાખવો.'[૩૭]

---

૩૬. સ્વામીની વાતો : ૬/૧૯.

૩૭. બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત વિસ્તૃત જીવનચરિત્ર : પૃ. ૨૧૭.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ

'જેમ શ્રીમદ્ભાગવત રચ્યા પછી વ્યાસજીને શાંતિ થઈ; તેમ જ આજે સમગ્ર શાસ્ત્રોના સારરૂપ વચનામૃતનો ગ્રંથ આપણને શ્રીજીમહારાજે આપ્યો છે, તેમાં મોક્ષનો ઉપાય, સત્પુરુષનાં લક્ષણ વગેરે મહારાજે બતાવી દીધું છે. તો તે ગ્રંથ સત્પુરુષ દ્વારા સમજી, મહારાજે મોક્ષનો ઉપાય બતાવ્યો છે તે સાધી લેવો. વચનામૃતમાં સર્વોપરી જ્ઞાન છે, તે સમજી શ્રીજીમહારાજનો આશ્રય કરી લેવો.'[૩૮]

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

'વચનામૃત ચાર વેદનો સાર છે.'[૩૯]

'વચનામૃત તો અમૃત વાણી. અક્ષરધામની વાણી.'[૪૦]

શ્રીમહારાજે પોતાનાં ૨૬૨ વચનામૃતોમાં તત્ત્વજ્ઞાન મૂક્યું છે. પોતાની પરાવણી ગોઠવી છે. ભગવાનની વાણી પરાવાણી કહેવાય. તમામ શાસ્ત્રોનો સાર શ્રીજીમહારાજે વચનામૃતમાં ગોઠવ્યો છે. સિદ્ધાંત .સમજ્યા વગર, જીવનમાં ઉતાર્યા વગર બીજી ગમે તેટલી વાતો કરીએ તેનું કાંઈ ફળ ન થાય. શ્રીજીમહારાજે વચનામૃતમાં પાયાનું તત્ત્વજ્ઞાન પ્રવર્તાવ્યું છે, પણ તે એક દિ'માં ન સમજાય. તેનું શ્રવણ કરી, મનન અને નિદિધ્યાસન કરવાં જોઈએ, તો તેનો સાક્ષાત્કાર થાય.[૪૧]

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

'વચનામૃતમાં બધા જ શબ્દો(સિદ્ધાંતો) આવી જાય છે. મહારાજે એમાં વેદ- વેદાંતનો સાર બતાવ્યો છે.' (તા. ૧-૬-'૯૩, મુંબઈ)

'વચનામૃતનું ચિંતન, વિચારપૂર્વકનું વાંચન કરીએ તો કોઈ સંકલ્પ, વિચાર કે પ્રશ્ન જ ન ઊઠે. **વચનામૃત અને સ્વામીની વાતો તો આપણું જીવન**

---

૩૮. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર : ૨/૧૮૬.

૩૯. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ જીવનચરિત્ર : ૩/૭૧૭.

૪૦. એજન : ૪/૨૩૧.

૪૧. એજન : ૫/૩૬૯-૩૭૦

છે. તે દરરોજ વાંચો. એમાંથી જ બળ મળશે. એમાંથી જ પુષ્ટિ થવાની છે.'

(તા. ૨૫-૪-'૯૪, કરજત)

આમ, વચનામૃતની યથાર્થતા માટે આ ગુણાતીત સંતપરંપરા સૌથી મોટો પુરાવો છે. વચનામૃતના સિદ્ધાંતો અને અભિપ્રાયને આજે એકવીસમી સદીમાં જીવતા આ સત્પુરુષો વચનામૃતનું જીવિત સ્વરૂપ છે, આમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી.

વળી, વચનામૃતમાં ઉલ્લિખિત ગૃહસ્થ હરિભક્તોના વંશજો પણ આજે હયાત છે. વણાગબોરી થર્મલ પાવર સ્ટેશનમાં રહેતા માહેશ્વર ભટ્ટના વંશજને વ્યક્તિગત મળવાનું થયું હતું. ભગવાન સ્વામિનારાયણ ધરમપુર રાજ્યમાં કુશળકુંવરબાને (સા.૨) ત્યાં રોકાયા હતા, તેમના અત્યારે વારસદાર મહારાજા કુમારી દિવ્યાદેવી હયાત છે.

આમ, લગભગ બધા જ ગૃહસ્થ હરિભક્તોના વંશજો ગુજરાત અને અન્યત્ર સ્થાયી થયેલા જોવા મળે છે.

આ સિવાય પણ, ગ્રંથમાં પ્રશ્ન પૂછનાર કે બીજી રીતે ઉલ્લેખ પામેલ હરિભક્તોનાં નામ લખાયેલાં છે, કે પછી કોઈ ઉદાહરણ સ્વરૂપે તેમનો બીજી રીતે ઉલ્લેખ થયો હોય, એવા તમામ ભક્તોનો વ્યવસ્થિત ઈતિહાસ સંપ્રદાયના અનેક ગ્રંથોમાં યથાવત્ સચવાયેલો છે. આ ભક્તોની વંશપરંપરા આજે પણ હયાત છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

'વેદો, ઉપનિષદો, ગીતા, ભાગવત આ બધાંનો સાર વચનામૃત છે. આ બધાં શાસ્ત્રો વાંચવાં, તેનો સાર કાઢવો, પછી અમલમાં મૂકવું એ બધું દરિયાને વલોવવા જેવું છે. વચનામૃત તો આપણને હાથમાં તૈયાર માખણ આપ્યું છે.

...વચનામૃતથી મોટી કોઈ વસ્તુ નથી એવો અંતરમાં આનંદ રહે છે. અખંડ બળ રહે છે. સ્પષ્ટતા થાય છે.

...વચનામૃત વાંચવાથી પ્રતીતિ થાય કે વસ્તુ સાચી છે, વચનામૃતથી ભગવાનનો આશરો દૃઢ થાય છે.'[૪૨]

●

---

૪૨. નવેમ્બર, ૨૦૦૮, 'ઈતિ વચનામૃતમ્' શિબિર, ઈન્ટરવ્યૂમાંથી ચૂંટેલા અંશો.

વચનામૃતની પ્રમાણભૂતતા વિષે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સ્વાનુભૂત વાણીમાં જણાવે છે :

'વચનામૃતની વાત કાંઈ કલ્પના નથી. પ્રત્યક્ષ આ અજમાવેલી વાત છે. જે વર્તશે તેને આ અનુભવ થશે.

વચનામૃતના પ્રશ્નોત્તર ત્રિકાલાબાધિત છે. એકદમ સાચી વાત છે. કલ્પના નથી. પ્રત્યક્ષ વાત છે...

...વચનામૃતની વાતો યેનકેન પ્રકારેણ મુમુક્ષુને મોક્ષ બાજુ લઈ જાય. આત્યંતિક કલ્યાણ તરફ લઈ જાય... આમાં જરાય શંકા રાખવી નહીં.'

(૫ નવેમ્બર, ૨૦૧૮, ગોંડલ)

૯. પ્રમાણભૂતતા : ઉપદેશકના સત્ત્વના આધારે

વચનામૃત ગ્રંથ ભગવાન સ્વામિનારાયણના ઉપદેશોનો સંગ્રહ છે. એટલે કે ભગવાન સ્વામિનારાયણ ઉપદેશક છે અને વચનામૃત ઉપદેશ. ઘણી વાર ઉપદેશક કોઈ નિશ્ચિત સમયે ઉપદેશ આપી દે, એટલે તે સર્વગ્રાહી, શાશ્વત સત્ય અને સર્વજનોનાં કલ્યાણ માટે છે એવું માની લેવું એ પણ અલેખે ગણાય. ઉપદેશ સર્વજીવહિતાવહ અને કલ્યાણકારી બને છે – ઉપદેશકના આંતર-સત્ત્વથી! અર્થાત્ ઉપદેશકનું જીવન અને તેનાં મન, કર્મ, વચનનો સમન્વય યથાર્થતા અને સત્યતાની મજબૂત પીઠિકા પર અવલંબિત હોવો જોઈએ. ઉપદેશકનું આ આંતરસત્ત્વ જ તેના ઉપદેશોને ચિરંજીવી બનાવે છે.

વચનામૃતના ઉપદેશક અને ઉદ્ગાતા ભગવાન સ્વામિનારાયણના આંતર-સત્ત્વને આપણે અહીં બે પેટા પ્રકરણોના આધારે સમજીએ.

૯.૧ ઉપદેશકનો શુદ્ધ હેતુ.

૯.૨ ઉપદેશકની આચરણમય સાધના.

૯.૧ ઉપદેશકનો શુદ્ધ હેતુ

આજે વિશ્વમાં અપાર સાહિત્ય ઉપલબ્ધ છે. દરેક વિષયો, પેટા વિષયો અને એનાથીય આગળ સૂક્ષ્મ વિષયો પર લખાયેલાં અસંખ્ય પુસ્તકો મળી આવે છે. અખિલ વિશ્વમાં અત્યાર સુધી જાણીતા, ઓછા જાણીતા, ગુમનામ, બેનામ કે અપરનામવાળા લાખો લેખકોએ પોતાના વિચારોને શબ્દદેહ

આપીને પુસ્તક સ્વરૂપે અભિવ્યક્ત કર્યાં છે. પણ પ્રશ્ન થાય છે કે આ લેખકો શા માટે લખવા માટે પ્રેરાય છે? એટલે કે પુસ્તક-રચના પાછળ તેમનું પ્રયોજન શું હતું? અભ્યાસ કરતાં ખબર પડે છે કે પ્રાયઃ માણસ નીચે પ્રમાણેનાં પ્રયોજનોના આધારે પુસ્તક લખવા પ્રેરાય છે :

૧. જીવનનિર્વાહ, આજીવિકા માટે.
૨. ઈચ્છિત સાંસારિક સુખની પ્રાપ્તિ માટે.
૩. પદ, પ્રતિષ્ઠા અને મહત્તા માટે.
૪. વિદ્વત્તાના પ્રદર્શન માટે.
૫. સમાજના/રાષ્ટ્રના હિત માટે.
૬. કોઈકને સન્માર્ગે વાળવા માટે.
૭. ધર્મ, સંસ્કૃતિ કે સંપ્રદાયના પ્રચાર-પ્રસાર માટે.
૮. 'स्वान्तः सुखाय' – પોતાના સુખ માટે વગેરે...

મોટા ભાગના લેખકોએ ઉપરોક્ત હેતુની સિદ્ધિ માટે જ પુસ્તકો લખ્યાં છે. આમાં પણ શૃંગારવર્ણનથી ભરપૂર અને રાતોરાત વેચાઈ જતી નવલકથાઓ અને વાર્તાઓની તો ભરમાર છે. ભયાનક અને રહસ્યમય કથાઓનો ઢગલો પણ કરોડોને આંબે તેવો છે. આ શું બતાવે છે? અતૃપ્ત ઇચ્છાઓ અને વાસનાઓને મધુમિશ્રિત શબ્દોના જામા પહેરાવીને ઉછાળવામાં જે લેખકો ફાવી ગયા તે જીતી ગયા. બસ, આ જ પ્રયોજનની કેડીએ ઘણાખરા લેખકો ચાલતા રહ્યા છે. આવા લેખકોના લેખનમાં, લૌકિક સત્યની ગંધ પણ ન હોય ત્યાં શાશ્વત સત્યના રણકારની કલ્પના પણ અલેખે ગણાય. દેહભાવમાં જ રાચતાં સાહિત્યમાં દેહાતીત અવસ્થાની તો વાત ક્યાંથી હોય! પરંતુ સાહિત્યમાંથી સત્યનો અર્થ ત્યારે જ પ્રસ્ફુટિત થાય જ્યારે લેખકના આત્મ- સત્ત્વમાંથી પ્રગટ થતો હોય.

આમાં વાંક વાચકોનો પણ એટલો જ છે. હંમેશાં સસ્તું, હલકું કે ગલગલિયાં કરાવનારું વાંચનારાઓ લેખકોની વૃત્તિને પણ હલકી કરતા રહે છે.

નવલકથાકાર ફ્રાન્ઝ કાફકાએ સાચું લખ્યું છે : 'આપણે જે વાંચીએ, તે પુસ્તક જો હથોડા જેવું ન હોય, જે આપણા સંશયોના થીજેલા દરિયાને તોડી ન નાખે, તો એવું પુસ્તક વાંચવાની કોઈ જરૂર નથી!'

હા, પુસ્તક એ છે જે આપણા અભિગમને ઉચ્ચ અને સ્પષ્ટ બનાવે, આપણને સત્ય અને સિદ્ધાંત સાથે જોડે!

જ્યાં ચિંતનશીલતા નથી હોતી, જ્યાં અનુભવ-ક્ષમતા નથી હોતી, જ્યાં દૈહિક પરિવેશથી પરની દૃષ્ટિ નથી હોતી અને આચરણની સારડી પર ચડીને ચાલતી ધારદાર કલમ નથી હોતી, ત્યાં લખાણને કદાચ સાહિત્યનો દરજ્જો મળી જાય પણ તે આધ્યાત્મિક ગ્રંથ કદાપિ નહીં બની શકે.

સમગ્ર વિશ્વસાહિત્યમાં વચનામૃત ગ્રંથ અદ્વિતીય ઠરે છે, તેનું એક મુખ્ય કારણ છે તેના ઉપદેષ્ટાનું આંતરસત્ત્વ!

હા, સ્વયં ભગવાન પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વામિનારાયણનો ગ્રંથ પાછળનો શુદ્ધ હેતુ! તેમની દિવ્ય અમૃતવાણી એટલે વચનામૃત! આ વચનામૃત પાછળ કયું સત્ત્વ હતું શ્રીહરિનું?

સામાન્ય રીતે ગ્રંથકર્તાઓનાં જે પ્રયોજનોને આગળ બતાવ્યાં છે, તેમાંથી એક પણ પ્રયોજન શ્રીહરિનું ન હતું. કેમ કે, ધન, સંપત્તિ, કીર્તિથી દૂર શ્રીહરિએ આજીવન બ્રહ્મચર્ય આશ્રમને સ્વીકાર્યો હતો. એટલે કે વચનામૃત ઉદ્‌બોધવા પાછળ તેમનો કોઈ લૌકિક સ્વાર્થ ન હતો, તે તેમના જીવનથી સ્વયંસિદ્ધ છે. તેઓ કહે છે :

'અમારે કોઈ સ્વાર્થ સાધવો નથી.' (ગ.મ. ૧૩)

'અમારે ચૌદ લોકની સંપત્તિ તે ત્રખલા જેવી છે.' (કા. ૬)

તો શું હતું તેમનું પ્રયોજન? તેમણે પોતે જ વચનામૃતમાં આ સત્ય ઉચ્ચારતાં કહ્યું હતું :

'અમે આ સંત સહિત જીવોના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ.' (જે. ૫)

આમ, વચનામૃત ગ્રંથ પાછળ તેમની જનકલ્યાણ ભાવના જ હતી. સર્વજીવ-હિત માટે શ્રીહરિએ આ ગ્રંથનું અવતરણ કર્યું. આમ, પ્રયોજનની દૃષ્ટિએ પણ આ ગ્રંથ વિશ્વ ઈતિહાસમાં અજોડ છે.

હા, આ ગ્રંથની વાણી જ્યાં-ત્યાંથી ભેગાં કરેલાં વાક્યો, દૃષ્ટાંતો અને પ્રસંગોથી સર્જાયેલો માવો નથી, જેને એકાદ સારા લોટના પૅકિંગમાં ભરીને બરફીની જેમ પીરસી દેવામાં આવ્યો હોય! આ સ્વયં પરબ્રહ્મની સ્વાનુભૂત વાણીનો ચમત્કાર છે. ધરતીનું ધન્ય ભાગ્ય છે કે આ સાર-વચનોનો સંગ્રહ આટલી સુલભતાથી આપણી આંખ સામે ઊઘડી રહ્યો છે...!!

આ વાણીની વિશેષતા જુઓ :

- 'હે સંતો ! જે મોટેરા મોટેરા હો ને વાતમાં સમજતા હો તે આગળ બેસો ને આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળજો. અને આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટ્યપ વધારવા સારુ નથી કરવી. એ તો એમ જાણીએ છીએ જે, 'આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય,' તે સારુ કરીએ છીએ. અને આ જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે.' (ગ.મ. ૧૩)

હજી આ સત્યની તીક્ષ્ણ ધારને જુઓ :

- 'અને આ વાતને અમે કરીએ છીએ તે કાંઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા તથા સિદ્ધાઈ જણાવવા સારુ નથી કરતા; આ તો અમારી અજમાવેલી વાત છે ને જેમ અમે વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ. કેમ જે, અમારે સ્ત્રી-ધનાદિક પદાર્થનો ભારે યોગ છે તથા પંચવિષયનો ભારે યોગ છે તથા સુરત, અમદાવાદ, વડોદરે, વરતાલે જઈએ છીએ ત્યારે હજારો માણસ ભેગા થાય છે ને તે માને છે તથા વાજતે-ગાજતે અતિ સન્માન કરીને પધરાવે છે તથા ત્યાં ત્યાં ભારે ભારે જાયગાઓ જોયામાં આવે છે તથા ભારે વસ્ત્ર-વાહનાદિકનો યોગ થાય છે; એ સર્વે છે તથાપિ પોતાના આત્મા સામી દૃષ્ટિ કરીએ છીએ તથા ભગવાનના માહાત્મ્ય સામી દૃષ્ટિ કરીએ છીએ ત્યારે એ સર્વેનું અતિ તુચ્છપણું થઈ જાય છે ને એમાં કોઈ ઠેકાણે બંધાઈ જવાતું નથી ને પૂર્વ દેહની જેમ વિસ્મૃતિ છે તેમ એ સર્વેની વિસ્મૃતિ થઈ જાય છે. માટે એ બે વાત અમારે સિદ્ધ થઈ છે તે સારુ એમ અમારે વર્તાય છે.' (ગ.અં. ૩૯)

આ વાણીમાંથી નીતર્યા સત્યનો રણકો સંભળાય છે? આત્મશ્રદ્ધા-અનુભવજ્ઞાન અને નિર્ભયતાના દર્શન થાય છે?

અને આ જુઓ ચંદ્રવદન મહેતાનું નિરીક્ષણ :

- 'જેણે સત્, ચિત્ અને આનંદનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હોય, એ મહા

સત્યને જાણ્યું - પરમાણ્યું હોય એવી વ્યક્તિને ગમે તેવો કૂટપ્રશ્ન સારામાં સારી રીતે ઉકેલવાની ફાવટ હોય છે... કેમ કે એમણે એ વાતને આચરી પણ છે... અનુભવી પણ છે... એટલે એમના કથનને અનુભવની માતબર પુષ્ટિ છે. એમના વચનમાં સચ્ચાઈનો રણકો છે. બે અર્થ થાય એવા સંશયો નહીં, અને ન સમજાય એવી અટપટી ભાષા નહીં ! સુહૃદયી વાચકના હૃદયમાં ઊતરી જાય એવી ઉક્તિઓ છે.'

આ સાક્ષરો કાંઈ 'વચનામૃત'ના નિયમિત અભ્યાસીઓ નથી. છતાંય માત્ર જિજ્ઞાસાથી જ પાનાં ફેરવનાર એ વિદ્વાનો પર પણ આ ગ્રંથે આટલું કામણ કર્યું હોય, તો આ જ ગ્રંથ જેમને માટે અધ્યાત્મયાત્રાનો નિત્ય સંગાથી છે, તેમના હૃદય પર તેનો કેટલો ઊંડો પ્રભાવ હોય તે સમજી શકાય છે. સહારા જેવા રણની ભીષણ ગરમી પછી લાગેલી તરસ હોય ને પછી અમૃત જેવું પાણી મળે, તો એ શું માત્ર 'પાણી' જ છે કે જીવતર છે ? આયુષ્ય છે ? માટે સંસ્કૃતમાં પાણીનું એક નામ 'जीवनम्' પણ છે. તેમ અધ્યાત્મયાત્રા કરનાર કે સાધનાપંથે ચાલનાર મુમુક્ષુઓ માટે આ વચનામૃત ગ્રંથ જીવનરૂપ છે. જે તેમની શ્રદ્ધાના નિત્ય નવો પ્રાણ પૂરતું રહે છે.

ભગવાન સ્વામિનારાયણ બોલ્યા હતા : 'આ જે વાર્તા અમે કરી છે તે કેવી છે ? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે, ને સારનું પણ સાર છે. અને પૂર્વે જે જે મોક્ષ પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરી રૂપ છે...' (વચ. ગ.મ. ૨૮)

હા, બે લિટર દૂધ પીવું કઠિન છે, પણ એના સારરૂપ બે ચમચી ઘી લેવું વધુ સરળ અને સુપાચ્ય છે. 'વચનામૃત' એ અર્થમાં આવો સારરૂપ ગ્રંથ હોય, તો એનું પાન આપણા માટે સર્વોત્તમ આધ્યાત્મિક પોષણ છે, કેમ કે ભગવાન સ્વામિનારાયણના આંતરસત્ત્વનું આ પોષક દૂધ છે.

વચનામૃતના ઉપદેશક ભગવાન સ્વામિનારાયણ પોતે તો આપ્તપુરુષ છે જ, તેની સાથે તેમણે વચનામૃતમાં જે સાધનાની રીત બતાવી છે તે પણ પરમ પ્રમાણભૂત છે. આ બધી સાધનાઓ મુમુક્ષુ મનુષ્ય દેહે કરીને કરી

શકે એમાં કોઈ શંકા નથી, કારણ કે આ શંકાવિહોણી સાધના તેમણે પોતાના આચરણના આધારે સિદ્ધ કરીને કહી છે.

૯.૨ ઉપદેશકની આચરણમય સાધના

વચનામૃત ગ્રંથના ઉપદેશક સ્વયં પરબ્રહ્મ પુરુષોત્તમ હોવા છતાં તેઓએ આ પૃથ્વી પર આવીને સાધનાની આદર્શ રીત બતાવી. તેઓએ વચનામૃતમાં જે જે ઉપદેશ આપ્યા છે તે પ્રથમ પોતાના જીવન દ્વારા જીવી બતાવ્યા છે. એટલા માટે જ આ ગ્રંથ સાધનાની દૃષ્ટિએ પણ અત્યંત પ્રમાણભૂત છે. ગ્રંથસ્થ શ્રીહરિના શબ્દો આચરણની અભિવ્યક્તિ છે. એમના શબ્દો પરમ પ્રમાણભૂત છે.

વસ્તુતઃ આધ્યાત્મિક સત્યો બહુધા ઇન્દ્રિયાતીત હોવાથી તેમાં શબ્દ-પ્રમાણનું સવિશેષ મહત્ત્વ છે.

'સ્વામિનારાયણ સિદ્ધાંતસુધા'માં કહ્યું છે –

શબ્દો હિ યથાર્થઃ સ્યાત્ પ્રામાણ્યં ભજતે સદા।
અન્યથા નૈવ પ્રામાણ્યં દુષ્ટશબ્દાદનર્થધીઃ ॥[૪૩]
હરેર્ગુરોશ્ચ યઃ શબ્દઃ પ્રમાણં નિખિતો મતઃ।
તદુપદિષ્ટં સચ્છાસ્ત્રં પ્રમાણં તત્કૃતાર્થઽકમ્ ॥[૪૪]

યથાર્થ શબ્દ પરમ પ્રમાણ ગણાય છે, ન કે દોષયુક્ત શબ્દો! યથાર્થ શબ્દ કોના કહેવાય? તો વાદગ્રંથકાર લખે છે કે ગુરુ અને ભગવાનના શબ્દો પરમ પ્રમાણ છે, કેમ કે તે યથાર્થ શબ્દો છે.

ન્યાયશાસ્ત્રમાં કહ્યું છે : आप्तस्तु यथार्थवक्ता''[૪૫]

એટલે કે યથાર્થ વક્તા છે, વળી જે તદ્દન સાચા અને પ્રામાણિક છે, તે જ આપ્તપુરુષ છે. અને 'आप्तवाक्यं' એ જ પરમ પ્રમાણ છે. ટૂંકમાં, ભગવાન સ્વામિનારાયણ એ આપ્તપુરુષ છે અને તેમના શબ્દો વચનામૃત પરમ પ્રમાણભૂત છે. સ્પષ્ટ રીતે કહીએ તો આપ્તમાં (સાચા પુરુષનાં) નીચેનાં લક્ષણો આવશ્યક છે :

---

૪૩. સ્વામિનારાયણ સિદ્ધાંતસુધા, કારિકા-૨૫૪.
૪૪. સ્વામિનારાયણ સિદ્ધાંતસુધા, કારિકા-૨૫૫.
૪૫. તર્કસંગ્રહ, પૃ. ૬૨ (શાશ્વતાનંદ ઝા સંપાદિત).

૧. તે યથાર્થ જ્ઞાનવાળા હોવા જોઈએ.

૨. તેના શબ્દોમાં કોઈ પણ પ્રકારની સંદિગ્ધતા ન હોવી જોઈએ.

વક્તાનું આપ્તત્વ એ ગ્રંથનો પ્રાણ છે. આથી જ, વચનામૃત ગ્રંથના વક્તા ભગવાન સ્વામિનારાયણનું આપ્તત્વ ઉપરોક્ત બંને દિશામાં જોઈશું.

૯.૨.૧ યથાર્થ જ્ઞાની

'Half–knowledge is highly dangerous' આ ઉક્તિ પ્રમાણે લૌકિક જ્ઞાનની અધૂરપ પણ લૌકિક બાબતોને સિદ્ધ કરવા અપર્યાપ્ત છે, તો પછી આધ્યાત્મિક જ્ઞાન માટે તો યથાર્થ જ્ઞાન આવશ્યક જ નહીં, અનિવાર્ય છે. આધ્યાત્મિક ક્ષેત્રનું અલ્પ કે અધૂરું જ્ઞાન વક્તાના વક્તવ્યને અપ્રમાણભૂત બનાવી દે છે. જેમ છે તેમ આધ્યાત્મિક સત્યોનો પૂર્ણ અનુભવ ભગવાન સ્વામિનારાયણને છે, તે નીચેની બાબતોના આધારે સમજી શકાય છે :

૧. તેમને સત્શાસ્ત્રોનું ઊંડું અને અર્થપૂર્ણ જ્ઞાન છે.

૨. આધ્યાત્મિક સાધના સ્વયં પોતાના જીવનમાં આચરી છે.

૩. આ સાધનામાં સફળ થઈ સર્વોચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરી છે.

૪. તેઓ સ્વયં સિદ્ધ પરબ્રહ્મ તત્ત્વ છે.

૧. સત્શાસ્ત્રજ્ઞતા

ભારતવર્ષની એ પરંપરા રહી છે કે કોઈ પણ જ્ઞાન જ્યાં સુધી શાસ્ત્ર-માન્ય ન હોય ત્યાં સુધી તે સંપૂર્ણપણે સ્વીકાર્ય થતું નથી. ભગવાન સ્વામિનારાયણે પણ આ પરંપરાને આદર આપ્યો છે. તેમના ઉપદેશમાં મૌલિકતાની સાથે સાથે, દરેક જગ્યાએ સત્શાસ્ત્રોનો નક્કર આધાર જોવા મળે છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, શ્રીમદ્‌ભાગવત, ઉપનિષદ, ઇતિહાસ, પુરાણો તેમજ સ્મૃતિશાસ્ત્રોમાંથી કોઈ સ્થાને સીધો જ સંદર્ભ ટાંકીને, તો કોઈ સ્થાને તેનો ભાવાર્થ ટાંકીને શ્રીજીમહારાજે સિદ્ધાંત સમજાવ્યો છે.

(અ) આ માટે ભગવાન સ્વામિનારાયણનો પોતાનો સત્શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ છે. એમના પોતાના જ શબ્દોમાં જોઈએ :

'આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે ? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક

જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે.' (ગ.મ. ૨૮)

શાસ્ત્રનું ફક્ત શ્રવણ કે વાંચન કરવું, તેના કરતાં તે શાસ્ત્રોનું અધ્યયન કરી તેનો મર્મ સમજવો, તેમાંથી સાર કાઢવો અને તેમાંથી સિદ્ધાંતને રજૂ કરવો એ ઘણું વિશેષ છે. શ્રીજીમહારાજે સત્શાસ્ત્રોમાંથી આ રીતે વિચારપૂર્વક સિદ્ધાંતનું દોહન કર્યું છે. તેમનાં વચનોમાં આ બાબત વારંવાર સંભળાય છે. જેમ કે, આવાં જ વચનો વચનામૃત ગ.પ્ર. ૭૮; લો. ૧૩; પં. ૨, ૪; ગ.મ. ૧૩, ૨૮, ૫૬, ૫૯, ૬૪; ગ.અં. ૩૯ વગેરે સ્થાનોમાં જોવા મળે છે.

(બ) ભગવાન સ્વામિનારાયણને સ્વયં સત્શાસ્ત્રોનાં વચનોમાં અતિ દૃઢ વિશ્વાસ છે. વિશ્વાસ અને શ્રદ્ધા વિનાનું વાંચન અને મનન ફક્ત માહિતી વધારે છે, જ્ઞાન નહીં. ભગવાન સ્વામિનારાયણને કેવો વિશ્વાસ છે તે તેમનાં વચનોમાં જણાય છે. જેમ કે,

'મોટાપુરુષે જે શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યું છે તે સર્વે સત્ય છે.' (ગ.મ. ૬)

'મોટાનાં કરેલાં શાસ્ત્ર તો ખોટાં થાય જ નહીં.' (ગ.મ. ૨૭)

'શ્રીમદ્‌ભાગવત આદિક જે સચ્છાસ્ત્ર તે સત્ય છે અને એ શાસ્ત્રમાં જે કહ્યું હોય તે તેવી જ રીતે થાય છે પણ બીજી રીતે થતું નથી.' (ગ.મ. ૩૦)

૨. સાધનામાર્ગનું અનુભવજ્ઞાન

આધ્યાત્મિક માર્ગમાં ઉપદેશ અને આચરણ બંનેનો સમન્વય હોય તો જ વક્તાના ઉપદેશની અસર થાય છે. આપ્તત્વનું આ એક બહુ મહત્ત્વનું અંગ છે, જેના વિના ઉપદેશ અર્થહીન બની જાય છે. ભગવાન સ્વામિનારાયણ પોતાના સંતોને જ્યારે ઉપદેશ આપવા માટે મોકલતા ત્યારે તેમને પણ એ જ શીખવતા કે 'વાત તો વર્તમાન (વર્તન-નિયમધર્મ) કરશે.'

આ એમનો સિદ્ધાંત હતો. આથી જ એમણે જે ઉપદેશ આપ્યો, એ બધી જ સાધના પોતાના જીવનમાં આચરી. જોકે પોતે પરબ્રહ્મ હતા, પૂર્ણકામ હતા, તો પણ અન્યને પ્રેરણા મળે એ માટે તેઓ એ બધાં જ સોપાનોમાંથી પસાર થયા, જેમાંથી સાધકે પસાર થવાનું હોય.

● દૈહિક સાધના

બાળપણથી જ તેઓએ ભક્તિને પોતાના જીવનમાં પ્રધાન સ્થાન આપ્યું હતું. નવધા ભક્તિ (શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવા, અર્ચન, વંદન, દાસત્વ, સખ્ય, આત્મનિવેદન) તો આજીવન એમના જીવનનું અભિન્ન અંગ બનીને રહી હતી. વનવિચરણની કઠિન પરિસ્થિતિમાં પણ શાલિગ્રામને સાથે રાખી તેનું અર્ચનાદિ નિત્યસેવન કરતા હતા.

ભક્તિમાં પોતાની આસક્તિને વર્ણવતાં તેઓ કહે છે :

અમારે તો ભગવાનની કથા, કીર્તન કે વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી ને તમારે પણ સર્વેને એવી રીતે કરવું. (ગ.મ. ૪૯)

આ જ રીતે સંયમ અને તપનું પણ ઉત્કૃષ્ટ ઉદાહરણ પોતાના આચરણથી જ તેઓએ આપ્યું છે.

વનવિચરણ દરમ્યાન નીલકંઠવર્ણી રૂપે કરેલી આકરી તપશ્ચર્યા કોઈ પણ તપસ્વીને પ્રેરણા આપવા પર્યાપ્ત છે. રામાનંદ સ્વામી પર તેઓએ લોજથી લખેલા પત્રમાં જણાવ્યું હતું :

‘તપ કરું છું કઠણ તને, નથી મોળો હું પડતો મને;
ચારે માસ ચોમાસાના જેહ, કરું ધારણાં-પારણાં હું તેહ.
વર્ષોવરસ કાર્તિક માસ, કરું છું સામટા ઉપવાસ;
વળી એ માસમાં કોઈ સમે, કરું કૃચ્છ્રવ્રતને તે અમે.
ત્યારપછી માઘ માસમાંય, કરું પારાકકૃચ્છ્ર કહેવાય;
ચાંદ્રાયણ એકાદશી લઈ, સર્વે વ્રત કરું છું હું સઈ.
કૃષ્ણ પ્રસન્ન કરવાને કાજ, તેનું દુઃખ મને નથી મહારાજ;
પંચવિષયથી મન ઉતારી, કરું છું તપ કઠણ ભારી.’

(ભક્તચિંતામણિ; પ્ર.૪૨/૧૧-૧૪)

લોજમાં નીલકંઠવર્ણીએ પ્રવેશ કર્યો ત્યારથી તેઓએ નાનામાં નાની સેવાને ઉત્સાહથી કરવા માંડી હતી. છાણ એકઠું કરવું, છાણાં થાપવાં, ભિક્ષા માંગવી, વાવમાંથી પાણી ભરી લાવવું વગેરે સેવા તેઓ પોતાની મહત્તાને ભૂલી જઈને કરતા. સેવા માટેની એમની ઝંખના એમનાં વચનોમાં પડઘાય છે.

● વૈચારિક સાધના

આધ્યાત્મિક સાધનામાં શારીરિક ક્રિયા કરતાં વૈચારિક પ્રક્રિયાનું મહત્ત્વ ઘણું વિશેષ છે. પોતાનાં ઉપદેશ-વચનોમાં પણ શ્રીજીમહારાજે મનની સાધના વિશેષ બતાવી છે. આવી સાધના મુમુક્ષુઓની પ્રેરણા માટે તેઓએ પોતાના જીવનમાં પણ આચરી બતાવી છે. પ્રસ્તુત ગ્રંથનો અભ્યાસ કરતાં પ્રતીત થાય છે કે, ભગવાન સ્વામિનારાયણ પોતે ખૂબ વિચારશીલ છે. તેમની આ પ્રકૃતિની નોંધ સંપાદક સંતોએ વારંવાર લીધી છે, જેમાં શ્રીજીમહારાજે ઘણી વાર સુધી વિચારમાન સ્થિતિમાં રહીને પછી ઉપદેશ આપવાનો પ્રારંભ કર્યો હોય, તેવા ઉલ્લેખો છે. ભગવાન સ્વામિનારાયણનાં પોતાનાં વચનોમાં પણ પોતાના વિચારોની વાત રજૂ થઈ છે. જેમ કે,

પ્ર.૨૬ – ''...અમે પણ જ્યારે તમે રસિક કીર્તન ગાવો છો ત્યારે આંખ્યો મીંચીને વિચારીએ છીએ તે આવો જ વિચાર કરીએ છીએ. અને અમારો વિચાર થોડો જ છે પણ ભગવાન વિના તે વિચારમાં બીજું કાંઈ ટકી શકતું નથી.''

મ.૫૭ – ''...જ્યારે તમે કીર્તન ગાતા હતા, ત્યારે અમે કીર્તન સાંભળતાં જેમ વિચાર કર્યો છે તે વિચાર કહીએ છીએ જે...''

ભગવાનના માહાત્મ્યનો વિચાર, શરીર-આત્માના વિવેકનો વિચાર અને જગતની નશ્વરતાનો વિચાર કરવાની વાત શ્રીહરિએ વારંવાર કરી છે. આ તમામ વિચારો પોતે પણ ખૂબ દૃઢતાપૂર્વક કર્યા છે, તેની વાત પણ તેઓએ જણાવી છે. જેમ કે,

લો.૧૪ – ''...રામાનુજ સ્વામીએ જેવી રીતે ક્ષર-અક્ષર થકી પર જે પુરુષોત્તમ ભગવાન તેનું નિરૂપણ કર્યું છે તે પુરુષોત્તમ ભગવાનને વિષે તો અમારે ઉપાસના છે, તથા ગોપીઓના જેવી તો એ પુરુષોત્તમ ભગવાનને વિષે અમારે ભક્તિ છે તથા શુકજીના જેવો તથા જડભરતના જેવો તો અમારે વૈરાગ્ય છે ને આત્મનિષ્ઠા છે.''

અં.૧૩ – ''...એવી રીતે ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે અમે અમારા મનને અતિશય પ્રીતિએ કરીને જોડી રાખ્યું છે અને તે ભગવાન વિના બીજું કોઈ પદાર્થ વહાલું રાખ્યું નથી; માટે શા સારુ ભગવાનમાં પ્રીતિ નહીં

રહે ? અને ભગવાનનાં કથા-કીર્તનાદિક કરતા હોઈએ ત્યારે તો એવી મસ્તાઈ આવે છે જે, જાણીએ, દીવાના થઈ જવાશે.''

પં. ૧ – ''...ભગવાનના ધામના સુખનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે સર્વે જે બીજાં સુખ તેથી ઉદાસ થઈને મનમાં એમ થાય છે જે, 'આ દેહ મૂકીને એ સુખને ક્યારે પામીએ ?' અને સ્વાભાવિકપણે પંચવિષયનું ગ્રહણ કરતા હોઈએ તેમાં તો કાંઈ ઝાઝો વિચાર થતો નથી, પણ જો તે વિષયમાં કાંઈક સારપ્ય મનાય છે ત્યારે તુરત એ ભગવાનના સુખમાં દૃષ્ટિ પૂગી જાય છે અને મન અતિ ઉદાસી થઈ જાય છે... આવી રીતે અમારો વિચાર તે તમારા સર્વેના વિચાર કરતાં અમને અધિક જણાયો છે.''

પોતાનાં ઇન્દ્રિયો-અંતઃકરણ સામે સાધકે કઈ રીતે શૂરવીર થવું જોઈએ, તે પોતાના ચરિત્રથી સમજાવતાં કહે છે :

પ્ર. ૨૬ – ''...અમારો વિચાર થોડો જ છે પણ ભગવાન વિના તે વિચારમાં બીજું કાંઈ ટકી શકતું નથી. અને ભગવાનના સ્વરૂપમાં જ રસિક પ્રીતિ છે તેમાં જો કોઈ વિષય આડો આવે તો તેનું માથું ઊડી જાય એવો અમારો બળવાન વિચાર છે.''

પ્ર. ૧૮ – ''...મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર તેમને તો હું પકડી લઉં છું; જેમ સિંહ બકરાને પકડે છે તેની પેઠે એ અંતઃકરણને પકડું છું.''

ભગવાન વિના અન્ય પદાર્થ અંતરમાં ન પ્રવેશે તે માટેની જાગૃતિ (ગ.અં.૯), આ દેહની નશ્વરતાનું અનુસંધાન (ગ.અં. ૩૦), ભક્તનો ભૂલમાં પણ દ્રોહ ન થઈ જાય તેનો વિચાર (વર. ૧૧) વગેરે તેઓએ પોતાના આચરણમાં સાધકના આદર્શ તરીકે દર્શાવેલા છે.

આ રીતે પોતે પુસ્તકો વાંચીને બોલી જનાર વક્તા નથી, પણ સ્વયં સાધના કરીને માર્ગદર્શન આપનાર ઉપદેશક છે.

૩. સદા સર્વોચ્ચ જ્ઞાનસ્થિતિ

શ્રીહરિનું પ્રાગટ્ય અનંત જીવોને માયાથી મુક્ત કરી અક્ષરધામના અધિકારી બનાવવા માટે હતું. સાધક સાધના કરીને માયાથી પર થઈ શકે છે તેવી સમગ્ર પ્રક્રિયાને પોતાના જીવનદ્વારા સિદ્ધ કરી બતાવી અને લાખો લોકો માટે સાધનાનો આદર્શ પ્રસ્થાપિત કર્યો.

फलानुमेयाः प्रारम्भाः એ કથનાનુસાર, સાધન સાચું છે કે નહીં તે તો જ્યારે, તેનું ફળ મળે ત્યારે જ ખબર પડે છે. જે માર્ગે ભગવાન સ્વામિનારાયણ ચાલ્યા એ માર્ગ સાચો ત્યારે જ કહી શકાય, જ્યારે તેમને પોતાને ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત થઈ હોય.

આ જ રીતે પોતાને આત્મા-પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર છે તેની વાત શ્રીજીમહારાજે બહુ સ્પષ્ટપણે કહી છે.

પ્ર.૭૩ – "...જ્ઞાને યુક્ત વૈરાગ્ય છે તે તો વડવાનળ અગ્નિ તથા વીજળીનો અગ્નિ તેવો છે, તે કોઈ કાળે ઓલાય નહીં અને તે વિના બીજા વૈરાગ્યનો તો વિશ્વાસ આવે નહીં. અને અમારો જે વૈરાગ્ય તે તો જેવો વીજળીનો અગ્નિ તથા વડવાનળ અગ્નિ તે સરખો છે."

મ.૫૦ – "...આજ તો અમારું જે રહસ્ય છે તે તમને સર્વેને અમારા જાણીને કહીએ છીએ જે, જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થાય છે અને જેમ સતી અને પતંગ તે અગ્નિને વિષે બળી જાય છે, અને જેમ શૂરો રણને વિષે ટુકટુક થઈ જાય છે, તેમ એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે અમે અમારા આત્માને લીન કરી રાખ્યો છે. અને તે તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ, તેને વિષે મૂર્તિમાન એવા તે પુરુષોત્તમ ભગવાન ને તે ભગવાનના જે ભક્ત તે સંગાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે અને તે વિના કોઈ પદાર્થમાં પ્રીતિ નથી, એવું અમારે અખંડ વર્તે છે."

અં.૨૧ – "...આપણે તો આત્મા છીએ તે આપણે દેહ ને દેહનાં સંબંધી સાથે શા સારુ હેત જોઈએ? આપણે તો સત્તારૂપ રહીને ભગવાન તથા ભગવાનના ભક્ત સંગાથે હેત કર્યું છે, પણ દેહબુદ્ધિએ કરીને હેત કર્યું નથી."

ભગવાન સ્વામિનારાયણની આ સ્થિતિનું વર્ણન એમનો અહંકાર નથી. પોતાનું સ્વરૂપ ભક્તોને ઓળખાય તો એમનું રૂડું થાય એવી એમની ભાવના છે. આ સ્થિતિમાં પોતે વર્તે છે એમાં દંભ નથી. દંભી પુરુષ કઈ રીતે ઓળખી શકાય તે ભગવાન સ્વામિનારાયણે પોતે જ આ ગ્રંથમાં સમજાવ્યું છે. જે પોતે દંભી હોય તે દંભને ઓળખવાનો ઉપાય ન બતાવે; પરંતુ અહીં તેઓ સ્વયં આવો પ્રશ્ન ઉપસ્થિત કરે છે, અને જવાબ આપે છે :

લો.૫ – "...એવો કપટી હોય ને તે ડાહ્યો હોય તેને કેવી બુદ્ધિએ કરીને ઓળખીએ?" ત્યારે એનો ઉત્તર પણ પરમહંસને ન આવડ્યો ત્યારે

શ્રીજીમહારાજે કહ્યું જે : ''એ તો એમ ઓળખાય જે, એનો સહવાસ હોય ને ખાધે-પીધે, બેઠતે-ઊઠતે, ચાલતે-હાલતે પોતા ભેળો રહેતો હોય ત્યારે પોતે તેની ખબર રાખે ને પોતાથી નોખો પડે ત્યારે પણ બીજા માણસ પાસે તેની છાની ખબર રખાવે, ત્યારે તેનું કપટ ઓળખ્યામાં આવે.''

આવી જ રીતે, વચનામૃત લો. ૧૬ અને વર. ૫માં પણ દંભી કે કપટી વ્યક્તિના સંગ થકી, તેની ભેળો વ્યવહાર કર્યા થકી અથવા તો વિષમ દેશકાળાદિકે કરીને તેનું કપટ જણાઈ આવે છે, એમ ભગવાન સ્વામિનારાયણ સમજાવે છે.

આ ઉપાય અનુસાર, જે ભેગા રહે તે વ્યક્તિનું યથાર્થ સ્વરૂપ જાણી શકે. ભગવાન સ્વામિનારાયણની સાથે રહેતા બુદ્ધિશાળી સંતોએ એમનું જીવન નજીકથી જોયું છે અને એમના જીવનમાંથી અધ્યાત્મના પાઠ શીખ્યા છે. ભગવાન સ્વામિનારાયણે આ સંદર્ભમાં પોતાના અંગત સેવક મૂળજી બ્રહ્મચારી(મુકુંદ બ્રહ્મચારી)ની વાત કરતાં કહ્યું છે કે, આ મુકુંદ બ્રહ્મચારી છે તે ભોળા જેવા જણાય છે તો પણ અમારા સ્વભાવને યથાર્થ જાણે છે જે, 'મહારાજ તો આકાશ જેવા નિર્લેપ છે અને એમને કોઈ પોતાનું પણ નથી અને પારકું પણ નથી.' (કા.૬, પ્ર. ૭૩)

આમ, ભગવાન સ્વામિનારાયણની ભેગા રહેનારા સંતો-ભક્તો તેમની સર્વોચ્ચ જ્ઞાનસ્થિતિને જાણતા હતા.

આવી સર્વોચ્ચ જ્ઞાનની સ્થિતિવાળા જ બીજાની આધ્યાત્મિક સ્થિતિ ઘડી શકે.

ભગવાન સ્વામિનારાયણના યોગે તેમના ભક્તોને પણ જ્ઞાનની એવી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી. તેઓના યોગમાં આવનાર અનેક સંતો અને બાઈ-ભાઈ હરિભક્તો સંસારના મોહબંધનથી મુક્ત થયાં હતાં. એવા સંખ્યાબંધ પ્રસંગો ઇતિહાસમાં સચવાયેલા છે.

શ્રીહરિના પરમહંસો ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિના ધારક હતા. આ સંતોના સંબંધથી જેમ પારસના સ્પર્શથી લોઢુ કંચન બની જાય તેમ અન્યનું હૃદય નિર્મળ બની જતું, તો જેમનાથી એમની એવી સ્થિતિ થઈ તેમની આંતરિક સ્થિતિ કેવી હશે તે સ્વયં જણાઈ આવે છે.

અગતરાઈના પર્વતભાઈ, માંગરોળના ગોરધનભાઈ, ગઢડાના

દાદાખાચર, નેનપુરના દેવજી ભક્ત વગેરે ભક્તો સંસારમાં રહેવા છતાં સંસારથી નિર્લેપ વર્તતા હતા, જેમનાં નામોની યાદી પ્રાપ્ત ઇતિહાસ પ્રમાણે પણ ઘણી લાંબી થઈ શકે.

ગઢપુરનાં જીવુબા અને લાડુબા, ઉદયપુરના રાણીપદને છોડી નીકળી ગયેલાં ઝમકુબા, વાંકિયાનાં રાજબાઈ, ભુજનાં લાધીમા વગેરે સ્ત્રીભક્તોના જીવનમાં પણ પૂર્વે શાસ્ત્રોમાં નોંધાઈ હોય એના કરતાંય મૂઠી ઊંચેરી આધ્યાત્મિકતા જોવા મળે છે.

આ બધાંના કેન્દ્ર સ્થાનમાં ભગવાન સ્વામિનારાયણની સર્વોચ્ચ આધ્યાત્મિક સ્થિતિ હતી.

આ રીતે, આધ્યાત્મિક માર્ગનો, સાધના-પથનો એમનો અનુભવ કેવળ સાધનાના માર્ગ પૂરતો જ નહોતો, પરંતુ તે સાધનોથી પ્રાપ્ય એવી સર્વોચ્ચ સ્થિતિ સુધીનો હતો.

અહીં એક વાતની સ્પષ્ટતા કરવી ઘટે કે ભગવાન સ્વામિનારાયણે આ પૃથ્વી પર આવીને સાધના કરીને ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ મેળવી આ કથન માત્ર ભક્તજનને શિક્ષા અને પ્રેરણા માટે છે. વાસ્તવિક દૃષ્ટિએ તો ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ હતા, જે વચનામૃતમાં બહુ જ સ્પષ્ટપણે કહ્યું છે :

'અને એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયા કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઇષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે... અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.' (ગ.અં. ૩૮)

જ્યારે સર્વોપરી ભગવાન ઉપદેષ્ટા તરીકે બોલતા હોય ત્યારે, એમનાં અધ્યાત્મ-વિષયક વચનોની પ્રમાણભૂતતા ચોક્કસપણે વિશેષ સિદ્ધ થાય છે.

૪. સ્વયં સર્વજ્ઞ પરબ્રહ્મ

ભગવાન સ્વામિનારાયણ સ્વયં પરબ્રહ્મ પુરુષોત્તમ હોવાથી તેઓ જડ

અને ચેતનમાં અંતર્યામી સ્વરૂપે વ્યાપક છે એટલે કે સર્વજ્ઞ છે – આવી વાત તેમણે અનેક વાર વચનામૃતમાં પણ કરી છે (વચ. ગ.અં. ૩૮, જે. ૫, ગ.અં. ૨૮, ગ.મ. ૧૩).

આ વાતને સાંભળનાર અને તેની નોંધ કરનાર પુરુષોની પ્રતિભા પણ નોંધપાત્ર હતી. શાસ્ત્રજ્ઞ અને અધ્યાત્મક્ષેત્રના અનુભવી સંતો પાસે ગમે તે વ્યક્તિ 'હું ભગવાન છું' એમ કહે તો સ્વીકારી લે એવા તો નહોતા જ. ગુણાતીતાનંદ સ્વામીના શબ્દોમાં કહીએ તો – 'બકરાં, ગાયું, ભેસું ને ઊંટ એ સર્વે વાડામાં રહે પણ વાઘ હોય તે વાડામાં પુરાય નહીં.' (સ્વા.વા. ૨/૨૩)

આધ્યાત્મિક સત્યોમાં સ્વયં પરબ્રહ્મનાં વચન શ્રેષ્ઠ પ્રમાણ છે, કારણ કે તેમનામાં સર્વજ્ઞતા રહેલી છે.

કોઈ વ્યક્તિ પુસ્તક વાંચીને હિમાલયમાં આવેલા બદરીનાથનો રસ્તો બતાવે, એના કરતાં એક વખત સ્વયં તે રસ્તે જઈને આવ્યો હોય તો વધુ ચોક્કસપણે રસ્તો બતાવી શકે. તેમાં પણ, છ મહિના પહેલાં જનાર વ્યક્તિ કરતાં આજે ત્યાં જઈને આવનારની વાત વધુ પ્રમાણભૂત છે. અને એ બધા કરતાં, સમગ્ર રસ્તો પ્રત્યક્ષપણે જોતાં જોતાં જ તેના વિષે વાત કરે તે સૌથી વધુ પ્રમાણભૂત છે. તેમ સર્વે આધ્યાત્મિક સત્યને હસ્તામલકવત્ પ્રત્યક્ષ જોનાર પરબ્રહ્મનાં વચનો કોઈ શાસ્ત્રવિશારદ, સાધક કે સિદ્ધની સરખામણીમાં વધુ પ્રમાણભૂત છે.[૪૬]

ભગવાન સ્વામિનારાયણ કહે છે : '...હું તો ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણે કાળને વિષે સર્વ ક્રિયાને જાણું છું અને આંહીં બેઠા સતા પણ સર્વેને જાણીએ છીએ અને માતાના ઉદરને વિષે હતા તે દિવસે પણ જાણતા હતા અને ઉદરને વિષે નહોતા આવ્યા તે દિવસ પણ જાણતા હતા.'[૪૭]

પરબ્રહ્મનું આ સર્વજ્ઞત્વ સર્વથી વિશેષ છે, કારણ કે તે સર્વેના અંતર્યામી છે.

एष त आत्मा अन्तर्याम्यमृतः (બૃ.ઉ. ૩/૭/૩) આ શ્રુતિવચનાનુસાર, પરબ્રહ્મ સર્વે જગતમાં અંતર્યામીપણે રહીને તેનું શાસન કરે છે, આથી તેને માટે કશું જ અપરોક્ષ નથી. जानाति, इच्छति, यतते એ પ્રસિદ્ધ કાર્ય-કારણન્યાય

---

૪૬. વચનામૃત રહસ્ય, ભાગ-૧, પૃ. ૮૮.

૪૭. વચનામૃત જેતલપુર પ્રકરણ ૫.

અનુસાર, જે જગતના કર્તા છે, તેને તો તેના સર્જન પહેલાં જ તેનું સંપૂર્ણ જ્ઞાન છે. આથી, પરમાત્માના વચનનું પ્રમાણ સર્વાધિક છે. આમ, ઉપદેષ્ટાને 'યથાર્થ જ્ઞાન' હોય ત્યારે તેનું આપ્તત્વ સિદ્ધ થાય છે. તે સિદ્ધાંતાનુસાર આ ગ્રંથના ઉપદેષ્ટાનું આપ્તત્વ આપણે જોયું.

૯.૨.૨ ઉપદેશની અસંદિગ્ધતા

'વચનામૃત'નું અધ્યયન કરનાર સાહિત્યવિદોએ તેમાં પ્રકટ થતી અસંદિગ્ધતાને આ રીતે નોંધી છે :

'સહજાનંદ સ્વામીનાં વચનામૃતોનો સંગ્રહ, એ તો ગુજરાતી ભાષાનું એક રત્ન છે. એમાં કોઈ ઠેકાણે ભ્રમકારક, સંશયાત્મક કે મોળી વાત જોવામાં નહીં આવે. એમાં ઠેક-ઠેકાણે એ વચનો કહેનારનો સ્વાનુભવ પ્રત્યક્ષ થાય છે.'[૪૮]

'વચનામૃત એક અનુપમ ગ્રંથ છે... મનુષ્યના મનમાં જે જે શંકા ઉદ્‌ભવે એનું ત્યાં જ સમાધાન અને એ એટલું સંતોષકારક હોય છે કે પછી ક્યાંય સંશયને સ્થાન રહેતું નથી.'[૪૯]

વક્તાનાં વચનોમાં સ્પષ્ટતા હોવી એ તેના શ્રોતા માટે બહુ મહત્ત્વની બાબત છે. 'આ વાત આમ જ છે' – એવા આત્મવિશ્વાસપૂર્વકની વાત જ ઉપદેશ કરવા યોગ્ય હોવી એ તેના શ્રોતા માટે બહુ મહત્ત્વ અને સત્યતાની પ્રતીતિ ઉત્પન્ન કરી શકે છે. ભગવાન સ્વામિનારાયણનાં વચનોની આ લાક્ષણિકતા છે. તેમણે જે વાત કરી છે તેમાં અત્યંત દૃઢતાપૂર્વક સત્યતાનું પ્રતિપાદન કર્યું છે.

પોતાની વાતમાં કોઈને સંશય ન રહે તે માટે પાંચ જગ્યાએ ભગવાન સ્વામિનારાણે સમ ખાઈને વાત કરી છે :

પ્ર. ૧૮ – "....ઇત્યાદિક જે જે પદાર્થ લાવે છે તેને અંગીકાર કરીએ છીએ તે તો તેના જીવના રૂડા વાસ્તે કરીએ છીએ પણ અમારા સુખને વાસ્તે કરતા નથી; અને જો અમારા સુખને વાસ્તે કરતા હોઈએ તો અમને શ્રીરામાનંદ સ્વામીના સમ છે."

---

૪૮. કિશોરલાલ મશરૂવાલા, સ્વામિનારાયણ સંત સાહિત્ય, પૃ. ૩૮.

૪૯. ચંદ્રવદન ચીમનલાલ મહેતા, સ્વામિનારાયણ સંત સાહિત્ય, પૃ. ૮૬.

મ. ૧૩ – "...અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે. અને જો પ્રત્યક્ષ જોઈને ન કહી હોય તો અમને સર્વે પરમહંસના સમ છે."

મ. ૩૩ – "...જે દિવસ થકી અમે જન્મ્યા છીએ તે દિવસથી કરીને આજ દિવસ પર્યંત કોઈ દિવસ જાગ્રતમાં અથવા સ્વપ્નમાં દ્રવ્યનો કે સ્ત્રીનો ભૂંડો ઘાટ થયો હોય તો આ સમગ્ર પરમહંસના સમ છે."

અં. ૨ – "...એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંત-સભાના સમ છે. તે સમ શા સારુ ખાવા પડે છે જે, સર્વને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં આવતું નથી, તે સારુ સમ ખાવા પડે છે."

અં. ૨૧ – "...અમે તો જેવા સર્વથી પર જે દિવ્ય અક્ષરધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જો આ સત્સંગીને ન જાણતા હોઈએ, તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે."

આધ્યાત્મિક ગ્રંથમાં આ રીતે સમ ખાઈને શ્રોતાના હૃદયમાં શ્રદ્ધા-વિશ્વાસની જ્યોત પ્રગટાવી દેનાર ભગવાન સ્વામિનારાયણની આ રીત વિરલ છે. વક્તાના આપ્તત્વમાં અને પરિણામ ગ્રંથની પ્રમાણભૂતતામાં આ વચનો વિશેષ ઉપકારક છે.

વચનામૃત ગદ્ય-સાહિત્યની વિશેષતાઓ

પ્રસિદ્ધ સાહિત્યકાર ઉમાશંકર જોશી લખે છે : 'ગુજરાતી ગદ્યનો વિકાસ એ અભ્યાસનો એક અત્યંત રસપ્રદ વિષય બની શકે. જૂના સમયમાં ગદ્ય ઓછું છે, પણ છે ખરું. અભિવ્યક્તિના એક સાધન તરીકે એની મુલવણી કરવાનો પ્રયત્ન હજુ બાકી છે.'

વચનામૃતના ગદ્ય-સાહિત્યનું ખેડાણ કરવાથી આ વાતની પુષ્ટિ મળશે.

ગુજરાતી વિશ્વકોશ કહે છે: ગુજરાતી ગદ્ય બે તરાહમાં (પેટર્ન) વિકસ્યું. લલિત અને લલિત-ઈતર. ગુજરાતી ગદ્યનો મધ્યકાળ તેરમી સદીથી સન ૧૮૫૦ સુધીનો ગણાયો છે. આ સમયગાળામાં મુખ્યત્વે 'બાલાવબોધ' કે 'સ્તબક' (ટપ્પા), ઔક્તિક અને 'વર્ણક' પ્રકારોમાં ગુજરાતી લખાણ ખેડાયું, જે 'શુષ્ક અને અણઘડ' હતું. સાહિત્યિક દૃષ્ટિએ સન ૧૪૨૨માં પ્રથમ વાર 'પૃથ્વીચંદ્રચરિત' ગદ્યમાં લખવા પ્રયત્ન થયો, છતાં તેનું લખાણ 'કર્ણરંજક પ્રાસાનુપ્રાસ'ને કારણે 'પદ્યકલ્પ' પદ્ય તરીકે જ ગણાવાયું.

ભગવાન સ્વામિનારાયણનું વિચરણ ગુજરાતની ધરતી પર થાય તે પૂર્વે સન ૧૭૪૮થી ગુજરાતમાં મરાઠી શાસન સ્થપાઈ ચૂક્યું હતું. અખો, પ્રેમાનંદ અને શામળ સમા કવિઓ જન્મી ચૂક્યા હતા. ગુજરાતી ભાષામાં કવિતા અને આખ્યાનો દ્વારા તેમણે વિચાર-મૌક્તિકો પ્રજા સમક્ષ મૂકવા માંડ્યાં હતાં, પણ 'ભગવદ્ગોમંડલ' લખે છે : જ્યાં સુધી પ્રજામાં વિચારશીલતા ન જાગે, ત્યાં સુધી સાહિત્યરૂપે ગદ્ય ઉત્પન્ન થઈ શકતું નથી.

આવા સમયે, અધ્યાત્મ, દર્શન અને માનવજીવનની સમસ્યાઓને

સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે એવા ઉકેલો સાથેનો અને તેના સંકલનરૂપે એક ગ્રંથ ગુજરાતી પ્રજાને પ્રાપ્ત થાય એવી તો કોઈએ કલ્પના પણ ક્યાંથી કરી હોય? પણ ગિરા ગુર્જરીનાં એ ધન્યભાગ્ય છે કે મધ્યકાળના અંતભાગમાં પ્રજાના અંતરને ઘડે એવો અદ્‌ભુતગ્રંથ તેને પ્રાપ્ત થયો : વચનામૃત!

વિશ્વકોશના સંપાદકો લખે છે : સ્વામી સહજાનંદનું ગદ્ય એ સમયે પણ (સન ૧૮૨૦ થી ૧૮૩૦) પદ્ય સંસ્કારોથી મુક્ત બન્યું હતું. તેનું સાદું, અલંકાર રહિત અને સ્પષ્ટ રીતિ સાથેનું ગદ્ય, વિચારોના સીધા કથનનો પ્રભાવ લાવે છે અને અર્વાચીન ભાષાસ્વરૂપના આવિષ્કારથી તે ગ્રંથ અર્વાચીન ગદ્યની દિશા ઉઘાડનાર બને છે!

સંવત ૧૮૮૬, સન ૧૮૩૦માં શ્રીહરિએ દેહલીલા સંકેલી હતી. તેના બે વર્ષ પૂર્વે લખાયેલા એક પત્રમાં તે સમયની ભાષાનો ખ્યાલ આવે છે :

'સવશત શરી રાજનગર માંહે, શુભસ્થાને, પૂજારાધે, તમોતમો (ઉત્તમોત્તમ), આરાચનની આણ, સકળ ગુણ નિધાન, ચૌદવિદ્યા જાણ, પંખીઓના પ્રાગવડ, પરનારી સહોદર, શેઠ શરી પાંચ ભૂખણદાસ ભવાનીદાસની ચીરણજીવી એતાન શ્રી...........થી લખીતંગ.........ના ઝવાર વાંચશો. શેઠની ખેમા ખુશાલીના કાગળ લખજો. અપરંગ બીજું શેઠ વડા છો. ચંતા કરો છો. ચંતાના ધણી છો, તે થકી સેવક જાણીને મળવા પધારજો... સંવત ૧૮૮૪ના વરખે ચૈતર શુદી...'

આ પત્ર ટાંકીને સંશોધક બી. જી. વાઘેલા નોંધે છે કે આ ગદ્ય-નમૂના પરથી ખ્યાલ આવશે કે ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતોની ભાષા કેટલી સુબોધ, સુસ્પષ્ટ, સરળ ને હૃદયંગમ છે!

ભલે 'ગુજરાતી ગદ્યના પિતા' તરીકેનો યશ કવિ નર્મદને જતો હોય, પણ ગુજરાતના સાક્ષર કવિ ઉમાશંકર જોષીનું નિરીક્ષણ બહુ સ્પષ્ટ છે. તેઓ લખે છે કે 'નર્મદે કબૂલ કર્યું છે કે રેવરંડ જારવિસે તેમને ગદ્ય લખતાં શીખવ્યું, પણ ૧૮૩૦માં લીલા કરી ગયેલા સ્વામી સહજાનંદની હાજરીમાં સંપાદિત થયેલો 'વચનામૃત'નો ગ્રંથ ગુજરાતી ગદ્યસિદ્ધિનું શિખર છે! અંગ્રેજીની અસર નીચે નવું ગદ્ય લખાવું શરૂ થયું, તેની તરત પૂર્વે ગુજરાતીની ગદ્ય લઢણો કેવી હતી, તેનો પરિચય 'વચનામૃત'ની મદદથી થઈ શકે છે.'

સામાન્ય માન્યતા એવી છે કે 'ગદ્ય લખવું એ સહેલું છે અને પદ્ય

લખવું વિકટ છે;' પણ વિવેચન ક્ષેત્રમાં જેઓ ઉચ્ચતમ કોટિના વિવેચકો છે, એમણે 'ગદ્ય લખવું એ અઘરું છે' એવું વિવિધ કારણો સમજાવી સ્પષ્ટ કરી આપ્યું છે, અને આ વિધાનમાં પશ્ચિમ તથા પૂર્વ બંનેના વિવેચકો સંમત છે.

પ્રાયઃ ગદ્ય માહિતી અને મનોરંજન પૂરું પાડનાર શબ્દોની ગોઠવણી બની જતું હોય છે; જ્યારે વચનામૃત ગદ્ય આ બાબતે અત્યંત વિશિષ્ટ કહી શકાય કે આ ગદ્ય આચાર સાથે જોડેયેલું ગદ્ય છે, મુમુક્ષુને અધ્યાત્મની ઊંચાઈ પર લઈ જતું ગદ્ય છે.

જે મુમુક્ષુ છે, જે પ્રભુની સતત ખોજમાં રહી આત્મ સાક્ષાત્કારને પામી પોતાના અંતરાત્માને અંતરમાં રહેલા પરબ્રહ્મની સાથે સંયોગ કરે છે અને એમ કરતાં પરમપદને પામે છે, પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે, એવા પરમેશ્વરની સંપૂર્ણ કૃપા પામેલી, એમની સાથે એકતા કરીને જ જીવનારી વ્યક્તિઓ અત્યંત ઓછી જ હોય. એમાંયે ઉપદેશ, કથા, કથન, સૂત્રો લખી જનારાઓની સંખ્યા પણ ઓછી હોય. એમાં પણ ગદ્યમાં કહેનારા-લખનારા જવલ્લે જ મળે છે. એમાંથી ભગવાન સ્વામિનારાયણનું સ્થાન ઘણું ઊંચું, એક જ છે. એમણે સ્વતઃસિદ્ધ સાક્ષાત્કારથી જોયું ને દર્શનમાં તે વર્ણવ્યું. પરમતત્ત્વ વિષે તો અખા ભગતે સ્પષ્ટ શબ્દોમાં કહી જણાવ્યું કે એ 'અનિર્વચનીય છે,' 'વાણીમાં ન જાયે કહ્યો,' 'બાવન બહારો રે', 'મૂગે કો સપના ભયો' જેવી વાત છે. અખા ભગતે જે જોયું, માણ્યું તે 'અનુભવો આનંદ આજ,' 'આજ મોહે અદ્‌ભુત આનંદ આયા' – એમ શબ્દો-રમત વાંચવા મળે છે; એ અવર્ણનીયનું વર્ણન કરવા કોઈ સમર્થ નથી. તેની સામે ભગવાન સ્વામિનારાયણે પરબ્રહ્મની મૂર્તિનું તેમજ તેના સુખનું બહુ જ સ્પષ્ટ વર્ણન કર્યું છે.

આમ, વચનામૃત આકાશમાં કુસુમ ઉગાડવાનો પ્રયાસ નથી, પરંતુ વાસ્તવિક ધરાતલ પર પુષ્ટ થયેલું સર્વજનને મદદરૂપ તરુવર છે.

વચનામૃત ગદ્ય-સાહિત્યની આ વિશેષતાઓને કેટલાક મુદ્દાઓના આધારે સમજીએ.

૧. સરસ અને સરળ ગુજરાતી ગદ્ય-શૈલી

પ્રખર સાહિત્યકાર અને વિવેચક ચંદ્રવદન ચીમનલાલ મહેતા લખે છે :

''વચનામૃત' એક અનુપમ ગ્રંથ છે. સાક્ષાત્કાર તો થયો, પણ

સાક્ષાત્કારનો રસ્તો સરળ કે વિકટ-જ છે તેવો, સ્પષ્ટ રીતે કહેનાર શ્રી સ્વામિનારાયણ છે. એ જે ઊચર્યા તે લખાણું. એની સરળતા, એની સ્પષ્ટતા, એમાંની તર્કબદ્ધ રજૂઆત વાચકને મુગ્ધ કરી દે છે; હૈયા સોંસરવી એ ઊતરી જાય છે. મનુષ્યના મનમાં જે જે શંકા ઉદ્ભવે, એનું ત્યાં જ સમાધાન અને એ એટલું સંતોષકારક હોય છે કે પછી ક્યાંય સંશયને સ્થાન રહેતું નથી. વળી, એ નમ્રતાપૂર્વક અને માર્ગદર્શક પણ હોય છે.

વચનામૃતમાં ઊંડી ફિલોસૂફી, માયા, એના આવરણ, એના છેદન, વૈરાગ્યનાં લક્ષણ, શ્રદ્ધાતત્ત્વ, જ્ઞાન-ભક્તિ, આત્મનિષ્ઠા, સત્સંગ એવા અને વિકટ અને ગૂઢ લાગતા વિષયોનું પાકું અને સરળ સ્પષ્ટીકરણ તો છે જ. એ આખો ગ્રંથ જ એટલો સરળ છે કે એ લખાણો ઉપર ક્યાંય કંઈ ઓપ ચઢાવવાની કે એમાંનાં કથનોનું વિવરણ કરવાની જરૂર રહેતી જ નથી. અહીં ફક્ત એ ગદ્યમાં જે વિવિધ પ્રકારના શબ્દસમૂહો, શબ્દગુચ્છો અને અવનવા પ્રયોગો કરવામાં આવ્યા છે તે પ્રત્યે જ ધ્યાન દોરવાનો હેતુ છે. એ કારણથી જ એ ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિના માર્ગદર્શક પુસ્તક ઉપરાંત, એ એક ગુજરાતી સાહિત્યનો ગ્રંથ પણ બની રહે છે. ટૂંકમાં, મહાત્મા ગાંધીજી રાજકારણમાં પડેલી વ્યક્તિ હતી, છતાં એમને સાહિત્ય પરિષદના પ્રમુખ-સ્થાને બેસાડ્યા, એમ જ એના કરતાં પણ વધારે હક્ક-દરજ્જાથી, આજે હયાત હોત, તો શ્રી સ્વામિનારાયણને પણ સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાને બિરાજમાન કર્યા હોત અને એમની પાસેથી અત્યંત, ઉચ્ચ પ્રકારની સાહિત્યની વ્યાખ્યા આપણે પામ્યા હોત, અને એમ આપણે એક સેવાકાર્ય અને ધર્મકાર્ય પણ કરવાનો સંતોષ લીધો હોત.'

આમ, વચનામૃતની સરળતા અને સરસતા પણ વિદ્વાનોને અહોભાવથી પ્લાવિત કરી દે છે.

હિંદુ શાસ્ત્રોની પરંપરામાં વેદો, ઉપનિષદો, પુરાણો, સ્મૃતિઓ, મહાભારત, રામાયણ વગેરે બધું જ ધાર્મિક સાહિત્ય પ્રાયઃ સંસ્કૃતમાં છે. તેમાંય તત્ત્વજ્ઞાનના ગ્રંથો તો બહુધા સંસ્કૃત ભાષામાં અને તે પણ સૂત્રાત્મક રીતે લખાયેલા છે. એટલે એ વાંચવા-સમજવામાં મોટા ભાગના વાચકો-પાઠકોને મુશ્કેલી અનુભવવી પડે તે સ્વાભાવિક છે. તેથી બધા લોકો આવા અઘરા ગ્રંથોનો સંપૂર્ણ લાભ લઈ શકતા નથી. આચાર્યોએ પણ પ્રસ્થાનત્રયી ઉપર

સંસ્કૃતમાં જ ભાષ્યો રચીને તેનો દુર્બોધ અર્થ-ન્યાયની શૈલીથી સમજાવ્યો છે. તેથી તેમની ન્યાયસભર સંસ્કૃત ભાષા પણ સામાન્ય મનુષ્યને સમજવી કઠણ છે.

વળી, સામાન્ય જન-સમાજની ભાષા સંસ્કૃત ન હોવાને લીધે, સંસ્કૃતને સારી રીતે જાણનારા પંડિતવર્ગ પોતાના સ્વાર્થ ખાતર પોતાને મનપસંદ રીતે શાસ્ત્રોના અર્થો કરીને લોકોને સમજાવીને ગેરમાર્ગે દોરતા હોય છે, એવું આજ સુધી અનેક જગ્યાએ અનેક વાર થતું જોવા મળ્યું છે.

કેટલાક ભક્તકવિઓએ પોતપોતાના અનુભવોને આધારે રચેલું કેટલુંક ધાર્મિક સાહિત્ય ગુજરાતીમાં છે, પરંતુ તે ગેય છે. છંદ, દુહા, ચોપાઈ કે જુદા જુદા રાગ-ઢાળનાં કીર્તનો-ભજનોમાં આ ઉપદેશ સમાયેલો છે. પરંતુ કેટલીક વાર એમાં પણ ગૂઢ રહસ્યમય હોવાથી બધા જ લોકો સુગમતાથી સમજી શકતા નથી.

જ્યારે **વચનામૃત ગ્રંથ લોકભોગ્ય, સરળ ગુજરાતી ગદ્યપદ્ધતિમાં રચાયેલો હોવાથી, તે સમજવામાં ખૂબ જ સુગમ છે.** તેથી જ ઓછું ભણેલા આપમેળે વાંચીને કે અભણ લોકો કેવળ સાંભળીને પણ તેનો લાભ સારી રીતે લઈ શકે તેમ છે.

ઘણી વાર અધ્યાત્મના અનુભવવિહોણા વક્તાઓ, ન સમજાય એવા ભારેખમ અને અઘરા શબ્દોની માયાજાળ રચીને પોતાની પંડિતાઈનું પ્રદર્શન કરવા અને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવા મથતા હોય છે. **પરંતુ અહીં વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન સ્વામિનારાયણ લોકોત્તર ઉપદેષ્ટા છે. તેમણે લોકોની બુદ્ધિ કસવા માટે નહીં, પણ સર્વના જીવનમાં આત્મસાત્ કરાવવા માટે ઉપદેશ આપેલો છે.**

તેથી જ, સર્વ શાસ્ત્રોના સારભૂત અધ્યાત્મનાં ગહન રહસ્યોને સાદી, સીધી અને સરળ ગુજરાતી ભાષામાં ઢાળી, તેમને પ્રખર પંડિતોના પોકળ પ્રલાપ અર્થાત્ નિરર્થક વાદ-વિવાદમાંથી બહાર કાઢીને, જન-જનના જીવન સુધી વહેતાં કરનાર કોઈ અદ્‌ભુત ગ્રંથ હોય તો તે વચનામૃત જ છે.

૨. વચનામૃતમાં વિશિષ્ટ શબ્દપ્રયોગો

જેમ જેમ ભાષાનો વિકાસ થયો તેમ તેમ તેમાં અનેક પ્રકારના નવા શબ્દો ઉમેરાતા ગયા અને જૂના શબ્દો લુપ્ત થતા ગયા. ગુજરાતી ભાષામાં

પણ કાંઈક આવું જ બન્યું. આજે તે પ્રાચીન શૈલીને જોવી અને સમજવી હોય તો વચનામૃતનો અભ્યાસ કરવો પડે.

હવે વચનામૃતના વિશિષ્ટ શબ્દપ્રયોગોને માણીએ –

'ગોપીઓ કાંઈ ભોળિયો નહોતી' (સા. ૧૫). અહીં ભોળીનું બહુવચન ભોળીઓ કરતાં 'ભોળિયો' વિશિષ્ટ છે.

વળી, આ ક્રિયાપદોનો પ્રયોગ વાંચો : 'માયાને તરી ગયી.' (ગ.પ્ર.૪૨)

તે જ પ્રમાણે, 'અક્ષરધામ તેને પામિયો.' (ગ.પ્ર. ૪૨)

અહીં કર્મને પ્રથમા વિભક્તિમાં મૂકીને પછી તેનું સર્વનામ કર્મમાં મૂકવામાં આવ્યું છે. બેસીને માટે 'બેસવે કરીને' (સા. ૨) વગેરે...

વળી, પ્રાચીન સમયના તળપદી શબ્દો –

ઘેડ (બંધ બેસતી) બેસતી નથી (ગ.પ્ર. ૪૧), ટેલ(સેવામાં તત્પરતા)-ચાકરી કરવી (સા. ૨), દૃષ્ટિ પ્રોવાણી (ઓત-પ્રોત) હોય (સા. ૨).

આજે ભાષામાં કેટલાક લુપ્ત થઈ ગયેલા પ્રયોગો – દા.ત. ચાલુ ભૂતકાળના ભાષામાંના પ્રયોગો વચનામૃતમાં ઠેર ઠેર વાંચવા મળે છે : 'પછી નારદજી ગાનવિદ્યા **શીખતા હવા** (ગ.પ્ર. ૪) અને ભગવાન આગળ ગાતા હવા.'

એ જ પ્રમાણે, કેટલાંક ક્રિયાપદો તથા નામને અવનવીન રીતે વપરાયેલાં, છતાં અર્થવહનમાં ક્યાંય નડતરરૂપ નહીં થનારા પ્રયોગો પણ છે. ભાષાને સમૃદ્ધ કરવામાં એમનો ફાળો મોટો છે. જેમ કે, 'શાસ્ત્રમાં જ્યાં જ્યાં અધ્યાત્મવાર્તા આવે છે તે કોઈને સમજાતી નથી અને **ભ્રમી** જવાય છે' (ગ.પ્ર. ૭); 'અંતઃકરણને વિષે ઇચ્છા વર્તે તેને પણ વાસના કહીએ' (ગ.પ્ર.૧૧); પદાર્થમાત્રના આકારને **'જણવી દેવાપણું'** (ગ.પ્ર. ૧૨); પદાર્થને વિષે **'ગૌણપણે રહેવાપણું'** (ગ.પ્ર. ૧૨) અને ચક્ષુ ઇન્દ્રિયે કરીને ગ્રહણ કરવાપણું **'એ રૂપનું રૂપપણું'** (ગ.પ્ર. ૧૨) છે. આ કૂટપ્રશ્નને કેટલી સરળતાથી સાદી ભાષામાં ઉતાર્યો છે એ વાંચવા જેવો છે !

'હૈયામાં હિંમત્ય રહે' (ગ.પ્ર. ૧૫); 'પોતાના સ્વરૂપને જોયાનો આદર કર્યો ને ન દીઠું ?' (ગ.પ્ર. ૨૦); અહીં 'આદર કરવાનો' આ કેટલો સુંદર શબ્દપ્રયોગ છે તે નોંધવા જેવો છે !

લીંબુની ચિર્ય (ચિરી) ચૂસવાની ઉપમા વાપરી તેઓ કહે છે : 'તેમ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર

અંતઃકરણ અને દસ ઇન્દ્રિયોરૂપ જે **ડાઢ્યો** તે સર્વે **'અંબાઈ'** જાય છે; ત્યારે એ જીવ મનરૂપ પોતાને ડાઢ્યે કરીને વિષયના સંકલ્પરૂપી ચણાને ચાવવાને સમર્થ થતો નથી.' (ગ.પ્ર. ૨૪). આ આખા ફકરામાં **'ડાઢ્ય'** શબ્દનો ઉપયોગ જોવા જેવો છે, વિચારવા જેવો છે.

'જેમ સૂર્ય સામી ધૂડની ફાંટ ભરીને નાંખીએ તે પોતાની આંખમાં પડે છે' (ગ.પ્ર. ૨૪), અહીં 'ફાંટ'નો પ્રયોગ; 'અષ્ટાંગયોગ સાધવે કરીને ચિત્તનો નિરોધ' (ગ.પ્ર. ૨૫), એમાં 'સાધવે'નો પ્રયોગ; 'સમજણ્યને કેફે કરીને છકી પણ જવું નહીં' (ગ.પ્ર. ૨૫), અહીં 'કેફ'નો પ્રયોગ; 'પૂર્વે જે જે અનંત પ્રકારનાં **આશ્ચર્ય** થઈ ગયાં છે... તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે' (ગ.પ્ર. ૨૭), 'આશ્ચર્ય'ને નામને મોટા પદે સ્થાપી, 'થકી'ને બદલે 'વતી', અને 'વતી'નું 'વતે' કર્યું છે, એ નવીનતા જ છે.

મહાપુરુષો, જ્ઞાની પુરુષો, સંસાર તરી ગયેલા પુરુષો માનવીએ ઘડેલા સામાન્ય વ્યાકરણના નિયમોને પાળતા નથી, એ તો એમની અંતરપ્રેરણા વડે જ ચાલતા હોય છે. જે ભગવાનને પામ્યો છે, તે વ્યક્તિ વિષે આગળ ઉપર કહે છે : 'એવી સામર્થીએ યુક્ત થકો પણ અન્ય જીવનાં માન-અપમાનને સહન કરે છે, એ પણ મોટી **સામર્થી** છે; કાં જે, સમર્થ થકા...' (ગ.પ્ર. ૨૭).

અહીં 'સમર્થ' શબ્દને બે-ત્રણ રીતે રમાડ્યો, લડાવ્યો છે. ભજન સાહિત્યમાં 'સમરથ' શબ્દ વપરાયો છે, અહીં સમર્થ ઉપરથી સામર્થી કર્યો છે; એને ખોટો કહેનાર કોણ સમર્થ છે?

'ધ્રુવજીએ ભગવાનની સ્તુતિ કરવા માંડી ત્યારે વેદાદિકના અર્થની સહેજે **સ્ફૂર્તિ** થઈ' (ગ.પ્ર. ૨૯). 'સ્ફૂર્તિ' એટલે ચેતના, સાદા અર્થ અને નાના પ્રમાણમાં - જાગૃતિના અર્થમાં છે. અહીં **'સહેજે સ્ફૂર્તિ થઈ'** એ જ્ઞાનના અર્થમાં, આપમેળે સૂરણ થવું ના અર્થમાં છે. એ વાત નીચે કે પ્રકરણ પાછળ કશી નોંધ આપ્યા વિના સૌ કોઈ એનો અર્થ સમજી જઈ શકે એમ છે. તેમણે 'સ્ફૂર્તિ' શબ્દને નવી તાજગી પણ બક્ષી છે.

'વચને કરીને કોઈને **દુખવાય** ખરું' (ગ.પ્ર. ૩૧). અત્રે મન દુભવવાની વાત છે, પણ 'દુખવાય' શબ્દ વાપર્યો છે. આગળ ઉપર એ જ ફકરામાં 'દુખવે છે' એટલે કે દુઃખ દે છે એમ વાપર્યો છે.

હવે વાંચો આ વર્ણન :

'પરમેશ્વરે આ જગતની સૃષ્ટિ કરી છે તે દિવસથી એવી જ કળ ચડાવી મૂકી છે જે ફરીને પરમેશ્વરને દાખડો કરવો પડે નહીં અને સંસારની જે વૃદ્ધિ કરવી તે પોતાની મેળે જ થયા કરે, એવો ફેર ચડાવી મૂક્યો છે.' (ગ.પ્ર. ૩૪)

આમાં 'કળ', 'દાખડો' અને 'ફેર' શબ્દોનો ઉપયોગ. 'દાખડો' શબ્દ કેટલાકને નવો લાગે, પણ વાક્ય વાંચતાં અર્થ સ્પષ્ટ થતાં વાર લાગતી નથી. સંસાર, આ રમકડાં, આ ઘડિયાળની ગતિ, આ ચાકડો, એવા બધા શબ્દો મગજમાં રમમાણ થઈ જાય છે. વર્ણન એટલું સુંદર ને સરળ છે કે આવા શબ્દ-પ્રયોગને સમજતા લેતાં વાર લાગતી નથી.

આપણે ત્યાં 'સુરત' શબ્દ સાહિત્યમાં વિવિધ અર્થમાં વાપર્યો છે. નરસિંહે 'સુરત-સંગ્રામ' કાવ્ય લખ્યું; કલાપીના સંબંધમાં કાન્તે 'સૂરતાની વાડીના મીઠા મોરલા' લખ્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણ ચપટી વગાડી કહે છે, 'સર્વે સાવધાન થઈને સાંભળો... તે વાત તો સ્થૂળ છે પણ સૂધી સૂરત દઈને સાંભળશો તો સમજાશે' (ગ.પ્ર. ૪૭). 'સૂધી' એટલે સારી મતિવાળાઓને, 'સૂરત' – ધ્યાન દઈને સાંભળવા કહ્યું. આ નવો જ શબ્દ-પ્રયોગ છે.

વળી, ચાર પ્રકારના કુસંગ ગણાવતાં પહેલો કુસંગ તે કુડાપંથીનો ! આ 'કુડાપંથીનો સંગ થાય તો વર્તમાનમાંથી ચુકાડીને ભ્રષ્ટ કરે' (ગ.પ્ર. ૪૮); અહીં 'ચુકાડી' એટલે એ જ અર્થ ચૂકવીને – જે રસ્તે જતા હો એમાંથી આડે રસ્તે લઈ જાય, પણ મૂળ રસ્તો ભુલાવી દે, ચુકાડી દે !

એ જ પ્રમાણે 'આશ્રય' શબ્દ પણ એમણે વિવિધ અને સુંદર, સરળ રીતે વાપર્યો છે. 'દ્વારિકામાં તો ભગવાન સાંખ્યમતને **આશર્યા** હતા' (ગ.પ્ર. ૭૩).

આમ, આખા વચનામૃત ગ્રંથમાં પાને-પાને ગુજરાતી ગદ્યને સમૃદ્ધ કરનારા શબ્દ-પ્રયોગો વાંચવા મળે છે. ઉપમા-અલંકારના સંબંધમાં પણ એમ જ એક આખો વિસ્તૃત લેખ થાય એટલી સામગ્રી એમાં છે. આધ્યાત્મિક તથા યોગની, ધ્યાન-તપની વિકટમાં વિકટ ક્રિયા તથા સમસ્યાની વાતો સાદામાં સાદાં અને સરળ વાક્યોમાં એમણે વચનામૃતના ગ્રંથમાં સમજાવી છે. અલબત્ત, જેણે સત્, ચિદ્ અને આનંદનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હોય, એ મહાસત્યને જાણ્યું - પરમાણ્યું હોય, એવી વ્યક્તિને ગમે તેવો કૂટપ્રશ્ન હોય તે સાદામાં સાદી રીતે કહેવાની સહસા ફાવટ આવી જાય છે, કારણ એમના

મનમાં એ આખી વાત અતિશય સરળ છે. એમણે એ આચરી પણ છે. એમણે એ અનુભવી છે. એટલે એમના કથનને માતબર અનુભવની પુષ્ટિ છે. એથી એવી વ્યક્તિઓનાં લખાણમાં કે વચનમાં સચ્ચાઈનો રણકો છે. બે અર્થ થાય એવા સંશયો નથી. ન સમજાય એવી અટપટી ભાષા નથી. સહૃદયી વાચકને એના હૃદયમાં ઊતરી જાય એવી ઉક્તિઓ છે.

ગુજરાતી ગદ્ય-સાહિત્યમાં ભગવાન સ્વામિનારાયણનો આ અનન્ય ફાળો છે. લેખનકલા સિદ્ધ કરવા માટે કોઈ પણ ઊગતા લેખકે બીજાનાં ગદ્ય વાંચવાં ઘટે એમ જ, વચનામૃતનું ગદ્ય અભ્યાસ માટે પણ ફરી ફરી વાંચવું ઘટે. એમાંથી એ અનેક પ્રકારના લાભ મેળવી શકશે એ નિસંશય છે.

આમ, 'વચનામૃત' એ ગુજરાતી સાહિત્યનું ઝળહળતું નક્ષત્ર છે.

૩. દૃષ્ટાંત-સિદ્ધાંત શૈલી

સામાન્ય જનસમૂહ ગહન સિદ્ધાંતોને સમજવામાં કાચા પડતા હોય છે. આ સિદ્ધાંતોને લૌકિક દાખલાઓ અને રોજિંદી ક્રિયાઓના આધારે સમજાવવામાં આવે, તો તે સ્પષ્ટપણે ગ્રાહ્ય બને છે. વૈદિક સાહિત્યમાં પણ આ ગહન સિદ્ધાંતોને સમજાવવા માટે લૌકિક અને સરળ દાખલાઓનો પ્રયોગ થયો હતો. વચનામૃતમાં આ પ્રયોગ તેની ચરમ સીમાએ નજરે પડે છે.

આપણે અગાઉ જોઈ ગયા છીએ કે વચનામૃતનો નિરૂપિત વિષય અધ્યાત્મ છે. તેમાં ઇન્દ્રિયોને અગોચર એવાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ જેવાં તત્ત્વોનું તથા તપ, ત્યાગ, સેવા, સત્સંગ, સંયમ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, શ્રદ્ધા, આશરો, ઉપાસના, જન્મ-મરણ, પુનર્જન્મ, કર્મસિદ્ધાંત, બંધન, મુક્તિ, જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય જેવા વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ બધાં ગહન અને રહસ્યમય તત્ત્વો - વિષયોને બુદ્ધિપ્રતિભા-સંપન્ન વિદ્વાનોને પણ સમજવા અતિ કઠણ છે તો સામાન્ય ભણેલ કે અભણ લોકોની તો તેમાં ચાંચ જ ક્યાંથી ખૂંચે ?

એ હકીકત છે કે ભગવાન સ્વામિનારાયણની સમક્ષ બેઠેલા શ્રોતાઓમાં મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુનિબાવા, દીનાનાથ ભટ્ટ એવા મહાસમર્થ વિદ્વાનો હતા, અને સાથે સાથે ગામઠી ગુજરાતી સમજી શકે એવા અશિક્ષિત કે અલ્પશિક્ષિત ગામડાંના લોકો

પણ હતા. **આવા બંને પ્રકારના શ્રોતાઓની સમક્ષ, ભગવાન સ્વામિનારાયણે ગહન તત્ત્વચર્ચા અને અધ્યાત્મ-વિષયક વાતોને વિદ્વદ્ભોગ્ય અને લોકભોગ્ય શૈલીનું સંતુલન કરીને સમજાવી છે.**

ભગવાન સ્વામિનારાયણની સમજાવવાની ફાવટ ગજબની છે, કારણ કે અધ્યાત્મની ગૂઢ અને સૂક્ષ્મતમ વાતોને સમજાવવા માટે વિવિધ લૌકિક દૃષ્ટાંતો, મૌલિક દૃષ્ટાંતો, પૌરાણિક આખ્યાનો-પ્રસંગો-દૃષ્ટાંતો-પાત્રો, સત્સંગના સંતો-હરિભક્તોનાં પ્રસંગો-દૃષ્ટાંતો, ઉપમાઓ, રૂપકો, કહેવતો, રૂઢિપ્રયોગ અને તર્ક-દલીલોનો ઉપયોગ કર્યો છે. **એમને જ્યારે, જ્યાં, જેને, જે સમજાવવું છે, ત્યારે, ત્યાં, તે વ્યક્તિ અને વિષયને અનુરૂપ જ દૃષ્ટાંત, પ્રસંગ, ઉપમા, રૂપક, રૂઢિપ્રયોગ, કહેવત કે તર્કનો ઉપયોગ ખૂબ જ ટૂંકમાં અથવા તો વિસ્તૃત રીતે રજૂઆત કરીને કર્યો છે.**

ભગવાન સ્વામિનારાયણે પોતાના ઉપદેશોમાં ખાસ કરીને લૌકિક જીવનમાં, જે તે સમુદાયમાં જેને જે અનુભવસિદ્ધ હોય તેવાં અને દિન-પ્રતિદિન નજર સમક્ષ થતાં કૌટુંબિક, સામાજિક, વ્યાવહારિક, વ્યાવસાયિક દૃષ્ટાંતો, પ્રસંગો, ઘટનાઓ, હકીકતો કે વાસ્તવિકતાનો ઉપયોગ ભરપૂર કર્યો છે. જેમ કે –

કોશ (ગ.પ્ર. ૨૫), કૂવામાં પાણીની સેર (ગ.મ. ૨), ખારભૂમિ (સા. ૧૮), ફાળકો (ગ.મ. ૧) તથા મરચાં, લીંબડા, શિંગડિયા વછનાગનાં બીજમાંથી ઊગતા જુદા જુદા છોડ (ગ.અં. ૧૪), કૂવાના કાંઠા પરનો પથરો (ગ.મ. ૧,૩૩), બરછીની અણી (કા. ૧), યુદ્ધ અને શત્રુઓ (ગ.પ્ર. ૭૦; ગ.મ. ૨૨), સોનાનો દોરો (ગ.અં. ૨૧) કે સોનીની પેઢી (ગ.મ. ૫૫), નામું (ગ.પ્ર. ૩૮; સા. ૧૮), અગ્નિથી તપાવેલ લાલચોળ લોખંડનો ગોળો (ગ.મ. ૬૬; પં. ૭; ગ.અં. ૨૦), દારૂ અથવા અફીણની અસર (ગ.અં. ૩૩), રાજનીતિ (ગ.મ. ૧૨), ક્ષયરોગ (લો. ૧; સા. ૫; ગ.મ. ૪૭), કીડિયારોનો રોગ (ગ.પ્ર. ૧૮) અને વિષયાસક્તિના રોગ માટે જુદાં જુદાં ઔષધ (ગ.મ. ૨; ગ.મ. ૧૬).

આવાં સૌને અનુભવસિદ્ધ દૃષ્ટાંતોનો ઉપયોગ જુદા જુદા વિષયોને સમજાવવા જુદી જુદી રીતે કર્યો છે.

ક્યારેક તો શ્રીહરિએ કોઈક વિષયને વધારે સરળતાથી સમજાવવા માટે સૌને પ્રત્યક્ષ એવાં જડ પદાર્થો, વસ્તુઓ તથા નદી, પર્વત, સમુદ્ર વગેરેનો પણ

ઉપયોગ ખૂબ કર્યો છે. જેમ કે, લોઢું (પં. ૭; ગ.મ. ૬૬), સોનું અને અન્ય ધાતુ (ગ.મ. ૪), કોડી-સોનામહોર (પં. ૧), ત્રાંબાનો પૈસો-સોનામહોર (ગ.મ. ૧૦), બદામ-રૂપિયો-સોનામહોર (ગ.અં. ૨૭), લાકડાં-છાણાં-પથરા-કચરો (ગ.મ. ૧), કચરો-કંચન (ગ.પ્ર. ૩૬), ચમકપાણ (વર. ૧૩), સોળવલું સોનું (ગ.પ્ર. ૫૬; ગ.મ. ૫૫), હીરો (ગ.પ્ર. ૫૧), દર્પણ (ગ.પ્ર. ૪૭; ગ.મ. ૬), દીવો-મશાલ-વીજળી-વડવાનળ (વર. ૩), બીજ-ફોતરું (વર. ૬), વાટ-દીવો-કોડિયું (ગ.અં. ૩, ૪), આંબલીનું બીજ (કા. ૧૨), લીંબુ કે કેરીની ખટાશ (ગ.પ્ર. ૨૪, ૭૩; કા. ૧૨; ગ.મ. ૧૩), ડાંગર (ગ.અં. ૧૮), લવણ (ગ.મ. ૬૫), દૂધ-ઝેર (ગ.પ્ર. ૩૫; સા. ૪; લો. ૧૦; ગ.અં. ૧૨, ૧૯), સાબરમતી - મહી નદી (અમ. ૩), સમુદ્ર (ગ.અં. ૧૪, ૩૯), સમુદ્રવહાણ (ગ.પ્ર. ૩૭, ૪૨, ૬૧; કા. ૧; ગ.મ. ૩૫), મધ (ગ.અં. ૩), પથરો (ગ.મ. ૧૩), તુંબડી (ગ.પ્ર. ૨૭), પર્વત (વર. ૪), પતંગ (વર. ૪), કાંટો (ગ.પ્ર. ૧૦), ત્રખલું (કા. ૬), કોઠી-થાંભલો (લો. ૭), ગાડું (ગ.મ. ૩૩), કાંચનું મંદિર (ગ.મ. ૨૧), સોયદોરો (લો. ૧૪), તલવાર (કા. ૧), તીર (સા. ૭), ડગલો (ગ.પ્ર. ૪૪), દીપક (ગ.મ. ૬૨), ફુવારો (વર. ૪), તીર-કમાન (ગ.અં. ૧૮), મીણ પાયેલ દોરો (ગ.અં. ૨૧), કાખનો મુવાળો (ગ.મ. ૫૫), ભાંગ્ય-અફીણ-દારૂ-ગાંજો (લો. ૮), ખીર (ગ.અં. ૩૯), નરમ દોરી (ગ.મ. ૧, ૩૩), મશાલ (પં. ૧), ઘડો (ગ.પ્ર. ૨૩), અર્ધબળેલું કાષ્ઠ (ગ.પ્ર. ૨૮), માળો અને ખીલો (ગ.પ્ર. ૩૨), ધૂળ (ગ.પ્ર. ૪૪), કાંટો (ગ.પ્ર. ૬૬, ૭૦), શૂળી (ગ.પ્ર. ૭૦; ગ.અં. ૨૮), ચંદ્ર (સા. ૧૭; વર. ૧૨), સૂર્ય (લો. ૧૫), તારા (લો. ૧૩) વગેરે અનેક નાના-મોટા પદાર્થોનો ઉલ્લેખ કરીને જુદી જુદી આધ્યાત્મિક વિચારણાને સ્પષ્ટ કરી આપી છે.

વળી, શ્રીજીમહારાજે મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી – બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય (વાણિયા, દરજી, ખેડૂત વગેરે), શૂદ્ર (શ્વપચ, ચંડાળ વગેરે), આરબ, યવન જેવી જુદી જુદી જ્ઞાતિ તેમ જ જુદા જુદા વ્યવસાય કરતા તથા બાળ, યુવાન અને વૃદ્ધ એમ જુદી જુદી ઉંમરનાં સ્ત્રી-પુરુષોની ભિન્ન ભિન્ન સ્વાભાવિક પ્રકૃતિઓ, પ્રવૃત્તિઓ અને રીતભાતોનો ઉપયોગ અનેક વિષયો - તત્ત્વો - સિદ્ધાંતોને સમજાવવા અનેક વાર કર્યો છે.

એવી જ રીતે, દરરોજ અથવા અવારનવાર નજર સમક્ષ થતાં કેટલાંક પશુઓ, પ્રાણીઓ, પક્ષીઓ અને જીવજંતુઓની સહજ સ્વાભાવિક પ્રકૃતિ

અને પ્રવૃત્તિનો પણ અનેક વાર ઉપયોગ કર્યો છે. ખાસ કરીને, સિંહ, બકરું (ગ.પ્ર. ૧૮), વાનરું (ગ.પ્ર. ૩૨), કૂતરો (ગ.પ્ર. ૨૬; ગ.મ. ૪૧), હડકાયું કૂતરું (લો. ૧; ગ.અં. ૧૨), ગલૂડિયું (સા. ૧), ગધેડું (ગ.મ. ૬), ઘોડું (ગ.પ્ર. ૨૭), ધણિયાતું અને હરાયું ઢોર (ગ.પ્ર. ૩૨), કાચબો (ગ.પ્ર. ૪૬; ગ.મ. ૩૯), હાથી (ગ.પ્ર. ૬૩), ભમરી-ઈયળ (કા. ૧), બિલાડી (કા. ૩), પાડો (કા. ૯; ગ.અં. ૧૪), વાઘ-દીપડો, કાળો સર્પ (લો. ૧), માછલું (લો. ૧), કરોળિયો (લો. ૧૦; વર. ૮), ગાય (લો. ૧૫), પૂંછલેલ ઢોર (ગ.મ. ૧૩), પતંગિયું (ગ.મ. ૫૦), ગરોળી (ગ.મ. ૫૭), વનનું મૃગલું (વર. ૧૭), શ્વાન (ગ.અં. ૩૯), ખિલખોડી (સા. ૨), કીડી-મકોડો-માખી (ગ.મ. ૬), મચ્છર (સા. ૧૭) વગેરે અનેક પશુ, પક્ષી કે જીવજંતુનો ઉપયોગ જુદી જુદી સૂક્ષ્મ હકીકતોને સમજાવવા કર્યો છે.

એવી જ રીતે, જુદાં જુદાં વૃક્ષો જેવાં કે વડ-પીપળા (સા. ૧૮), તુલસી (ગ.મ. ૬), લીમડો (ગ.મ. ૧૪), આંબો (વર. ૧), થોર-વડ-પીપર (ગ.મ. ૩૨), શિંગડિયો વછનાગ (ગ.પ્ર. ૬૨; ગ.અં. ૧૪) વગેરેનો પણ ઉપયોગ કર્યો છે.

આ ઉપરાંત, જનસમુદાયમાં અતિ પ્રસિદ્ધ એવાં પૌરાણિક આખ્યાનો, પ્રસંગો અને પાત્રોનો ઉપયોગ પણ વચનામૃતમાં વારંવાર કર્યો છે. કૃષ્ણ-ગોપીઓ (ગ.પ્ર. ૪૨, ૫૬; કા. ૧૧), ગોપીઓ-ઉદ્ધવ (સા. ૧૫; કા. ૯; લો. ૧૬, ૧૭; ગ.મ. ૧૭; ગ.અં. ૨૮), કૃષ્ણ-શ્રીદામા-રાધિકા (સા. ૧૪; ગ.મ. ૨૬), સનકાદિક-જયવિજય (ગ.પ્ર. ૩૫; સા. ૧૪; ગ.મ. ૨૭; વર. ૧૫; ગ.અં. ૨૨), રાસલીલા-પરીક્ષિત-શુકદેવજી (ગ.પ્ર. ૨૩, ૭૨; લો. ૧૨; ગ.મ. ૧૦, ૧૭), ભરત-મૃગ(ગ.પ્ર. ૩૮, ૪૨; ગ.અં. ૩, ૧૭, ૧૯)નાં દૃષ્ટાંતો ક્યાંક સવિસ્તાર તો ક્યાંક તેનો ઉલ્લેખમાત્ર કરીને, ભગવાન સ્વામિનારાયણે જે વખતે જે સમજાવવું હતું તે સહેલાઈથી સમજાવી દીધું છે.

વળી, અનેક પૌરાણિક પાત્રોમાં મત્સ્ય, કચ્છ, વરાહ, વામન, દત્તાત્રેય, વ્યાસ, કપિલ, ઋષભદેવ, પરશુરામ, રામ અને કૃષ્ણાદિક અવતારો; બ્રહ્મા-વિષ્ણુ-શિવાદિક ઈશ્વરો; ઈન્દ્ર, ચંદ્ર, સૂર્ય, અગ્નિ, વરુણ, પ્રજાપતિ વગેરે દેવો; નારદ, એકલશૃંગી, સૌભરિ, વિશ્વામિત્ર, વશિષ્ઠ, પરાશર, વાલ્મીકિ, સુતપુરાણી, શૌનક અને સનકાદિક ઋષિઓ; જનક, શુકદેવ, સીતા, દ્રૌપદી, રુક્મિણી, લક્ષ્મીજી, રાધિકા, ધ્રુવ, પ્રહ્લાદ, અર્જુન, યુધિષ્ઠિર, હનુમાન વગેરે ભક્તો; શંકર, રામાનુજ, મધ્વ, નિંબાર્ક, વલ્લભ, ચૈતન્ય વગેરે આચાર્યો;

તથા દંતવક્ર, શિશુપાલ, કંસ, પૂતના, હિરણ્યકશિપુ, કાળનેમી, રાવણ, રાહુ જેવા અસુરોનાં પાત્રોનો અનેક વચનામૃતોમાં અવારનવાર ઉલ્લેખ કરીને શ્રીજીમહારાજે જે તે પ્રસંગને સૌ શ્રોતાના માનસપટમાં આબેહૂબ ખડો કરીને જે તે વિષયને રસપ્રદ રીતે સમજાવ્યો છે.

એવી જ રીતે શ્રીજીમહારાજે, સત્સંગના અનેક પરમહંસો અને હરિભક્તનો પણ ઉલ્લેખ ઘણી વાર કરેલો છે. શ્રીજીમહારાજે ગ.પ્ર. ૨૯, ૩૦, ૭૩; સા. ૨, ૩; કા. ૬; લો. ૩; ગ.મ. ૩૩, ૪૧, ૪૭, ૪૮, ૫૨, ૫૬, ૫૯; ગ.અં. ૧, ૨૨, ૨૪, ૨૬, ૩૩ વગેરે અનેક વચનામૃતોમાં અનેક પરમહંસો તથા સાંખ્યયોગી બાઈઓ અને અન્ય ગૃહસ્થ બાઈ-ભાઈ સત્સંગીઓનો નિર્દેશ અનેક વાર કર્યો છે. ફક્ત કોરી કલ્પના જ નહીં, પરંતુ સૌની આસપાસ જીવી ગયેલા અને જીવતા એવા આ સંતો-ભક્તોના પ્રત્યક્ષપણે સૌએ અનુભવેલા અનેક ગુણો જેવા કે, માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય, નિષ્ઠા, ઉપાસના, સેવા, સમર્પણ, ભક્તિ, તપ, ત્યાગ, વૈરાગ્ય, ધર્મ, જ્ઞાન, સમજણ, શ્રદ્ધા, વિશ્વાસ વગેરેના તાદૃશ પ્રસંગો રસાળ શૈલીમાં કહીને આવા અધ્યાત્મ વિષયોને શ્રીજીમહારાજે કેવા અદ્‌ભુત રીતે શીરાની જેમ હૃદયમાં ઉતાર્યા હશે ?!

વળી, શ્રીજીમહારાજે લોકમાં સુપ્રસિદ્ધ કહેવતો અથવા રૂઢિપ્રયોગોનો ઉપયોગ પણ ખૂબ જ સારી રીતે કર્યો છે. જેમ કે, 'જેમ કૂતરાનું મુખ કૂતરો ચાટે,' 'સર્પને ઘેર પરોણો સાપ, મુખ ચાટીને વળિયો આપ,' 'રાંડીને પાસે સુવાસિની સ્ત્રી જાય ત્યારે તે કહે જે, 'આવ બાઈ, હું જેવી તું પણ થા.' (ગ.પ્ર. ૩૮); 'મન હોય ચંગા તો કથરોટમાં ગંગા' (ગ.મ. ૩૫); 'ધોબીનો કૂતરો વાટનો નહીં ને ઘાટનો નહીં' (કા. ૭); 'શૂળી જેટલું દુઃખ હોય તો કાંટે મટે' (ગ.પ્ર. ૭૦); 'ઢોરલાંઘણ' (ગ.મ. ૮) વગેરે.

વચનામૃતમાં ઉલ્લિખિત ઉપમાઓ તથા વિભિન્ન રૂપકોનો તો કોઈ પાર નથી. જેમ કે, નપુંસક જેવા (ગ.પ્ર. ૩૭; વર. ૧૨), લીલાગર ભાંગ્ય જેવા (ગ.પ્ર. ૧૮), ગબરગંડ (ગ.પ્ર. ૧૮), પશુ જેવા (ગ.પ્ર. ૧૮, ૨૧; ગ.અં. ૩૭), મનરૂપી દાઢ્ય (ગ.પ્ર. ૨૪), મનોમય ચક્ર (સા. ૭), કંગાલ જેવો (ગ.પ્ર. ૩૬), દર્પણતુલ્ય (ગ.પ્ર. ૪૭), મનરૂપી દોરી (ગ.પ્ર. ૬૧), નરકતુલ્ય (સા. ૧), મચ્છર જેવા - ચરકલા જેવા - સીંચાણા જેવા - અનળપક્ષી જેવા - ગરુડ જેવા (સા.

૧૭), કસાઈ-આરબ-વાઘ-ભાવર-દીપડા-કાળા સર્પ જેવો ક્રોધ (લો. ૧), અમૃતની જેમ (લો. ૬), અગ્નિ જેવા (વર.૩), સડતાળાના રાંકા જેવા (પં. ૧), ભૂત જેવું (ગ.મ. ૩૩), મિનડિયો ભક્ત (ગ.મ. ૫૭), બિલાડાની પેઠે (કા. ૩), કાકવિષ્ટા જેવું (વર. ૧૯), જાણપણારૂપ દરવાજો (ગ.અં. ૯), હડકાયા શ્વાન જેવો (ગ.અં. ૧૨), સડેલ કૂતરા જેવું-ઊલટી થયેલ અન્ન જેવું-બળતા અગ્નિ જેવું (ગ.પ્ર. ૨૬), રાજાના કામદારના જેવી (ગ.અં. ૩૪), દેહરૂપ જ ડગલો (ગ.પ્ર. ૪૪).... આવી તો અનેક ઉપમાઓ, સરખામણીઓ અને રૂપક વચનામૃતના પાને પાને જોવાં મળે છે. ઉપમા અને રૂપકોને લીધે ખૂબ જ ઓછા શબ્દોમાં પણ કહેનારાનું તાત્પર્ય શ્રોતાના માનસપટમાં આબેહૂબ ચિત્રની જેમ ખડું થાય છે.

ક્યારેક શ્રીજીમહારાજે બુદ્ધિશાળી લોકોને એમની અપેક્ષા પ્રમાણે સમજાવવા માટે તર્ક અને દલીલોનો ખૂબ જ કુશળતાપૂર્વક વિનિયોગ કર્યો છે, તેની આપણને ગ.પ્ર. ૪૨, ૪૫, ૭૨, ૭૮; ગ.મ. ૮, ૧૦, ૧૮ વગેરે વચનામૃતો વાંચવાથી પ્રતીતિ થાય છે.

આવાં બધાં દૃષ્ટાંતો, પાત્રો, આખ્યાનો, પ્રસંગો, પદાર્થો, ઉપમાઓ, રૂપકો, કહેવતો, રૂઢિપ્રયોગને વાપરવાની કળા ભગવાન સ્વામિનારાયણે ખૂબ જ સફળતાપૂર્વક હસ્તગત કરી છે. તેઓ ક્યારેક એક જ મુદ્દાને સ્પષ્ટ કરવા અનેક દૃષ્ટાંતો, પાત્રો વગેરેનો ઉપયોગ કરે છે, તો ક્યારેક કોઈ પણ એક જ દૃષ્ટાંત, પાત્ર, પ્રસંગ, પદાર્થ, વસ્તુનો ઉપયોગ કરીને જુદા જુદા સિદ્ધાંતો કે બોધપાઠ શીખવે છે. ક્યારેક આ બધી વસ્તુઓનો ઉલ્લેખમાત્ર કરે છે, તો ક્યારેક આબેહૂબ શબ્દચિત્ર રજૂ કરે છે.

ટૂંકમાં, સમગ્ર વચનામૃતનો અભ્યાસ કરવાથી આપણને સ્પષ્ટપણે સમજાય છે કે **શ્રીહરિએ અધ્યાત્મનાં ગહન સત્યોને ખૂબ જ સરળ, રસાળ અને હળવી શૈલીમાં સમજાવીને સામાન્ય લોકોના જીવનમાં પણ સિદ્ધ કરાવ્યાં છે.**

૪. ઔપનિષદિક પ્રશ્નોત્તર શૈલી

વેદોનો અંતિમ ભાગ એટલે ઉપનિષદ. તેને 'વેદાંત' પણ કહે છે. ઉપનિષદોમાં ગુરુ જ્યારે શિષ્યોને જ્ઞાન આપતા હતા, તે વખતે શિષ્યોને જે

કાંઈ ન સમજાયું તેમણે તરત જ પ્રશ્ન પૂછીને ગુરુ પાસેથી સમાધાન મેળવ્યું. આ શૈલીને 'ઔપનિષદિક પ્રશ્નોત્તર શૈલી' કહેવાય છે.

વચનામૃતમાં પણ મુમુક્ષુઓએ પોતાના વાસ્તવિક પ્રશ્નો પૂછીને ભગવાન સ્વામિનારાયણ પાસેથી તે જ સમયે જે સમાધાન મેળવ્યું, તે સમગ્ર નોંધ જ વચનામૃતનું કલેવર બન્યું છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ આ શૈલી વિષે કહે છે: 'વચનામૃતના પ્રશ્નોત્તર ત્રિકાલાબાધિત છે. એકદમ સાચી વાત છે. કલ્પના નથી. પ્રત્યક્ષ વાત છે...' (ગોંડલ, ૫ નવેમ્બર, ૨૦૧૮)

અધ્યાત્મ-વિષયક તત્ત્વજ્ઞાન અને સાધના જેવી અટપટી અને ગહન વાત સમજવા માટે સીધેસીધાં પ્રવચનો કે વિવેચનોને બદલે, **પ્રશ્નોત્તર શૈલી વધારે કાર્યક્ષમ, કાર્યસાધક અને ઉપયોગી નીવડે છે.** માત્ર પ્રવચન શૈલીમાં તો – શ્રોતાને શું જોઈએ છે તેનો વિચાર જ કર્યા વગર – વક્તાને જે કહેવું છે તે કહી દેતા હોય છે. તેમાં પરસ્પર આત્મીયતાનો સંબંધ સધાતો નથી. તેથી પ્રવચન શૈલી ઘણી વાર કંટાળાજનક બને છે. જ્યારે પ્રશ્નોત્તર શૈલીમાં, ઉપદેશક શ્રોતાને પ્રશ્નો પૂછીને તેમની આંતરિક સમજણ અને સ્થિતિ પારખીને યોગ્ય માર્ગદર્શન આપી શકે છે અથવા તો શ્રોતાગણ પણ પોતાને જે ન સમજાતું હોય, જ્યાં અને જે કાંઈ મુશ્કેલીભર્યું લાગતું હોય તે વિષે પ્રશ્નો પૂછીને, પોતાને જે જોઈએ છે તે મેળવી શકે છે. **અહીં વક્તા અને શ્રોતા વચ્ચે આત્મીયતાનો જીવંત સંબંધ સધાય છે. તેથી આવો પ્રશ્નોત્તરરૂપ વાર્તાલાપ કે સંવાદ કંટાળાજનક નહીં, પણ આનંદદાયક અને રસવર્ધક બને છે.**

વળી, આ શૈલીમાં પ્રશ્નો પૂછનાર જુદા જુદા હોવાથી અને પ્રશ્નો પણ જુદી જુદી દૃષ્ટિએ પુછાતા હોવાથી, **વિષયની છણાવટ સારી રીતે કરી શકાય છે.** તેથી જ હિંદુ પરંપરાનાં ઉપનિષદો, પુરાણો, મહાભારત, રામાયણ જેવા પ્રાચીન ધાર્મિક ગ્રંથોમાં પ્રાયઃ આ શૈલીનો ઉપયોગ થયેલો જણાય છે.

પ્રશ્નોત્તર શૈલીની દૃષ્ટિએ પણ વચનામૃત ગ્રંથ વિશિષ્ટ અને અદ્વિતીય છે. અહીં પ્રશ્નોત્તરમાં ભાગ લેનારા સંતો-ભક્તો અને ભગવાન સ્વામિનારાયણ વચ્ચે ઉપાસક-ઉપાસ્ય, પ્રાપક-પ્રાપ્ય અને ભક્ત-ભગવાનનો આત્મીયતાસભર દિવ્ય સંબંધ છે. ભગવાન સ્વામિનારાયણને સર્વેનું આત્યંતિક કલ્યાણ કરવાની શુભભાવના અને ખેવના છે, તો સંતો-ભક્તોને અનંત બંધનોમાંથી મુક્ત

થઈને આત્મા-પરમાત્માના શાશ્વત સુખના ભોક્તા બનવાની તત્પરતા અને ઝંખના છે. તેથી **અહીં પ્રશ્નો કેવળ પૂછવા ખાતર અથવા તો કેવળ કોરી જિજ્ઞાસાના સંતોષ ખાતર જ નથી પુછાયા, પરંતુ ઉપરોક્ત એક શુભ ધ્યેયને નજર સમક્ષ રાખીને પુછાયા છે.**

પોતાના આશ્રિતોમાં આંતરખોજની ટેવ પડે, વિચારોની મૌલિકતા ખીલે, આધ્યાત્મિક જ્ઞાન વધારે સ્પષ્ટ અને સુદૃઢ બને તે માટે શ્રીજીમહારાજ આદર્શ કેળવણીકારની અદાથી પરસ્પર પ્રશ્નોત્તર કરાવતા.

ગઢડા પ્રથમ પ્રકરણના ૪૯મા વચનામૃતના અંતે સંપાદક પરમહંસો નોંધે છે : "પછી વળી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, 'હવે તો બે બે જણ થઈને સામસામા પ્રશ્ન-ઉત્તર કરો.' પછી ઘણી વાર સુધી પરમહંસે પરસ્પર પ્રશ્ન-ઉત્તર કર્યા, તેને સાંભળતાં થકા શ્રીજીમહારાજ તેમની બુદ્ધિની પરીક્ષા કરતા હવા."

એવી જ રીતે ગઢડા પ્રથમ પ્રકરણના ૬૫મા વચનામૃતની શરૂઆતમાં જ ભગવાન સ્વામિનારાયણ કહે છે : "હવે જેટલા મોટા મોટા સાધુ છો તે પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો; કેમ જે, પ્રશ્ન-ઉત્તર કરો ત્યારે જેને જેવી બુદ્ધિ હોય તે જાણ્યામાં આવે."

આ પ્રકારે તો ઘણાં વચનામૃતોમાં બીજાને અથવા તો પોતાને પ્રશ્નો પૂછવાનું સૂચવે છે.

આ ઉપરાંત, ગઢડા પ્રથમ પ્રકરણના ૭૦મા વચનામૃતમાં હરિભક્ત-પરમહંસ વચ્ચે પણ ભગવાન સ્વામિનારાયણ પ્રશ્નોત્તરી કરાવે છે. વચનામૃત વરતાલ પ્રકરણ ૭માં 'હરિભક્ત પરસ્પર ભગવદ્‌વાર્તા કરતા હતા' તેવો ઉલ્લેખ છે. આ ચર્ચામાંથી નીકળેલા પ્રશ્નનો ઉત્તર શ્રીહરિ આપે છે.

વચ. ગ.પ્ર. ૭૮ અને વચ. ગ.મ. ૬માં નાના સંતો સાથે પ્રશ્નોત્તરી કરે છે, તો વચ. ગ.મ. ૩૨ અને ગ.મ. ૬૬માં મોટા સંતોને પોતે પ્રશ્નો પૂછે છે. વચ. લો. ૮માં તો પોતે જ નાના-નવા સંતોને પ્રશ્નો પૂછતા પણ શીખવે છે. વચ. ગ.પ્ર. ૬૯; કા. ૫; ગ.મ. ૩૪; વર. ૩માં તો પોતે જ પરમહંસોના ઉત્તરમાં આશંકા કરી તેઓની બુદ્ધિને કસે છે.

વચ. ગ.પ્ર. ૩૧માં યોગાનંદ સ્વામીએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર પોતે ન આપતાં, મોટેરા પરમહંસો – મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને

તેડાવીને તેમને ઉત્તર આપવાનું કહે છે.

વચ. ગ.પ્ર. ૭૧માં પરમહંસોને પ્રશ્ન પૂછીને તેમના ઉત્તરમાં વારંવાર આશંકા ઊભી કરીને સમજણને સ્પષ્ટ કરાવે છે.

વચ. ગ.પ્ર. ૧, ૭૦, ૭૫; કા. ૭; વર. ૨, ૭; અમ. ૫, ૬, ૭ વગેરે વચનામૃતોમાં તો હરિભક્તો પણ પ્રશ્નો પૂછે છે. વચ. ગ.અં. ૨૫માં રાજબાઈ પણ પ્રશ્ન પુછાવે છે, તો વચ. વર. ૧૦માં લગભગ દસ વર્ષની ઉંમરના ભગુભાઈ પણ પ્રશ્ન પૂછે છે.

આમ, સમગ્ર વચનામૃતોમાં ક્યારેક ભગવાન સ્વામિનારાયણ પોતે જ પ્રશ્ન પૂછે છે, તો ક્યારેક સંતો-ભક્તો પ્રશ્નો પૂછે છે, તો ક્યારેક શ્રીજીમહારાજે સામેથી જ સૌને પરસ્પર કે પોતાને પ્રશ્નો પૂછવાની પ્રેરણા આપીને અધ્યાત્મ-જ્ઞાનને વધુ સરળ રીતે સમજાવવાની કોશિશ કરી છે.

વચનામૃત ગ્રંથમાં, કુલ **૨૬૨** વચનામૃતોમાંના કુલ **૪૫૬** પ્રશ્નોમાંથી **૧૩૮** પ્રશ્નો શ્રીજીમહારાજે સંતો-ભક્તોને પૂછ્યા છે, જ્યારે **૩૧૮** પ્રશ્નો સંતો-ભક્તોએ ભગવાન સ્વામિનારાયણને અથવા એમની આજ્ઞાથી અંદરોઅંદર એકબીજાને પૂછ્યા છે.

આમ, વચનામૃતમાં શ્રીજીમહારાજે, સંતો-ભક્તોની આંતરિક મુમુક્ષુતા, શ્રદ્ધા, સમજણ અને સ્થિતિની ચકાસણી-પરીક્ષા કરીને, તેમાં કોઈ પ્રકારની ક્ષતિ રહી જવા પામી હોય તો તે દૂર કરવા યોગ્ય માર્ગદર્શન આપવા માટે પ્રશ્નો પૂછ્યા છે. જ્યારે **સંતો-ભક્તોએ પોતાના સાધનામાર્ગમાં જ્યાં, જ્યારે, જેને, જે વિઘ્નરૂપ લાગ્યું, તે દૂર કરવા તથા તે નિર્વિઘ્ન સાધનાની ગુણવત્તા અને ઝડપ વધારવા માટે પ્રશ્નો પૂછ્યા છે.** તેમણે પૂછેલા પ્રશ્નો પરથી આપણને એટલું તો સ્પષ્ટપણે જણાય છે કે તેમણે પોતાની બુદ્ધિનું ડહાપણ કે વિદ્વત્તા દર્શાવવા અથવા તો સામેવાળાનું તળ માપવા જ પ્રશ્નો પૂછ્યા નથી. **તેમની જિજ્ઞાસા નિરર્થક અને વાંઝણી નથી.** તેમને ફક્ત જાણવા ખાતર જ જાણવું કે સમજવું નથી, પરંતુ કંઈક વિશેષ જાણીને, સમજીને એ માર્ગે પ્રયાણ કરવું છે, સાધનાની ઝડપ અને ગુણવત્તા વધારવી છે, અથવા તો માર્ગમાં આવેલાં વિઘ્નોને દૂર કરવાં છે.

તેમના બધા જ પ્રશ્નો આધ્યાત્મિક તત્ત્વોને જાણીને તેના પારને પામવાની ઊંડી જિજ્ઞાસા અને ખાસ કરીને તો સતત સંઘર્ષમયી મથામણમાંથી

જ ઉદ્ભવ્યા છે. તેમણે પૂછેલા આવા પ્રશ્નોમાંથી નમૂનારૂપ કેટલાક પ્રશ્નો જોઈએ.

પ્ર. ૨૪ – બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, "કોઈ વિષયમાં પણ પોતાનાં ઈન્દ્રિયો તણાતાં ન હોય ને અંતઃકરણમાં પણ ખોટા ઘાટ થતા ન હોય ને ભગવાનનો નિશ્ચય પણ યથાર્થ છે, તો પણ અપૂર્ણપણું રહે છે ને અંતર સૂનું રહે છે તેનું શું કારણ છે?"

પ્ર. ૩૦ – દીનાનાથ ભટ્ટે પૂછ્યું જે, "હે મહારાજ! કોઈક સમે તો હજારો ઘાટ થાય પણ તેનો મનને વિષે ડંસ બેસે નહીં અને કોઈક સમે તો અલ્પ ઘાટ થાય તેનો પણ મનને વિષે ડંસ બેસે છે તેનું કારણ શું છે? અને ભગવાનના ભક્તને એ મનના ઘાટની નિવૃત્તિ થયાનો ઉપાય શો છે?"

પ્ર. ૩૪ – મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "જીવને ભગવાનની પ્રાપ્તિ થવી તે અતિ દુર્લભ છે અને ભગવાનની પ્રાપ્તિ થઈ ત્યારે એથી બીજો મોટો લાભ પણ નથી ને તેથી આનંદ પણ બીજો નથી, તે એવા મોટા આનંદને મૂકીને તુચ્છ પદાર્થ માટે કેમ ક્લેશને પામે છે?"

પ્ર. ૪૪ – ગામ વસોના વિપ્ર વાલા ધ્રુવ તેણે પૂછ્યું, "હે મહારાજ! દેહ અને દેહનાં સંબંધીને વિષે અહંમમત્વપણાના ઘાટ થાય છે તે કેમ ટળે?"

પ્ર. ૪૯ – બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનને વિષે વૃત્તિ રાખીએ છીએ તે તો સૂધી જોરે કરીને રાખીએ છીએ ત્યારે રહે છે અને જગતના પદાર્થ સન્મુખ તો એની મેળે જ રહે છે તેનું શું કારણ છે?"

પ્ર. ૬૧ – મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "કામ, ક્રોધ, લોભ તથા ભય એમને યોગે કરીને પણ ધીરજ ડગે નહીં તેનો શો ઉપાય છે?"

પ્ર. ૬૨ – નિર્વિકારાનંદ સ્વામીએ પૂછ્યું જે, "નિશ્ચય હોય તોય પણ રૂડા ગુણ તો આવતા નથી અને માન ને ઈર્ષ્યા તો દિવસે દિવસે વધતાં જાય છે તેનું શું કારણ છે?"

પ્ર. ૭૮ – નાના નિર્વિકારાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનનો નિશ્ચય છે તોપણ અસદ્વાસના કેમ ટળતી નથી?"

સા. ૧૧ – નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે, "આ દેહે કરીને જ સર્વે કસરમાત્ર મટી જાય એવો કોઈ ઉપાય છે?"

લો. ૧ – ભગવદાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હરિજનનો અવગુણ

આવ્યો હોય તેને ટાળ્યાનો કોઈ ઉપાય છે કે નથી ?''

પં.૪ – મુનિબાવે બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, ''પ્રથમ તો ભગવાનનો નિશ્ચય હોય ને ભજન-સ્મરણ કરતો હોય અને પછી ભગવાનનાં મનુષ્યચરિત્ર દેખીને તે નિશ્ચયમાં સંશય થઈ જાય છે તેનું શું કારણ છે ?''

અં.૧૪ – આત્માનંદ સ્વામીએ પૂછ્યું જે, ''મનમાં તો એમ નિશ્ચય છે જે, દેહ પર્યંત પરમેશ્વરના ગમતામાં જ રહેવું છે; તો પણ એમ જાણીએ છીએ જે, પરમેશ્વરને ને સંતને કેમ કરીએ તો આપણો વિશ્વાસ આવે ?''

સમગ્ર વચનામૃતમાં સંતો-ભક્તોએ પૂછેલા કુલ **૩૧૮** પ્રશ્નોમાંથી કેટલાક નમૂનારૂપ પ્રશ્નો આપણે ઉપર જોયા. તેમના પ્રશ્નો ઉપરથી ખ્યાલ આવે છે કે તેમણે કેવળ માહિતી એકઠી કરવા કે ફક્ત શાબ્દિક જ્ઞાનમાં પંડિત થઈને અહંકાર-પ્રયુક્ત વાદવિવાદ કરવા ખાતર નથી પૂછ્યા, પરંતુ તેમને તો આંતરખોજ દ્વારા પ્રાપ્ત થયેલી પોતાની કોઈ કસર દૂર કરીને આ ને આ જન્મે સાક્ષાત્કાર કરીને જીવન્મુક્ત થવાની અને આત્યંતિક કલ્યાણ કરવાની તાલાવેલી છે. એટલા માટે જ, એકના એક મુદ્દાને લગતા અનેક પ્રશ્નો જુદા જુદા દૃષ્ટિકોણથી એક જ વ્યક્તિએ અથવા તો જુદી જુદી વ્યક્તિઓએ પૂછ્યા છે. **તેમને તમન્ના એટલી જ છે, કંઈક વિશેષ સારું માર્ગદર્શન મળે, વિશેષ સરળ ઉપાય મળે, તો આધ્યાત્મિક માર્ગે વધુ ઝડપથી આગળ વધી શકાય; શાશ્વત શાંતિનો અનુભવ જલદી કરી શકાય.**

તેમણે આવા સાધનાલક્ષી પ્રશ્નો ઉપરાંત, જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એવાં આધ્યાત્મિક તત્ત્વોને લગતા પ્રશ્નો પણ ખૂબ જ ઊંડાણપૂર્વક પૂછેલા છે. **આધ્યાત્મિક સાધના કરનાર વિશ્વભરના કોઈ પણ સાધકને આવશ્યક એવા બધા જ પ્રશ્નો અને તેમના મુદ્દાસર છતાં સચોટ ઉત્તરો આ વચનામૃતમાં છે.**

કેટલીક વાર શ્રીજીમહારાજે કોઈ પણ પ્રકારના પ્રશ્નો વગર સ્વેચ્છાથી જ અમુક વાતો કરી છે જે, 'મહારાજનાં કૃપાવચનો' તરીકે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.

આમ, વચનામૃતમાં ક્યારેક કૃપાવચન, ક્યારેક પ્રશ્નોત્તરી, તો વળી ક્યારેક બંને રીતે ઉપદેશ અપાયો છે. તેથી વચનામૃત આપણને સૌને ખૂબ જ હળવાશથી અધ્યાત્મનાં ગહન સત્યોના પારને પહોંચાડવા સક્ષમ બન્યું છે,

કારણ કે તેમાં આ ગહન રહસ્ય વિષે ભગવાન સ્વામિનારાયયણનાં કૃપા-વચનો, તથા બધા જ દૃષ્ટિકોણથી પુછાયેલા અનેક પ્રશ્નો અને તેમના યથાર્થ ઉત્તરોનો સંગ્રહ છે.

૫. મૌલિક અર્થઘટનો, વ્યાખ્યાઓ અને સૂત્રાત્મક ઉપદેશ

ભગવાન સ્વામિનારાયણ કેવળ શાસ્ત્રજ્ઞ, શાસ્ત્રવિશારદ કે શાસ્ત્રોના મર્મજ્ઞ જ નથી, પરંતુ તેઓ તો સાક્ષાત્ સર્વોપરી ભગવાન છે. તેથી **પોતાની સર્વજ્ઞતા અને અનુભૂતિના આધારે શાસ્ત્રોના ગૂઢ શબ્દોના રહસ્યાર્થને પોતાની આગવી રીતે મૌલિક અર્થઘટન કરી સચોટ રીતે મૂલવ્યા છે.** એવી જ રીતે શાસ્ત્રોનાં મૂળ બીજ રૂપે - સૂક્ષ્મરૂપે રહેલાં અસ્પષ્ટ રહસ્યો વધુ વ્યાવહારિક બને, વિશેષ જીવનોપયોગી બને, તેવી રીતે સ્પષ્ટતાપૂર્વક વિશદ કરીને સમજાવેલાં છે. **શાસ્ત્રોની અનેક વાતોને તેમણે મૌલિક અર્થઘટનો કરીને જે રીતે સમજાવેલી છે, તે સર્વગ્રાહી દૃષ્ટિકોણથી વિચારતાં વિશેષ પ્રતીતિકર લાગે છે.** તેમણે શાસ્ત્રોના અનેક શબ્દોના જે મૌલિક અર્થો કર્યા છે તેમાંથી કેટલાક જોઈએ.

૫.૧ મૌલિક અર્થઘટન

સામાન્ય રીતે, 'સ્થિતપ્રજ્ઞ'ની વ્યાખ્યા વ્યુત્પત્તિને આધારે આવી અપાય છે : 'स्थिता प्रज्ञा यस्य सः' અર્થાત્ જેની પ્રજ્ઞા(બુદ્ધિ) સ્થિર છે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય. ગીતાના બીજા અધ્યાયમાં 'સ્થિતપ્રજ્ઞ'ને જુદા જુદા શબ્દોમાં વ્યાખ્યાયિત કરેલી છે. તે બધી જ વ્યાખ્યાના સારરૂપે કહેવું હોય તો એટલું કહી શકાય કે જે પોતાની વૃત્તિઓને વિષયોથી પાછી વાળીને પોતાના આત્મામાં કે પરમાત્મામાં સ્થિર કરે છે, અને જે દ્વન્દ્વોમાં સ્થિર છે તે સ્થિતપ્રજ્ઞ છે.

ભગવાન સ્વામિનારાયણ આ વ્યાખ્યાને તો માન્ય કરે જ છે પણ તેમાં પોતાની મૌલિકતા ઉમેરતાં વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૭માં કહે છે :

"...ભગવાન તો નિર્વિકારી ને નિર્લેપ જ છે. **એવી રીતે જે ભગવાનના સ્વરૂપને સમજે તે ભગવાનનો ભક્ત સ્થિતપ્રજ્ઞ જાણવો.** જેમ પોતાના આત્માને વિષે જેને સ્થિતિ હોય તે પણ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે, તેમ જેને

ભગવાનના સ્વરૂપને વિષે કોઈ જાતનો ઘાટ ન હોય અને જેમ ભગવાનનું સમર્થપણું હોય ને તેનું ગાન કરે તેમજ અસમર્થપણું હોય તેનું પણ ગાન કરે અને જેમ ભગવાનનું યોગ્ય ચરિત્ર હોય તેનું ગાન કરે તેમ જ જે અયોગ્ય જેવું ચરિત્ર જણાતું હોય તેનું પણ ગાન કરે પણ **ભગવાનના ચરિત્રને વિષે યોગ્ય-અયોગ્ય એવો ઘાટ ઘડે નહીં, એવો જે ભગવાનનો ભક્ત હોય તેને પુરુષોત્તમના સ્વરૂપને વિશે સ્થિતપ્રજ્ઞ જાણવો.''**

ક્યારેક લૌકિક સ્વાર્થ ખાતર પણ લાચારીથી રાજકારણીઓની જેમ માન-અપમાન કે સુખ-દુઃખાદિ દ્વંદ્વોમાં સ્થિર રહી શકાય; કદાચ હિમાલયની ગુફામાં ધ્યાન કરનારા પોતાના આત્મામાં સ્થિર હોય તેવું જણાય, પણ પ્રત્યક્ષ ભગવાનનાં ચરિત્રોના સ્વરૂપમાં સ્થિર થવું તે વધારે કઠણ છે. **વસ્તુતઃ તો ભગવાન જ શાશ્વત સ્થિર છે, તેમાં જેની પ્રજ્ઞા સ્થિર થાય તે જ સાચી રીતે સ્થિતપ્રજ્ઞ કહી શકાય.** આ નક્કર હકીકત શ્રીજીમહારાજે સમજાવેલી છે. ભગવાનના સ્વરૂપમાં જે સ્થિતપ્રજ્ઞ થાય તેને દ્વંદ્વોમાં તો સ્થિરતા સહેજે જ આવે. પરંતુ જે ફક્ત દ્વંદ્વોમાં સ્થિરતા રાખવાનો પ્રયત્ન કરતો હોય અને અમુક સમય પૂરતી રહે પણ ખરી, તેમ છતાં ભૂંડા દેશકાળાદિકના યોગમાં એવી સ્થિરતા અસ્થિર થઈ જાય છે, તેનાં અનેક દૃષ્ટાંતો પુરાણોમાં જોવા મળે છે. તેથી શ્રીજીમહારાજે સ્થિતપ્રજ્ઞની જે વ્યાખ્યા કરી છે તે વિશેષ યોગ્ય છે.

એવી જ રીતે 'ધર્મ'ની વ્યાખ્યા અનેક દાર્શનિકોએ, આચાર્યોએ અને ધર્મગુરુઓએ જુદી જુદી રીતે આપી છે. 'સદાચાર એ જ ધર્મ' આ ભાવાર્થની વ્યાખ્યા ભગવાન સ્વામિનારાયણને પણ માન્ય છે. તેમ છતાં તેમણે ધર્મ શબ્દની એક વિશિષ્ટ વ્યાખ્યા વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૯માં સમજાવી છે. તેઓ કહે છે:

''...માટે બુદ્ધિમાનને તો ભગવત્સ્વરૂપનું બળ અતિશય રાખ્યું જોઈએ. એ બળ જો લેશમાત્ર પણ હોય તો મોટા ભયથી રક્ષા કરે. તે પણ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે જે, 'સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્। (ગી. ૨/૪૦) એ શ્લોકનો એ અર્થ છે જે, **'ભગવત્સ્વરૂપના બળનો લેશમાત્ર હોય તે પણ મોટા ભય થકી રક્ષાને કરે છે.'**

ગીતાના ઉપરોક્ત શ્લોકની વ્યાખ્યા કરનારા બધા જ આચાર્યોએ

બહુધા 'કર્મયોગરૂપી સ્વધર્મ' એવો કર્યો છે. સદાચારરૂપી કે કર્મયોગરૂપી ધર્મ પોતે જ વિપરીત સંજોગોમાં ટકી શકતો નથી તો આપણી રક્ષા ક્યાંથી કરી શકે ? પણ ધર્મના ધારક, ધર્મના આધાર એવા ભગવાનનું બળ જ કોઈ પણ સંજોગોમાં રક્ષા કરી શકે છે, એવું શ્રીહરિના કહેવાનું તાત્પર્ય છે.

વળી, લોકમાં અને તેમાંય ખાસ કરીને યોગદર્શનમાં નિર્વિકલ્પ સમાધિની જે વ્યાખ્યા આપવામાં આવે છે, તેનાથી તદ્દન જુદી જ વ્યાખ્યા ભગવાન સ્વામિનારાયણ આપે છે. યોગદર્શનમાં તો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા દ્વારા સમાધિ થાય છે. આ સમાધિના અનેક પ્રકારો પાડવામાં આવ્યા છે. તેમાંથી જે નિર્વિકલ્પ સમાધિ છે તે અંતિમ સ્થિતિ છે કે જેમાં ચિત્તવૃત્તિનો સંપૂર્ણ નિરોધ થાય છે.

ભગવાન સ્વામિનારાયણ નિર્વિકલ્પ સમાધિની મૌલિક અને તદ્દન વિશિષ્ટ વ્યાખ્યા આપતાં વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૪માં કહે છે : "જેણે ભગવાનનું સ્વરૂપ જેવું કાલે અમે કહ્યું તેવું યથાર્થ જાણ્યું હોય ને તેમાં કોઈ જાતનું ઉત્થાન રહ્યું ન હોય; જેમ આ લીંબડાનું વૃક્ષ છે તે એક વાર જાણી લીધું છે, પછી કોઈ રીતે મનમાં સંકલ્પ થતો નથી જે, 'લીંબડો હશે કે નહીં હોય ?' એવી રીતે ગમે તેનો સંગ થાય અને ગમે તેવાં શાસ્ત્ર સાંભળે પણ કોઈ રીતે કરીને ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય કર્યો હોય તેમાંથી મન ડગમગે નહીં, **એવો જે નિરુત્થાનપણે ભગવાનનો નિશ્ચય એને અમે તદાત્મકપણું કહીએ છીએ.** અને એવું જે એ તદાત્મકપણું તે ભગવાનના એકાંતિક ભક્તના પ્રસંગે કરીને થાય છે પણ કેવળ સમાધિએ કરીને નથી થતું. અને **એવું જે એ તદાત્મકપણું તેને જ નિર્વિકલ્પ સમાધિ કહીએ છીએ."**

વળી, તેઓ વચ. વર. ૧માં પણ નિર્વિકલ્પ સમાધિ શું છે, તે સમજાવે છે : "પ્રાણનો નિરોધ થાય ત્યારે જ નિર્વિકલ્પ સમાધિ થાય એમ નથી. નિર્વિકલ્પ સમાધિની રીત તો બીજી છે. તે કહીએ તે સાંભળો જે, શ્રીમદ્‌-ભાગવતમાં કહ્યું છે જે –

'અત્ર સર્ગો વિસર્ગશ્ચ સ્થાનં પોષણમૂતયઃ।
મન્વન્તરેશાનુકથા નિરોધો મુક્તિરાશ્રયઃ॥'[૫૦]

એ શ્લોકનો એમ અર્થ છે જે, 'વિશ્વના સર્ગવિસર્ગાદિક જે નવ લક્ષણ તેણે

૫૦. ભાગવત : ૨/૧૦/૧.

કરીને જાણ્યામાં આવે એવું આશ્રયરૂપ જે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તેને વિષે જે મુમુક્ષુની અચળ મતિ થઈ; જેમ આ આંબાનું વૃક્ષ છે તે એક વાર દૃઢ કરીને જાણ્યું પછી કામ વ્યાપે, ક્રોધ વ્યાપે, લોભ વ્યાપે તોપણ કોઈ રીતે આંબાને વિષે ભ્રાંતિ ન થાય જે, 'આંબાનું વૃક્ષ હશે કે નહીં હોય?' **તેમ જેને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થયો ને તેમાં કોઈ જાતનો કુતર્ક ન થાય, તો તે પુરુષના પ્રાણ લીન ન થયા હોય તોપણ નિર્વિકલ્પ સમાધિ છે ને પ્રાણ લીન થયા હોય તોપણ નિર્વિકલ્પ સમાધિ છે.** અને જેને એ ભગવાનના સ્વરૂપમાં સંકલ્પ-વિકલ્પ રહેતા હોય જે, 'બ્રહ્મપુરને વિષે કેવું ભગવાનનું સ્વરૂપ હશે? અને શ્વેતદ્વીપ ને વૈકુંઠને વિષે કેવું ભગવાનનું સ્વરૂપ હશે? અને તે સ્વરૂપનું ક્યારે દર્શન થશે?' એવી જાતના સંકલ્પ-વિકલ્પ કર્યા કરે, પણ પ્રકટ ભગવાન મળ્યા તેને જ સર્વના કારણ જાણીને તેણે કરીને જ પોતાને કૃતાર્થ ન માને. અને એવાને જો દેવૈચ્છાએ કરીને સમાધિ થાય તોપણ સંકલ્પ-વિકલ્પ મટે નહીં અને સમાધિમાં જે જે દેખાય તેથી નવું નવું જોવાને ઇચ્છે પણ મનના વિકલ્પ મટે નહીં, એવો હોય તેને સમાધિ છે તોપણ સવિકલ્પ છે. સવિકલ્પ છે ને સમાધિ ન હોય તોય સવિકલ્પ છે, માટે એવો હોય તે ગુણાતીત એકાંતિક ભક્ત ન કહેવાય. અને **જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય હોય ને તેને સમાધિ છે અથવા નથી, તોય પણ તેને સદા નિર્વિકલ્પ સમાધિ જ છે.**"

પ્રાણના નિરોધે કરીને થતી સવિકલ્પ-નિર્વિકલ્પ સમાધિ વાસનાના બીજને નાશ કરી શકતી નથી – એવું ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગ.પ્ર. ૬૦, ૭૩; ગ.મ. ૧; વર. ૧૭, ૨૦ અને ગ.અં. ૧માં કહે છે. પણ જેને ભગવાનના સ્વરૂપનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય થાય તો જ વાસના નિર્મૂળ થાય છે (ગ.મ. ૧૩) અને માયાની નિવૃત્તિ થાય છે (પં. ૭). વાસના નિર્મૂળ થાય તો જ તે જગતના સંકલ્પ-વિકલ્પોથી પર થાય અને તો જ તેના ચિત્તની વૃત્તિનો સદાયને માટે નિરોધ થઈ શકે. તેથી તો શ્રીહરિ વચ. ગ.પ્ર. ૨૫માં કહે છે : **"જે ભક્તની ચિત્તવૃત્તિ ભગવાનના સ્વરૂપને વિષે જોડાણી તેને અષ્ટાંગયોગ વગર સાધે સધાઈ રહ્યો."**

શાસ્ત્રોમાં અનેક વાર આવતા 'સગુણ' અને 'નિર્ગુણ' શબ્દોના યથા યોગ્ય અર્થો પણ જુદી જુદી રીતે વચનામૃતમાં કરવામાં આવે છે. શંકરાચાર્યના

મતે સગુણ બ્રહ્મ એટલે માયાથી યુક્ત જે વ્યાવહારિક સત્ય છે, અને નિર્ગુણ બ્રહ્મ એટલે માયાથી તદ્દન નિર્લેપ અને પર કે જે પારમાર્થિક સત્ય છે. રામાનુજાચાર્ય વગેરે વૈષ્ણવાચાર્યોના મતે ભગવાનનું સગુણપણું એટલે અનંત કલ્યાણકારી ગુણોથી યુક્તપણું, અને નિર્ગુણપણું એટલે માયિક ગુણોથી-દોષોથી રહિતપણું.

શ્રીજીમહારાજે આ અર્થ તો માન્ય કર્યો જ છે (ગ.પ્ર. ૬૬; કા. ૭) પરંતુ ભગવાનના સગુણ-નિર્ગુણપણાનો પોતાનો મૌલિક અર્થ વચ. કા. ૮માં આ પ્રમાણે આપ્યો છે :

"...એવી રીતે જે અતિશય સૂક્ષ્મપણું અને અતિશય નિર્લેપપણું અને અતિશય શુદ્ધપણું અને અતિશય અસંગીપણું અને અતિશય પ્રકાશે યુક્તપણું અને અતિશય ઐશ્વર્યે યુક્તપણું તે એ **ભગવાનની મૂર્તિને વિષે નિર્ગુણપણું છે.** અને જેમ ગિરનાર પર્વત છે તેને લોકાલોક પર્વતની પાસે મૂકીએ ત્યારે તે અતિશય નાનો ભાસે, પણ ગિરનાર પર્વત કાંઈ નાનો થયો નથી, એ તો લોકાલોકની અતિશય મોટાઈ આગળ નાનો જણાય છે. તેમ પુરુષોત્તમ ભગવાનની મોટાઈ આગળ અષ્ટ આવરણે યુક્ત જે અનંત કોટિ બ્રહ્માંડ તે અણુની પેઠે અતિ સૂક્ષ્મ ભાસે છે; પણ તે બ્રહ્માંડ કાંઈ નાનાં થઈ ગયાં નથી, એ તો ભગવાનની મોટપ આગળ નાનાં જણાય છે. એવી રીતે ભગવાનની મૂર્તિને વિષે જે અતિશય મોટાઈ **તે ભગવાનનું સગુણપણું છે.**

વળી, લોકમાં પ્રચલિત નિર્ગુણપણાની વાતનો છેદ ઉડાડીને સાચું નિર્ગુણપણું શું છે, તે સમજાવતાં ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૮માં કહે છે : "...કોઈક મૂર્ખ લોક છે તે એમ કહે છે જે, 'ગોપિકાનાં અંગનાં કીર્તન હોય તે રહેવા દ્યો અને નિર્ગુણ કીર્તન હોય તે ગાવો.' તથા જે ઉઘાડા થઈને ફરતા હોય તેને મૂર્ખ હોય તે નિર્ગુણપુરુષ કહે છે. પણ જો ઉઘાડા ચાલ્યે નિર્ગુણ થવાતું હોય તો કૂતરાં, ગધેડાં ઈત્યાદિક સર્વે નિર્ગુણ કહેવાય, માટે એ તો મૂર્ખની સમજણ છે. અને જ્ઞાની ભક્ત હોય તે તો એમ જાણે જે, **'ભગવાનનું સ્વરૂપ છે તે જ નિર્ગુણ છે અને જેને જેને તે ભગવાનનો સંબંધ થયો તે સર્વે નિર્ગુણમાર્ગવાળા છે.** અને જે જે કથા-કીર્તનને વિષે ભગવાનના સ્વરૂપનો સંબંધ છે તે સર્વે નિર્ગુણ કહેવાય; અને જે કથા-કીર્તનને વિષે ભગવાનનો સંબંધ ન હોય તે માયિક ગુણે યુક્ત છે, માટે

સગુણ કહેવાય. અને જો ભગવાનની પ્રાપ્તિ ન થઈ હોય ને તે ઉઘાડા ફરે તો નિર્ગુણ ન કહેવાય; અને **જેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે અને ગૃહસ્થાશ્રમી છે તોપણ તે નિર્ગુણ કહેવાય અને ત્યાગી હોય તે પણ નિર્ગુણ કહેવાય.' માટે ભગવાનને પામ્યાનો જે માર્ગ તે જ નિર્ગુણમાર્ગ છે અને તે જે જે ભગવાન સંબંધી ક્રિયા કરે તે સર્વે નિર્ગુણ છે."**

સગુણ-નિર્ગુણપણાની આવી જ વ્યવહારુ વ્યાખ્યા આપતાં વચ. ગ.મ. ૧૪માં તેઓ કહે છે, "...**એવા અડગ નિશ્ચયવાળા જે સંત તે નિવૃત્તિમાર્ગને વિષે વર્તે અથવા પ્રવૃત્તિમાર્ગને વિષે વર્તે તોપણ એનું નિર્ગુણ જ સ્વરૂપ છે.** જેમ નારદ ને સનકાદિક એ સર્વે નિવૃત્તિમાર્ગને વિષે પ્રવર્ત્યા અને સપ્તઋષિ તથા જનકાદિક રાજા એ સર્વે પ્રવૃત્તિમાર્ગને વિષે પ્રવર્ત્યા પણ એ સર્વેને ભગવાનના નિશ્ચય કરીને નિર્ગુણ જાણવા. અને જે **નિવૃત્તિમાર્ગને વિષે પ્રવર્ત્યા હોય ને જો ભગવાનનો નિશ્ચય ન હોય તો તેને માયિક ગુણે કરીને સગુણ જાણવા."**

આમ, ભગવાન સ્વામિનારાયણ સ્થિતપ્રજ્ઞ, ધર્મ, નિર્વિકલ્પ સમાધિ કે સગુણ-નિર્ગુણપણું સમજાવતી વખતે કેન્દ્રમાં ભગવાનના સ્વરૂપમાં દિવ્યતા, તેમનું બળ, તેમનો સંબંધ અને તેમનો જ નિશ્ચય રાખે છે.

વળી, શ્રીજીમહારાજે ગીતાનો એક શ્લોક વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૮માં ટાંકીને તેનો મૌલિક છતાં ખૂબ જ વ્યવહારુ અર્થ કર્યો છે :

'મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ।
મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ॥' (ગીતા-૧૫/૭)

એ શ્લોકનો અર્થ એ છે જે, 'આ સંસારને વિષે ભગવાનના અંશ જે જીવ છે તે તો મને સહિત જે પંચ જ્ઞાનઈન્દ્રિયો તેને પંચવિષય થકી ખેંચીને પોતાને વશ રાખે છે; અને જે ભગવાનના અંશ નથી તેને તો ઈન્દ્રિયો ખેંચીને જ્યાં પોતાની ઈચ્છા હોય ત્યાં લઈ જાય છે.'

ગીતાના આ શ્લોકમાં 'જીવ ભગવાનનો અંશ છે' તેનો અર્થ જુદા જુદા આચાર્યો પોતપોતાની તાત્ત્વિક માન્યતા અનુસાર જુદો જુદો કરે છે. એ તાત્ત્વિક અર્થઘટનો કરતાં ભગવાન સ્વામિનારાયણનો આ અર્થ કેટલો સચોટ છે !! આ પ્રકારના અર્થઘટનમાં ભગવાનના અખંડ સ્વરૂપમાં કોઈ પ્રકારનો દોષ પણ આવતો નથી, પ્રત્યેક સાધકને પોતાની સાધનામાં આ અર્થ ઉપયોગી

પણ છે અને છતાં ગીતાનું તાત્પર્ય પણ યથાર્થ જળવાઈ રહે છે.

'ભગવાન અચ્યુત છે, નિરંશ છે,' એવા શાસ્ત્રોક્ત તાત્પર્યને જાળવી રાખવા માટે એક શ્રુતિનો અર્થ પણ શ્રીહરિએ વિશિષ્ટ રીતે કર્યો છે. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૧માં નૃસિંહાનંદ સ્વામી શ્રીહરિને પૂછે છે : "હે મહારાજ! 'એકોઽહં બહુ સ્યાં પ્રજાયેય' એ જે શ્રુતિ તેનો અર્થ તેને જગતમાં જે કેટલાક પંડિત છે તથા વેદાંતી છે તે એમ સમજે છે જે, 'પ્રલયકાળને વિષે જે એક ભગવાન હતા તે જ પોતાની ઇચ્છાએ કરીને સૃષ્ટિકાળે સર્વે જીવ-ઈશ્વરરૂપે થયા છે.' તે એ વાર્તા તો મૂર્ખ હોય તેના માન્યામાં આવે ને અમારે તો તમારો આશરો છે એટલે એ વાતની ઘેડ બેસતી નથી. અને અમે તો એમ સમજીએ છીએ જે, ભગવાન તો અચ્યુત છે, તે ચ્યવીને જીવ-ઈશ્વરરૂપે થાય નહીં. માટે એ શ્રુતિનો જે અર્થ તે તો તમે કહો તો યથાર્થ સમજાય."

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ શ્રુતિનો અર્થ તો એ સર્વે કરે છે એમ નથી. એનો અર્થ તો બીજી રીતે છે, તે વેદસ્તુતિના ગદ્યમાં કહ્યો છે જે, 'સ્વકૃતવિચિત્રયોનિષુ વિશન્નિવ હેતુતયા તરતમતશ્ચકાસ્સ્ય નલવત્સ્વ-કૃતાનુકૃતિઃ' એનો અર્થ એમ છે જે, 'પુરુષોત્તમ ભગવાને પોતે કરી એવી જે નાના પ્રકારની યોનિઓ તેમને વિષે કારણપણે અંતર્યામીરૂપે કરીને પ્રવેશ કરીને ન્યૂનાધિકભાવે પ્રકાશ કરે છે.' આ વિગતને વિસ્તૃત રીતે સમજાવીને શ્રીહરિ કહે છે : "...એવી રીતે **એક પુરુષોત્તમ ભગવાન છે તે અંતર્યામીરૂપે કરીને એ સર્વેને વિષે પ્રવેશ કરીને રહ્યા છે, પણ જીવ-ઈશ્વરપણાને પોતે પામીને બહુરૂપે નથી થયા. એવી રીતે એ શ્રુતિનો અર્થ સમજવો.**"

વળી, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪માં 'અન્તે યા મતિઃ સા ગતિઃ' એ શ્રુતિને પણ ભગવાન સ્વામિનારાયણ મુમુક્ષુને પોતાની સાધનામાં સતત ધીરજ, બળ, શ્રદ્ધા અને વિશ્વાસ પ્રેરે એવી રીતે સમજાવે છે. મુક્તાનંદ સ્વામી આ વચનામૃતમાં પૂછે છે : "શ્રુતિમાં એમ કહ્યું છે જે, 'અન્તે યા મતિઃ સા ગતિઃ' એવી રીતે કહ્યું છે જે, અંતકાળે ભગવાનને વિષે મતિ રહે તો ગતિ થાય અને ન રહે તો ન થાય; એવો એ શ્રુતિનો અર્થ ભાસે છે. ત્યારે જે ભક્તિ કરી હોય તેનો શો વિશેષ છે?"

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ

છે તેને અંતકાળે સ્મૃતિ રહે અથવા ન રહે તો પણ તેનું અકલ્યાણ થાય નહીં, તેની તો ભગવાન રક્ષા કરે છે. અને જે ભગવાન થકી વિમુખ છે તે તો બોલતાં-ચાલતાં દેહ મૂકે છે તો પણ તેનું કલ્યાણ થાતું નથી અને મરીને યમપુરીમાં જાય છે. અને કેટલાક પાપી કસાઈ હોય તે બોલતાં-ચાલતાં દેહ મૂકે છે, અને ભગવાનનો ભક્ત હોય અને તેનો અકાળ મૃત્યુ થયો તે માટે શું તેનું અકલ્યાણ થશે? અને તે પાપીનું શું કલ્યાણ થાશે? નહીં જ થાય. ત્યારે એ શ્રુતિનો અર્થ એમ કરવો જે, **જેવી હમણાં એને મતિ છે તેવી અંતકાળે ગતિ થાય છે.** માટે તે જે ભક્ત છે તેની મતિમાં એમ રહ્યું છે જે, 'મારું કલ્યાણ તો થઈ રહ્યું છે,' તો તેનું કલ્યાણ અંતકાળે થઈ જ રહ્યું છે. અને જેને સંતની પ્રાપ્તિ નથી થઈ અને ભગવાનના સ્વરૂપની પણ પ્રાપ્તિ નથી થઈ તેની મતિમાં તો એમ વર્તે છે જે, 'હું અજ્ઞાની છું અને મારું કલ્યાણ નહીં થાય,' તો જેવી એની મતિ છે તેવી તેની અંતકાળે ગતિ થાય છે.''

પ્રત્યક્ષ ભગવાનને આશરે રહીને નિર્ભય થકા સાધના કરવાનું કેવું અદ્‌ભુત બળ આ અર્થઘટન આપી શકે તેમ છે!

સામાન્ય રીતે જ્ઞાનનો અર્થ થાય છે – 'જાણવું', પણ જ્યારે ભગવાનના સ્વરૂપને તત્ત્વે કરીને જાણવાની વાત આવે છે ત્યારે કેવળ શાસ્ત્રોના જ્ઞાન સુધી કે ઇન્દ્રિયો-અંતઃકરણના જ્ઞાન સુધી (ખાસ કરીને બૌદ્ધિક જ્ઞાન સુધી) મુમુક્ષુ અટકી જઈને પોતાની જાતને સંતુષ્ટ ન માની લે, તે માટે યથાર્થ જ્ઞાનની વ્યાખ્યામાં ભગવાન સ્વામિનારાયણે અનુભવનો પણ સમાવેશ કર્યો છે. તેઓ વચનામૃત લોયા પ્રકરણ ૭માં કહે છે : ''... માટે ભગવાનને તત્ત્વે કરીને સમજવા તે તો એમ છે જે, **ઇન્દ્રિયો, અંતઃકરણ તથા અનુભવ એ ત્રણે કરીને યથાર્થપણે પ્રત્યક્ષ ભગવાનને જાણે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય.** અને એ ત્રણ પ્રકારમાંથી જો એકે ઓછો હોય તો તેને આત્યંતિક જ્ઞાન ન કહેવાય ને તેણે કરીને જન્મ-મૃત્યુને પણ ન તરે. અને **કોઈ સાધને કરીને બ્રહ્મસ્વરૂપને પામ્યો હોય તે પણ જો પ્રત્યક્ષ ભગવાનને એવી રીતે ન જાણે તો તે પણ પૂરો જ્ઞાની ન કહેવાય.''**

શાસ્ત્રે કરીને પરોક્ષ ભગવાનને જાણવામાં કશી તકલીફ નથી, પરંતુ ભગવાન સ્વામિનારાયણની દૃષ્ટિએ તો પ્રત્યક્ષ ભગવાનને યથાર્થ જાણવા તે જ સાચા અર્થમાં જ્ઞાન છે. કારણ કે પ્રત્યક્ષ ભગવાનનાં ચરિત્રોમાં અનેક

પ્રકારના દોષ, મનુષ્યભાવ આવવાની શક્યતા વધુ રહે છે. તેથી ઉત્તમ પ્રકારના જ્ઞાનની વ્યાખ્યા કરતાં વચનામૃત લોયા પ્રકરણ ૧માં તેઓ કહે છે :

"...ઉત્તમ જ્ઞાનવાળાને તો એમ વર્તે જે, ભગવાનને ગમે તેવી શુભ-અશુભ ક્રિયાને કરતા દેખીને પણ તેમાં મોહ થાય નહીં ને નિશ્ચય જાય નહીં તથા જેણે પોતાનો નિશ્ચય કરાવ્યો હોય ને તે જ વળી કહે જે, 'એ ભગવાન નથી,' ત્યારે તેને એમ જાણે જે, 'એનું માથું ફર્યું છે.' **એવો જે હોય તેને ઉત્તમ જ્ઞાનવાળો કહીએ."**

વળી, ભગવાનનાં સ્વરૂપમાં - કાર્યમાં દિવ્યભાવ રાખવાની વાત તો શાસ્ત્રોમાં બીજરૂપે કહેલ છે, પરંતુ ભગવાન અને સંતમાં નિર્દોષભાવ-દિવ્યભાવ રાખવાથી, પોતે ગમે તેવા દોષવાળો હોય તોપણ નિર્દોષ થઈ જાય અને કદાચ કોઈ નિર્દોષ હોય, પણ ભગવાન કે સંતમાં દોષ પરઠવાથી પોતે તે દોષોથી ભરપૂર થાય છે, એવી તદ્દન નવીન વાત શ્રીહરિ નીચેનાં વચનામૃતોમાં સમજાવે છે...

પ્ર.૨૪ – "...જે **ભગવાનનું સ્વરૂપ છે તે તો માયા ને માયાના જે ગુણ તે થકી પર છે અને સર્વ વિકારે રહિત છે, પણ જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા ભાસે છે.** તે ભગવાનને વિષે જે અલ્પમતિવાળા છે તે જેવા જેવા દોષ કલ્પે છે તે ભગવાનને વિષે તો એક દોષ નથી, પણ કલ્પનારાની બુદ્ધિમાંથી એ દોષ કોઈ કાળે ટળવાના નહીં. તેમાં જે ભગવાનને કામી સમજે છે તે પોતે અત્યંત કામી થઈ જાય છે, અને જે ભગવાનને ક્રોધી સમજે છે તે પોતે અત્યંત ક્રોધી થઈ જાય છે, અને જે ભગવાનને લોભી સમજે છે તે પોતે અત્યંત લોભી થઈ જાય છે, અને જે ભગવાનને ઈર્ષ્યાવાન સમજે છે તે પોતે અત્યંત ઈર્ષ્યાવાન થઈ જાય છે, એ આદિક જે જે દોષ ભગવાનને વિષે કલ્પે છે તે તો જેમ 'સૂર્ય સામી ધૂડની ફાંટ ભરીને નાંખીએ તે પોતાની આંખમાં પડે છે,' તેમ **ભગવાનને વિષે જે જાતનો દોષ કલ્પે છે તે દોષ પોતાને દુઃખ દે છે. અને પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે."**

પ્ર.૫૮ – "...અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તો નિષ્કામી થાય અને જો મોટાપુરુષને વિષે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તોય પણ અતિશય કામી

થાય. અને મોટાને વિષે ક્રોધી-લોભીપણું પરઠે તો પોતે ક્રોધી-લોભી થાય. અને **જો મોટાપુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય.''**

પ્ર.૭૩ – ''...મોટાપુરુષને વિષે જે નિર્દોષબુદ્ધિ રાખે છે તે પોતે સર્વ દોષ થકી રહિત થાય છે અને જે મોટાપુરુષને વિષે દોષ પરઠે છે તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને કામાદિક શત્રુ તે સર્વે તેના હૈયામાં આવીને નિવાસ કરે છે.''

એવી જ રીતે, જેને ભગવાનમાં કોઈ પ્રકારનો કુતર્ક ન થાય (લો. ૪), જે ભગવાનને માયા પર સમજે (વર. ૫), અને જે અક્ષરધામમાં તથા પૃથ્વી પર રહેલા ભગવાનના સ્વરૂપને એક જ સમજે એટલે કે તે બંનેમાં લેશમાત્ર ફેર ન સમજે (પં. ૭) તો **તેને પણ માયાથી પર જાણવો;** એવું ભગવાન સ્વામિનારાયણ કહે છે.

વળી, શ્રીમદ્‌ભાગવત પુરાણના પ્રથમ સ્કંધમાં 'નૈમિષારણ્ય ક્ષેત્ર'ની વાત આવે છે. એની શ્રીધરી ટીકામાં સમજાવ્યું છે કે જ્યાં મનોમય ચક્રની ધારા કુંઠિત થાય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તેનો અર્થ સમજાવવા માટે શ્રીધરી ટીકામાં વાયુપુરાણની આખ્યાયિકા લખી છે. પરંતુ ભગવાન સ્વામિનારાયણ મનોમય ચક્ર, તેની ધારા અને તેમાંય ખાસ કરીને તો નૈમિષારણ્ય ક્ષેત્રનો તદ્દન વિશિષ્ટ અને સૌને ઉપયોગી એવો અર્થ કરતાં વચનામૃત સારંગપુર પ્રકરણ ૭માં કહે છે :

''મનોમય ચક્ર તે મનને જાણવું અને એની ધારા તે દસ ઇન્દ્રિયો છે એમ જાણવું. અને ઇન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિન-દિન પ્રત્યે વૃદ્ધિ પામે. **એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું...** એવું સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઇચ્છવું અને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું.''

અહીં નૈમિષારણ્ય ક્ષેત્ર માટે કોઈ એક જગ્યાનો નિર્દેશ કરવાને બદલે, સાચા એકાંતિક સાધુનો સંગ બતાવ્યો કે જેમના સમાગમથી જ સાચા અર્થમાં

ઇન્દ્રિયોની વૃત્તિઓ વિષય તરફથી પાછી વળે અને ભગવાનમાં જોડાય.

આમ, શાસ્ત્રોના શબ્દોના આવા સર્વોપયોગી અને વ્યવહારુ એવાં મૌલિક અર્થઘટનો હતા. હવે જે મૌલિક વ્યાખ્યાઓ કરી છે તેની એક આછી ઝલક આપણે જોઈએ.

૫.૨ મૌલિક વ્યાખ્યાઓ

શાસ્ત્રોના શબ્દોનાં મૌલિક અર્થઘટનોની સાથે સાથે આધ્યાત્મિક સાધના કરનાર સાધકને ઉપયોગી એવી જુદા જુદા પ્રકારની સમજૂતી અને વિભિન્ન મૌલિક વ્યાખ્યાઓ ખૂબ જ ટૂંકમાં અને સૂત્રાત્મક રીતે, છતાં સૌ કોઈને સમજાય તેમ સરળ રીતે સમજાવેલી છે.

જેમ કે –

- **માયા**

પ્ર.૧ – **"ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ."**

પ્ર.૩૪, પં.૩ – "...હેતરૂપી જ **ભગવાનની માયા છે."**

મ.૩૬ – "...ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત રહે છે **તે જ માયા છે."**

અં.૩૯ – "...દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિશે મમત્વબુદ્ધિ **એ જ માયા છે."**

- **મોહ**

મ.૧ – "...જ્યારે એને ગમતો વિષય હોય ને તેમાં ચિત્ત તણાતું હોય ને સંત તથા ગુરુ તથા પોતાના ઇષ્ટદેવ જે ભગવાન તે જો નિષેધ કરે તો તે ઉપર રીસ ચડે અને તેનો દ્રોહ થાય પણ તેનું વચન મનાય નહીં. એવું જેના અંતરમાં વર્તતું હોય **તેને મોહ કહીએ."**

મ.૫૩ – "શાસ્ત્રને વિષે જે મોહ કહ્યો છે તે મોહનું એ રૂપ છે જે, જ્યારે હૃદયને વિષે મોહ વ્યાપે ત્યારે એ જીવને પોતાનો અવગુણ તો સૂઝે જ નહીં. માટે પોતાનો અવગુણ ન સૂઝે **એ જ મોહનું રૂપ છે."**

- **સાચો ત્યાગી**

પ્ર.૧૪ – "**...ત્યાગી તો તે ખરો જે,** જેણે સંસાર મૂક્યો ને પાછી સંસારની વાસના રહે જ નહીં."

પ્ર.૩૬ – "**...જે ત્યાગી હોય તેને તો કચરો અને કંચન એ બેય બરોબર હોય અને** 'આ પદાર્થ સારું ને આ પદાર્થ ભૂંડું,' એવી તો સમજણ જ હોય નહીં અને એક ભગવાનને વિષે પ્રીતિ હોય તે જ **સાચો ત્યાગી છે.**"

પ્ર.૩૮ – "**સાચો ત્યાગી** કેને કહીએ? તો જે પદાર્થનો ત્યાગ કર્યો તેનો પાછો કોઈ દિવસ મનમાં સંકલ્પ પણ ન થાય. જેમ વિષ્ટાનો ત્યાગ કર્યો છે તેનો પાછો સંકલ્પ થતો નથી."

મ.૫૭ – "...પરમેશ્વર વિના બીજું જે જે પદાર્થ અધિક જણાય તેનો જે અતિશય ત્યાગ કરે તે **ત્યાગ ખરો છે;** અને તે પદાર્થ નાનું હોય અથવા મોટું હોય, પણ તેનો જે ત્યાગ કરવો તેનું જ નામ ત્યાગ કહેવાય. અને જે પદાર્થ ભગવાનના ભજનમાં આડું આવતું હોય તેને તો ન તજી શકે ને બીજો ઉપરથી તો ઘણો ત્યાગ કરે પણ તે **ત્યાગ વૃથા છે.**"

લો.૧૪ – "...એવી રીતે જે મનનો વિશ્વાસ ન કરે તેવો **ત્યાગ અમને ગમે છે.**"

- **પ્રીતિ-સ્નેહ**

પ્ર.૪૪ – "...ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે **એનું નામ સ્નેહ કહીએ.**"

કા.૧૧ – "...જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહીં. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે **એ પ્રીતિનું લક્ષણ છે.**"

મ.૫૬ – "...ભગવાનને વિષે **પ્રીતિ તો તેની જ સાચી** જે, જેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ જ ન થાય."

મ.૫૭ – "...જેને પરમેશ્વરને વિષે **પ્રીતિ હોય,** તેને તો પરમેશ્વર વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ ન હોય."

● મોટપ

પ્ર.૨૭ – "...એવી સામર્થીએ યુક્ત થકો પણ અન્ય જીવનાં માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થી છે; કાં જે, સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહીં, એવી રીતે ઝરણા કરે તેને **અતિ મોટા જાણવા.**"

પ્ર.૩૧ – "...**મોટ્યપ** તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તે ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે."

પ્ર.૩૮ – "...જેને મનમાં ભગવાનના ઘાટ થતા હોય ને જગતના ઘાટ ન થતા હોય તે આપણા સત્સંગમાં **મોટેરો** છે."

મ.૪૧ – "...માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં **અતિશય મોટો જાણવો.**"

મ.૬૧ – "...મોટેરાની તો એમ પરીક્ષા છે જે, ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે. અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે, 'તું પરમહંસ થા,' તો તે તત્કાળ પરમહંસ થાય. એવાં જેનાં લક્ષણ હોય, તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા વાંસે બેસે પણ તેને જ સર્વે **હરિભક્તમાં મોટેરો જાણવો.** અને જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તોય પણ તેમાં ફેર પડે નહીં અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દૃઢ કરીને રાખે, તે સર્વે **ત્યાગીમાં મોટેરો કહેવાય.**"

વર.૩ – "આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભગવાનની ભક્તિ એ ચાર વાનાં જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય; અને **આપણા સત્સંગમાં મોટો કરવા યોગ્ય પણ તે જ છે.**"

જેત.૧ – "... સંતને વિષે **શી મોટપ છે ? તે કહીએ છીએ જે,** દ્રવ્ય, પદાર્થે કરીને કે રાજ્યે કરીને તો કોઈ સંતને મોટપ નથી પણ સંતને તો મોટપ ભગવાનની ઉપાસના ને ભક્તિ તે વડે છે. ને બીજું, સંતને આત્મનિષ્ઠા છે તે **મોટપે મોટપ** છે."

જેત.૩ – "આપણા સત્સંગમાં શાસ્ત્ર ભણતાં આવડે તેણે કરીને કાંઈ મોટો નહીં. ત્યારે કોણ મોટો ? તો ચૌદ લોક પર્યંત તૃણ સમાન જાણે એવા

વૈરાગ્યની અવધિએ યુક્ત હોય; અને જેમ દેહને વિષે આત્મબુદ્ધિ છે તેમ પરમાત્મા જે પુરુષોતમ તેના સ્વરૂપની દઢતા સાક્ષાત્કાર બોધે યુક્ત હોય; ને સુષુપ્તિને વિષે જેમ જગતની વિસ્મૃતિ છે તેમ જાગ્રત અવસ્થાને વિષે જગતની વિસ્મૃતિએ યુક્ત વર્તે; એવો જે હોય તે **આપણા સત્સંગમાં મોટેરો છે.**"

સાધના કરતાં પ્રત્યેક સાધકને સતત નજર સમક્ષ રાખવા જેવી આ વિભિન્ન વ્યાખ્યાઓ અને સમજૂતી કેટલી અર્થસભર, સાર્થક, ઉપયોગી, સચોટ, સૂત્રાત્મક તથા સુગમ છે ?!

આવી જ રીતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, એકાંતિક ભક્ત, ખરો ભક્ત, પૂરો ભક્ત, પાકો ભક્ત, યથાર્થ ભક્ત, દઢ ભક્ત, અનન્ય ભક્ત, સાધુ, સંત, સત્સંગ, ખરો સત્સંગ, સંપૂર્ણ સત્સંગ, કુસંગ, નિશ્ચય, અડગ નિશ્ચય, પાકો નિશ્ચય, દઢ નિશ્ચય, માહાત્મ્યે જ્ઞાને સહિત નિશ્ચય, ઉપાસના, નિષ્ઠા, આશ્રય, મનુષ્યભાવ, દિવ્યભાવ, ઈર્ષ્યા, ક્રોધ, દ્રોહ, અંતર્દષ્ટિ, કુશાગ્રબુદ્ધિવાળો, અજ્ઞાની વગેરે અનેકાઅનેક શબ્દોની ખૂબ જ ટૂંકમાં, છતાં સચોટ વ્યાખ્યા આપી છે.

કોઈ પણ સાધક આવી સર્વોપયોગી વ્યાખ્યાઓ અને સમજણને પોતાની નજર સમક્ષ રાખીને તે પ્રકારે પોતાના જીવનમાં નિરીક્ષણ અને પરીક્ષણ દ્વારા, પોતાની સાધનામાં આવશ્યક સુધારા કરીને, પોતે ઉચ્ચતમ ધ્યેયને હાંસલ કરી શકે છે.

ભગવાન સ્વામિનારાયણે કરેલાં શાસ્ત્રોના મૌલિક અર્થઘટનો અને મૌલિક વ્યાખ્યાઓની સાથે સાથે તેમના સૂત્રાત્મક ઉપદેશની પણ આગવી અને અજોડ વિશેષતા છે. એમણે કોઈ પણ વિષયવસ્તુને સરળતાથી સમજાવવા માટે જેમ અતિ કઠણ શબ્દોનો ઉપયોગ નથી કર્યો, તેમ જ ઝાઝા શબ્દોનો પણ ઉપયોગ નથી કર્યો. કોઈ પણ વિષયવસ્તુના નિરૂપણની જેમ જેમ લંબાઈ વધતી જાય, તેમ તેમ ગ્રહણ કરવાની ક્ષમતા પણ ઘટતી જતી હોય છે. દરિયામાંથી મોતી મેળવવા જેમ કઠણ છે, તેમ અતિ વિસ્તારથી ભરેલી વાતોમાંથી જીવનોપયોગી સત્ત્વો ને તત્ત્વો શોધવાં એટલા જ કઠિન બની જાય છે. તેથી શ્રીજીમહારાજે કોઈ પણ મુદ્દાને સમજાવવા માટે નિરૂપણની લંબાઈ વધારી નથી. **ઉપદેશનો વિસ્તાર વધારીને શ્રોતાને નથી ભૂલા પાડ્યા કે નથી ગૂંચવ્યા. તેમને જે કાંઈ કહેવાનું હતું તે ઓછામાં ઓછા**

શબ્દોમાં સમજાવ્યું છે. આવશ્યક અને સાર્થક શબ્દોનો ઉપયોગ કરીને તેઓ પોતાના ઉપદેશમાં લાઘવતા અને સૂત્રાત્મકતા લાવી શક્યા છે. તેમ છતાં ઉપદેશની લાઘવતા અને સૂત્રાત્મકતાને લીધે ઉપદેશ જ અગ્રાહ્ય બની જાય એવું પણ થવા દીધું નથી. તેમણે સૌ કોઈને સહજતાથી સમજાય તે રીતે જ લાઘવતા અને સૂત્રાત્મકતાથી ઉપદેશ આપેલો છે.

૫.૩ સૂત્રાત્મક ઉપદેશ

પ્ર.૧ – "...ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી."

પ્ર.૧૪ – "...સંતનો સમાગમ મળ્યો છે તે તો મને પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યો છે."

પ્ર.૨૦ – "...જેને સત્સંગ થયો છે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે."

પ્ર.૨૭ – "...એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે."

પ્ર.૩૦ – "...જેને રજોગુણ સંબંધી મલિન ઘાટ ટાળવા હોય તેને મન-કર્મ-વચને નિષ્કપટપણે સત્સંગ કરવો."

પ્ર.૩૪ – "...જેટલું જે ભગવાનનું વચન લોપે છે તેટલો તેને ક્લેશ થાય છે."

પ્ર.૩૮ – "...મને કરીને નિર્વાસનિક રહેવું એ અમારો મત છે."

પ્ર.૪૪ – "...સત્પુરુષનો જે પ્રસંગ એ જ પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે."

પ્ર.૫૫ – "...જો મોટાપુરુષની સેવામાં ખબડદાર થઈને રહે તો એનાં પાપ બળીને ભસ્મ થઈ જાય."

પ્ર.૫૬ – "...ઈષ્ટદેવના બળ વિના તો કોઈ સાધન સિદ્ધ થતાં નથી."

પ્ર.૬૦ – "...વાસનારહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે."

પ્ર.૬૩ – "...તત્ત્વે કરીને ભગવાનનું સ્વરૂપ જાણ્યા પછી એને કાંઈ જાણવું રહેતું નથી... તત્ત્વે કરીને જે ભગવાનને જાણે તેને કાંઈ કરવું રહ્યું નથી."

સા.૫ – "...માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના

ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે.''

કા.૭ – ''...એવી રીતે પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે જે દૃઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહીએ.''

લો.૬ – ''જો દેહાભિમાનરૂપ દોષ છે તો તેમાં સર્વે દોષ રહ્યા છે ને તેનો ત્યાગ કરે તો સર્વે દોષનો ત્યાગ થઈ જાય છે.''

લો.૬ – ''...આત્મનિષ્ઠારૂપ એક ગુણ તે આવે તો સર્વે ગુણમાત્ર આવે છે.''

લો.૭ – ''...જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.''

મ.૪ – ''...જ્યાં સુધી વિષયનો લીધો લેવાય ત્યાં સુધી એ ભક્તે ભગવાનનો અલૌકિક મહિમા જાણ્યો જ નથી.''

મ.૫૧ – ''...સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.''

વર.૧ – ''...જે કલ્યાણને ઇચ્છે તેને તો મન સાથે જરૂર વૈર બાંધવું.''

અમ.૨ – ''...બ્રહ્મરૂપ થઈને જે પરમેશ્વરને ભજે તે જ શ્રેષ્ઠ છે.''

અં.૨૧ – ''...જે આત્મસત્તારૂપ થઈને ભક્તિ નહીં કરતા હોય તેનું રૂપ તો આ સત્સંગમાં ઉઘાડું થયા વિના રહે જ નહીં.''

પ્રત્યેક સાધકને પોતાની સાધનામાં સતત ઉપયોગી આવી સૂત્રાત્મક રત્નકણિકાઓ વચનામૃતના પાને પાને જોવાં મળે છે.

૯. વિષયોની સ્પષ્ટતા

વચનામૃત ગ્રંથમાં અનેક આધ્યાત્મિક વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમ કે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ જેવાં આધ્યાત્મિક તત્ત્વો અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ, ત્યાગ, સંયમ, સેવા, સત્સંગ, શ્રદ્ધા, વિશ્વાસ, બંધન, મુક્તિ, કર્મસિદ્ધાંત, પુનર્જન્મ વગેરે આધ્યાત્મિક વિષયોનું નિરૂપણ ખૂબ જ ટૂંકમાં, છતાં નિ:સંદિગ્ધ અને યથાર્થપણે કરવામાં આવ્યું છે. શ્રીજીમહારાજે ખાસ કરીને તાત્ત્વિક સમજણમાં કોઈનેય કોઈ પ્રકારની ગેરસમજણ કે કચાશ ન રહી જાય તેનું ખૂબ જ ધ્યાન રાખ્યું છે. આ બધા તત્ત્વ-વિષયો વિષે શ્રીજીમહારાજે ક્યારેક કોઈકને પ્રશ્નો પૂછીને તેમની

સમજણમાં રહેલી કચાશ જાણીને તે દૂર કરી છે. અથવા તો ક્યારેક તે તત્ત્વોના સ્વરૂપ-નિરૂપણમાં જે પ્રકારની ક્ષતિઓ રહી જવાની સંભાવના હોય, તેનું સ્પષ્ટચિત્ર રજૂ કર્યું છે. કેટલીક વાર પરમહંસો-હરિભક્તોએ ધાર્મિક સમાજમાં આ તત્ત્વો વિષે પ્રવર્તતી ગેરસમજણો વિષે શંકા અને પ્રશ્ન ઉપસ્થિત કરીને ભગવાન સ્વામિનારાયણ પાસેથી સાચું માર્ગદર્શન મેળવ્યું છે.

સમગ્ર વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ અને વિદ્વાન પરમહંસોના જુદા જુદા દૃષ્ટિકોણથી પુછાયેલા આવા પ્રકારના અનેક પ્રશ્નો, અને શ્રીજીમહારાજે આપેલા તેમના યથાર્થ ઉત્તરોથી પ્રત્યેક તત્ત્વ યા વિષયનું ખૂબ જ સ્પષ્ટતા અને ઊંડાણપૂર્વક યથાર્થ નિરૂપણ થયેલું છે.

અહીં એક સ્પષ્ટતા કરવાની રહે છે કે કોઈ પણ તત્ત્વ કે વિષયનું સંપૂર્ણ નિરૂપણ એક સાથે એક જ વચનામૃતમાં કે સળંગ બે-ત્રણ વચનામૃતમાં કરવામાં આવ્યું નથી. એનું કારણ એમાં અપનાવેલી પ્રશ્નોત્તર-શૈલી છે. અગાઉ જણાવ્યા પ્રમાણે વચનામૃત ઉપાસ્ય અને ઉપાસકો વચ્ચેની અધ્યાત્મ ગોષ્ઠિ છે, પ્રશ્નોત્તરી રૂપે અપાયેલું અધ્યાત્મ માર્ગદર્શન છે. જેને, જ્યારે, જ્યાં, જે ન સમજાયું તે પૂછ્યું છે, ને શ્રીજીમહારાજે જે તે વ્યક્તિની યોગ્યતા અને ક્ષમતા પ્રમાણે ઉત્તરો આપ્યા છે. તેથી પ્રત્યેક આધ્યાત્મિક તત્ત્વ અને વિષયને લગતા અનેક પ્રશ્નો જુદાં જુદાં સ્થળે, જુદા જુદા સમયે, જુદી જુદી વ્યક્તિઓએ પૂછેલા હોવાથી, તેમના ઉત્તર રૂપે જે તે વિષયનું નિરૂપણ સમગ્ર વચનામૃત ગ્રંથમાં પથરાયેલું જોવા મળે છે. અધ્યાત્મના ગહન વિષયને શનૈઃ શનૈઃ અર્થાત્ ધીમે ધીમે સમજાવવાની અને પચાવવાની આ એક વિશિષ્ટ પ્રકારની પદ્ધતિ છે. કોઈ પણ એક તત્ત્વ વિષે પ્રાપ્ત કરેલી અમુક સમજ દૃઢ થયા પછી જ તેના વિષે વિશેષ સમજણ આપવામાં આવે, તો જ જે તે વિષયનું જે તે વ્યક્તિને સર્વાંગે સંપૂર્ણ જ્ઞાન દૃઢ થઈ શકે અને એ માર્ગે પોતાની ક્ષમતા પ્રમાણે ચાલી શકે.

સામાન્યતઃ કોઈ પણ વિષયના સંપૂર્ણ ઊંડાણથી તેનું બધું જ જ્ઞાન એકી સાથે અને એક જ સમયે સમજવું, દૃઢ કરવું અને જીવનમાં - વર્તનમાં ઉતારવું ઘણું કઠણ પડતું હોય છે. તેથી **વચનામૃતમાં આધ્યાત્મિક તત્ત્વો અને વિષયોને નિરૂપવાની ઉપરોક્ત શૈલી તત્ત્વોના પારને પામવા માટે સૌ કોઈને વધારે મદદરૂપ બની શકે તેમ છે.**

૭. જ્ઞાનને આચરણમાં મૂકવા માટે વ્યાવહારિક માર્ગદર્શન

આપણે જોઈ ગયા કે વચનામૃત ગ્રંથ તત્ત્વજ્ઞાનનો ગ્રંથ છે. બહુધા તત્ત્વજ્ઞાનની ચર્ચા કેવળ ચર્ચા ખાતર, વાદવિવાદ ખાતર કે બીજાને પરાજિત કરીને પોતાની વિદ્વત્તાનું અહમ્ વધારવા થતી હોય છે. ક્યારેક જિજ્ઞાસાના સંતોષ માટે જ આવાં તત્ત્વો વિષે પ્રવચનો કે નિરૂપણો થતાં હોય છે, અને એ જ માટે શ્રોતાઓ સાંભળતા હોય છે. એમને એ તત્ત્વજ્ઞાનને પોતાના દૈનિક કે વ્યાવહારિક જીવનમાં આત્મસાત્ કરીને જીવન સાર્થક કરવાની મહેચ્છા હોતી જ નથી. વચનામૃતની વાત આનાથી તદ્દન નોખી છે. અહીં તો વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન સ્વામિનારાયણને શ્રોતાઓનું કલ્યાણ કરવું છે, અને શ્રોતાને પણ પોતાનાં અનંત બંધનો તોડીને મુક્ત થવાની એકમાત્ર કામના છે. તેથી **ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં તત્ત્વોના નિરૂપણની સાથે સાથે તે તત્ત્વજ્ઞાનનો વ્યવહારુ ઉપયોગ પણ સમજાવ્યો છે.**

શાસ્ત્રોમાંથી જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરીને કેવળ તે વિષયક નથી પ્રવચનો કરવાનાં કે નથી ગ્રંથો લખવાના, પણ તે જીવનમાં ઉતારવાનું છે. ભગવાન સ્વામિનારાયણનો તે સ્પષ્ટ હાર્દ જણાય છે. તેઓ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮માં કહે છે : "મારા મનમાં તો એમ થાય છે જે વાત ન કહું, પણ તમે અમારા છો માટે જાણીએ છીએ જે કહીએ જ. અને **આ વાત છે તેને સમજીને તે જ પ્રમાણે વર્તે તે જ મુક્ત થાય છે અને તે વિના તો ચાર વેદ, ષટ શાસ્ત્ર, અઢાર પુરાણ અને ભારતાદિક ઈતિહાસ તેને ભણવે કરીને તથા તેના અર્થને જાણવે કરીને અથવા તેને શ્રવણે કરીને પણ મુક્ત થાય નહીં."**

જ્ઞાન લક્ષ્યાર્થ ન બને, જીવનમાં ન ઊતરે, ત્યાં સુધી તે કેવળ બુદ્ધિનો ભારરૂપ વ્યાયામ જ છે. તેથી ભગવાન સ્વામિનારાયણ આ તત્ત્વજ્ઞાનને જીવનમાં ઉતારવાનું સૂચવે છે. એટલું જ નહીં, પણ તેના વ્યવહારુ ઉપાયો પણ બતાવે છે. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં જ્ઞાનની આવશ્યકતા શી છે? તે સ્વરૂપોનાં યથાર્થ જ્ઞાનથી વ્યક્તિગત સાધનામાં શો લાભ થાય છે, અને ન જાણવાથી શી ખોટ છે? આ બધું વિગતે સમજાવીને **આ તત્ત્વનું જ્ઞાન કેવળ વાચ્યાર્થ જ ન રહે, પરંતુ જીવનમાં આત્મસાત્ થાય તે માટે**

મુમુક્ષુઓની વિવિધ કક્ષા પ્રમાણે વિભિન્ન વ્યવહારુ ઉપાયો પણ ભગવાન સ્વામિનારાયણે સમજાવ્યા છે.

સમગ્ર વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે અધ્યાત્મવિદ્યાના બાલ-મંદિરથી માંડીને પીએચ.ડી. સુધીના બધી જ કક્ષાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. જે મુમુક્ષુ જ્યાં ઊભો હોય ત્યાંથી આગળ વધવા માટે તેને આવશ્યક માર્ગદર્શન તેમાંથી મળી શકે તેમ છે. આપણે આગળ જોઈ ગયા છીએ કે ભગવાન સ્વામિનારાયણની સમક્ષ જુદી જુદી કક્ષા અને સ્થિતિના મુમુક્ષુ હતા તેમણે જુદા જુદા સમયે, જુદા જુદા વિષયના અનેક પ્રશ્નો પૂછ્યા છે, અને શ્રીજીમહારાજે તેમની સ્થિતિ જાણીને એક જ પ્રશ્નના જુદા જુદા ઉત્તરો અથવા જુદા જુદા પ્રશ્નોના એક સરખા ઉત્તરો આપ્યા છે.

વળી, વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે સાધનાનો સમન્વયાત્મક સાધનામાર્ગ સમજાવ્યો છે. નિશ્ચય, નિષ્ઠા, ઉપાસના, આશરો, મહિમા, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ, ત્યાગ, સંયમ, શ્રદ્ધા, વિશ્વાસ, સેવા વગેરેમાંથી જ્યાં, જેને, જ્યારે, જેટલા પ્રમાણમાં જે કાંઈ જરૂરી હોય, તે પ્રમાણે તે બધાંનો સમન્વય કરીને સમજાવ્યું છે; જેથી કોઈ મુમુક્ષુ કોઈ એક જ સાધનના રવાડે ન ચડી જાય.

ટૂંકમાં કહેવું હોય તો એટલું કહી શકાય કે **ભગવાન સ્વામિનારાયણ સમગ્ર વચનામૃતમાં ગહન તત્ત્વજ્ઞાનને જીવનમાં ઉતારીને જીવન સાર્થક કરવા માટે, જીવદશાથી બ્રહ્મદશા સુધીના સાધનામાર્ગનો સ્પષ્ટ નકશો દોરી આપ્યો છે.**

૮. સાધનામાર્ગે વિઘ્નોનું સ્પષ્ટ નિરૂપણ

શાસ્ત્રો એ માણસ માટે દૈનિક જીવનયાપનની નિયમાવલી છે. જેમ કોઈ મશીનને ઉપયોગમાં લેવા માટે તેની *'મેન્યુઅલ'* હોય છે. તેમ જીવનને શ્રેષ્ઠ રીતે જીવવા માટે શાસ્ત્ર એ કલ્યાણકારી મેન્યુઅલ છે. આ બાબતે વચનામૃત એક અદ્વિતીય મેન્યુઅલ સિદ્ધ થાય છે. વિશ્વભરના બધા ધાર્મિક ગ્રંથો અને વચનામૃતનો તુલનાત્મક તટસ્થ અભ્યાસ કરનાર કોઈ વ્યક્તિને વચનામૃતની આ વિશેષતા પણ જરૂર નજરે તરી આવશે. વચનામૃતમાં તત્ત્વજ્ઞાનની સાથે સાથે 'આ કરવું અને આ ન કરવું' એમ વિધિનિષેધનું તો

નિરૂપણ કર્યું છે, પણ સાધનામાર્ગનાં અનેક વિઘ્નોની પણ સ્પષ્ટ સમજણ આપી છે.

જીવદશાથી માંડીને બ્રહ્મદશા સુધી પહોંચનાર વ્યક્તિને સમગ્ર સાધના પંથમાં ક્યાં, ક્યારે અને કેવાં વિઘ્નો આવી શકે છે, તેનું શબ્દચિત્ર રજૂ કર્યું છે. એ વિઘ્નોનાં વિવિધ સ્વરૂપોને સમજાવીને તેમાંથી ઉગારવાના ઉપાયો પણ દર્શાવ્યા છે.

શ્રીજીમહારાજે બાહ્ય કુસંગ, સત્સંગનો કુસંગ, આંતરિક કુસંગ ઓળખાવીને તેનાથી બચતા રહેવા, દૂર રહેવા આગ્રહપૂર્વક જણાવ્યું છે. ખાસ કરીને ભગવાન અને સત્પુરુષમાં મનુષ્યભાવ અને ભગવાનના ભક્તોનો અભાવ, અવગુણ કે દ્રોહ સાધનામાર્ગનાં મોટાંમાં મોટાં વિઘ્નો છે. આ મનુષ્યભાવ કે અભાવ કોને, કેવી રીતે અને શા માટે આવે છે, તે તથા તે ન આવે તે માટેના અને આવ્યો હોય તો તેને ટાળવાના - જુદા જુદા મુમુક્ષુઓની સ્થિતિ અનુસાર - જુદા જુદા ઉપાયો બતાવ્યા છે.

એવી જ રીતે કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, ઈર્ષ્યા, અસૂયા, અહંકાર, આશા, તૃષ્ણા, દેહભાવ, વાસના, આસક્તિ, બરોબરિયાપણું, ભક્તો સાથે રીસ-આંટી કે વેરભાવ, રાગ-દ્વેષ વગેરે અનેક સ્વભાવો, દોષો, વિકારોનાં સ્વરૂપોનું તથા તેમનાથી ભક્તોને સાધનામાર્ગમાં થતા નુકસાનનું સ્પષ્ટ શબ્દોમાં આલેખન કર્યું છે. **આ સ્વભાવો ક્યાં, ક્યારે, કોને, કેવી રીતે નડી શકે છે અને સાધનામાર્ગમાંથી ભ્રષ્ટ કરી શકે છે, તેનું પણ નિરૂપણ કરીને, તેમાંથી મુક્ત થવા માટે, મુમુક્ષુઓની વિભિન્ન પાત્રતા અનુસાર જુદા જુદા ઉપાયો પણ બતાવ્યા છે.** વળી, સંતો-ભક્તોએ પણ આ માર્ગે ચાલતાં ક્યાં, કેવાં વિઘ્નો આવે છે તે જણાવીને એમાંથી મુક્ત થવાના ઉપાયો પૂછ્યા છે. અને શ્રીજીમહારાજે પણ જેમને જે વખતે, જેની જરૂર હોય તેવા ઉપાયો સૂચવ્યા છે. આમ, શ્રીજીમહારાજે વચનામૃતમાં કોઈ પણ મુમુક્ષુને માટે ઉપયોગી એવું નિર્વિઘ્ન સાધનામાર્ગનું અદ્‌ભુત માર્ગદર્શન આપ્યું છે.

ઉપસંહાર

અત્યાર સુધી આપણે વચનામૃતની બે વિશેષતાઓને સમજ્યા. વિશેષતા શબ્દમાં મૂળ વિશેષ શબ્દ છે. ન્યાયશાસ્ત્રમાં વિશેષ નામના પદાર્થનો સ્વીકાર

કરવામાં આવ્યો છે. આ વિશેષ જ દરેક તત્ત્વને બીજા તત્ત્વથી જુદાં પાડે છે. વચનામૃત ગ્રંથના સંદર્ભમાં પણ આપણે જોયું કે ઐતિહાસિકતા અને સાહિત્યિક વિશેષતાઓ વચનામૃતને અન્ય ગ્રંથો કરતાં વિશિષ્ટ બનાવે છે, અદ્વિતીય અને અનુપમ બનાવે છે.

પ્રસ્તુત પુસ્તકમાં વચનામૃતની આ બે વિશેષતાઓને વિવિધ દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયત્ન કર્યો. નિઃસંદેહ, આ બે વિશેષતાઓ ઊડીને આંખે વળગે એવી છે, છતાં વચનામૃતમાં કેવળ આ બે જ વિશેષતાઓ નથી; વચનામૃત ગ્રંથ તો આવી અનેક વિશેષતાઓથી સભર છે. વચનામૃત ગ્રંથની આવી દરેક વિશેષતા એક સ્વતંત્ર પુસ્તકની ગરજ સારે છે.

વસ્તુતઃ વચનામૃતની બધી જ વિશેષતાઓનો સ્રોત તો તેના ઉદ્‌ગાતા પરબ્રહ્મ સ્વામિનારાયણ છે. તેમની અનુભવપૂત વાણી તત્ત્વજ્ઞાનની સરળ અભિવ્યક્તિ છે, તેમનો આ ઉપદેશ પરમ નિઃશ્રેયસનો માર્ગ છે, તેમનું આ માર્ગદર્શન સાધનાનું સ્પષ્ટ નિદર્શન છે, તેમનાં આ માર્મિક વચનો સંશયોના ઉચ્છેદક છે, વચનામૃત સ્વરૂપે તે પરબ્રહ્મનું દર્શન, તેમની વ્યાખ્યાઓ, તેમની પરિભાષાઓ અને તેમનાં આ સૂત્રો યુગો સુધી વાચકોને પ્રેરણા આપતાં હતાં, આપી રહ્યાં છે અને આપતાં રહેશે.

પી. બી. વિદ્યાર્થી કહે છે : ‘‘આપણે નિઃશંકપણે કહી શકીએ કે વચનામૃત ધર્મ અને તત્ત્વજ્ઞાનના સાહિત્ય ક્ષેત્રમાં ખૂબ જ આગવું અને અગત્યનું સ્થાન ધરાવે છે. તેમાં આજના સમાજમાં પ્રવર્તમાન અનિષ્ટોને દૂર કરવા માટેના સચોટ અને સક્ષમ ઉકેલો – ઉપાયો છે. એની સાબિતી એટલી જ કે વચનામૃત દ્વારા લાખો માણસોનાં મન અને હૃદયમાં જીવનના આદર્શો પ્રત્યેની લાગણી જાગી છે, માનવતા માટેનો આદર્શ પ્રગટ થયો છે અને સંપ્રદાયના હજારો ભક્તો-સંતો સમાજની દુર્દશાને સુધારવા માટે જીવનોદ્ધારના કાર્યમાં વણથંભ્યા સતત લાગી રહ્યા છે.’’[૫૧]

– **પી. બી. વિદ્યાર્થી** (M.A., Ph.D.)

(તત્ત્વજ્ઞાનના અધ્યાપક, રાંચી યુનિવર્સિટી)

ભગવાન સ્વામિનારાયણનાં આ વચનોને અમૃત કહેવાય છે, એટલે કે જેનું ક્યારેય ક્ષરણ ન થાય એવા આ અક્ષર છે. સમયની ખસતી રેતની

---


૫૧. *New Dimesion in Vedanta philosophy;* part-1, pg-37.

જેમ યુગો આવશે અને જશે, પરંતુ આ અક્ષરો અનંતની અવિરત યાત્રા કરતા રહેશે. અસ્તુ.

સંદર્ભ-ગ્રંથ સૂચી

ક્રમ	પુસ્તકનું નામ	લેખક/સંપાદક	પ્રકાશન	આવૃત્તિ
૧.	श्रीमदन्नम्भट्टविरचितः तर्कसंग्रहः	सम्पादकः श्री शाश्वतानन्द झा.	चौखम्बा कृष्णदास अकादमी, वाराणसी	चतुर्थ, 2009
૨.	ભગવાન સ્વામિનારાયણ સમકાલીન લોકજીવન	શ્રી. બી. જે વાઘેલા	સ્વામિનારાયણ અક્ષરપીઠ	ચતુર્થ, Feb. 2011
૩.	ભારતીય દર્શનોની રૂપરેખા (ભાગ-૨)	સાધુ બ્રહ્મદર્શનદાસ	સ્વામિનારાયણ અક્ષરપીઠ	પ્રથમ, મે. 2007
૪.	સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ	સાધુ આદર્શજીવનદાસ	સ્વામિનારાયણ અક્ષરપીઠ	પ્રથમ, Aug. 2004
૫.	સ્વામિનારાયણ સંતસાહિત્ય	સંપાદકઃ રઘુવીર ચૌધરી	સ્વામિનારાયણ અક્ષરપીઠ	પ્રથમ, Feb.1981
૬.	વચનામૃત રહસ્ય (ભાગ-૧)	સાધુ બ્રહ્મદર્શનદાસ	સ્વામિનારાયણ અક્ષરપીઠ	ચતુર્થ, April 2002
૭.	Vachanamrut Handbook	Sadhu Mukund-charandas	Swaminarayan Aksharpith	Third, April 2007
૮.	શ્રીહરિવાક્યસુધાસિંધુ : એક અધ્યયન	સાધુ આત્મતૃપ્તદાસ	સ્વામિનારાયણ અક્ષરપીઠ	મે, 2010
૯.	શ્રીસ્વામિનારાયણ - ઉપનિષદ ભાષ્યમ્	સાધુ ભદ્રેશદાસ	સ્વામિનારાયણ અક્ષરપીઠ	ડિસે. 2009
૧૦.	શ્રીસ્વામિનારાયણ - બ્રહ્મસૂત્ર ભાષ્યમ્	સાધુ ભદ્રેશદાસ	સ્વામિનારાયણ અક્ષરપીઠ	મે. 2009
૧૧.	શ્રીસ્વામિનારાયણ - ગીતા ભાષ્યમ્	સાધુ ભદ્રેશદાસ	સ્વામિનારાયણ અક્ષરપીઠ	જાન્યુ. 2012
૧૨.	શ્રીસ્વામિનારાયણસિદ્ધાંતસુધા	સાધુ ભદ્રેશદાસ	સ્વામિનારાયણ અક્ષરપીઠ	જૂન 2017
૧૩.	New Dimensions in Vedanta Philosophy	H. T. Dave, John Carmen	Swaminarayan Aksharpith	April 1981

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019 200

વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્‌ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઉતારીએ...

સ્વામિનારાયણ
BAPS

Vachanamrut Ni Visheshatao USD 0.50
1 5 5 3 5
B G 3 5 3
ISBN. 978-81-7526-923-1